
પ્રેમાનંદ આખ્યાન શ્રેણી

# ચંદ્રહાસ-આખ્યાન




સંપાદક

## પ્રવીણ કુકડિયા

એકત્ર ફાઉન્ડેશન

# પ્રેમાનંદ કૃત

# ચંદ્રહાસ-આખ્યાન



સંપાદક

**પ્રવીણ કુકડિયા**

# ચંદ્રહાસ-આખ્યાન


સંપાદક

પ્રવીણ કુકડિયા

પરામર્શક અને શ્રેણીસંપાદક

રમણ સોની


## ક્રમ


પ્રસ્તાવના

કવિ-પરિચય : પ્રેમાનંદ

કૃતિપરિચય : ચંદ્રહાસ-આખ્યાન

સંપાદક-પરિચય

હસ્તલિખિતનું મુદ્રિત રૂપ

કાવ્યકૃતિ ચંદ્રહાસ-આખ્યાન TEXT

૦

ચંદ્રહાસ-આખ્યાન આસ્વાદ-સમીક્ષા

આખ્યાન-કાવ્યનું સ્વરૂપ અને વિકાસગતિ

પ્રેમાનંદ : સમય, જીવન અને સર્જન

## પ્રાસ્તાવિક : શ્રેણી-સંપાદક

આ સંપાદન-શ્રેણી સમર્થ મધ્યકાલીન કવિ પ્રેમાનંદનાં, પહેલે તબક્કે પાંચ આખ્યાનોને ઈ-શ્રેણી રૂપે પ્રગટ કરે છે. જુદાજુદા અભ્યાસી સંપાદકોએ એનું સંપાદન સંભાળ્યું છે અને એમની વિશેષતાઓ એમાં પરોવાઈ છે. પરંતુ, એ સાથે જ, એની રજૂઆતને એક ઘાટ આપવા માટે એનું પરિરૂપ સમાન રાખ્યું છે. શ્રેણી-સંપાદક તરીકે, દરેક આખ્યાનને સર્વસામાન્યરૂપે લાગુ પડે એવા કેટલાક લેખન-અંશો મેં તૈયાર કરીને સામેલ કર્યા છે.

આ આખ્યાનોના દરેક સંપાદકે– (૧) વિવિધ મુદ્રિત વાચનાઓને સંકલિત કરીને એક સુગમ વાચના તૈયારકરી છે, (૨) દરેક કડવાને આરંભે ટૂંકી પ્રવેશક નોંધો મૂકી છે, (૩) પ્રવેશક તરીકે સંક્ષિપ્ત કૃતિ-પરિચય આપવા ઉપરાંત (૪) આખ્યાન-કૃતિનો આસ્વાદલક્ષી અભ્યાસ પણ રજૂ કર્યો છે. એ રીતે આ સંપાદનો શાસ્ત્રીય ઉપરાંત સર્વગ્રાહી અને રસપ્રદ વાચન બન્યાં છે. **–શ્રે.**

## મધ્યકાલીન સાહિત્યનો વિશેષ

ગુજરાતીનો મધ્યકાળ એટલે અંગ્રેજ પ્રજા અને એમની સંસ્કૃતિનો સંપર્ક આપણને થયો એ પહેલાંનો – લગભગ ૧૮મી સદી પહેલાંનો સમય.

માનવસમાજનું રૂપ તો ત્યારે પણ આનંદ અને દુખ, રાગ અને દ્વેષ, ઉદારતા અને સંકુચિતતા, વેર અને મૈત્રી – એવાં વૃત્તિ અને વ્યવહારોવાળું હતું.

પરંતુ આવા માનવજીવન પર ધર્મનો પણ એક વ્યાપક પ્રભાવ હતો. અનેક સાધુ-સંતો, કથાકારો-કીર્તનકારો તરફથી પણ પ્રજાને ઈશ્વરભક્તિના સંસ્કારોનું પોષણ મળતું હતું. પદ-ભજન-કીર્તન-આરતીનાં ગાન તથા પુરાણીઓની કથાઓનું શ્રવણ લોકોના જીવનનો, એમનાં સુખ-શાંતિ-શ્રદ્ધાનો મહત્ત્વનો ભાગ હતાં.

પ્રાચીન સંસ્કૃતિના વારસારૂપ પંથો-સંપ્રદાયો પણ હતાં – શૈવ, વૈષ્ણવ, જૈન, ઈસ્લામ, વગેરે. પરંતુ દરેક પોતપોતાનો ધર્મ પાળે એવો સમ-ભાવ હતો

એ સમય ગુજરાતી ભાષામાં નરસિંહ અને મીરાં, પ્રેમાનંદ અને અખો, સમયસુંદર અને રવિસાહેબ, શામળ અને દયારામ, સહજાનંદી સાધુ-કવિઓ અને મુસ્લિમ-ખોજા કવિઓ, દલિતવર્ગી કવિઓ અને સ્ત્રી કવિઓથી રળિયાત હતો. આશરે ૧૪મી-૧૫મી સદીથી ૧૯મી સદીની અધવચ સુધી એ પ્રવાહ વહેતો રહ્યો.

આ ભક્ત કવિઓએ નર્યું ભક્તિગાન કે કથાગાન કર્યું ન હતું, એમને કવિતા અને કથાની પૂર્વકાલીન-તત્કાલીન પરંપરાઓનો તેમ જ સંસ્કૃત સાહિત્યની પરંપરાઓનો પણ પરોક્ષ ને ક્યાંક સીધો પરિચય અને સમજ હતાં. પોતાનું વિશિષ્ટ કવિકૌશલ પણ હતું. એથી બહુ તેજસ્વી અને પ્રતિભાશાળી સર્જકો એ સમયે પણ થયા જ છે. **–શ્રે.**

## કવિપરિચય : પ્રેમાનંદ

ઉત્તમ સર્જક સમયના કોઈપણ તબક્કે મળી આવે. એ રીતે પ્રેમાનંદ ૧૭મી સદીના એક પ્રતિભાવંત અને લોકપ્રિય ગુજરાતી સર્જક હતા.

એક કુશળ કથાકારની ને શબ્દમરમી કવિની એમ બેવડી શક્તિ એમનામાં હતી. કથન-પરંપરાનો ને પ્રાચીનકાવ્યો-કથાનકોની પરંપરાનો એમને પરિચય હતો. રજૂઆતની કળાની કોઠાસૂઝ પણ એમનામાં હતી. એક વ્યવસાયી કથાકાર તરીકે પોતાનાં આખ્યાનકાવ્યોને ગાયન-પઠન-અભિનયન એમ ત્રિવિધ રીતે રજૂ કરતા પ્રેમાનંદ એમના ભાવિક-રસિક શ્રોતા-સમુદાયને કથા-કવિતાનું રસપાન કરાવતાં એમને દિવસો સુધી લીન કરી શકતા હશે. જે રીતે આજની ટીવી-શ્રેણીઓમાં એના આકર્ષક ઘટના-અંશો(એપિસોડ્ઝ) રસપ્રદ પ્રસંગ આગળ અટકે ને પછીનો કથા-અંશ જોવા પ્રેક્ષકોને બેતાબ કરે એવી કુશળ-રસિક કથનશૈલી પ્રેમાનંદની પણ હતી.

પરંતુ પ્રેમાનંદે આવું લોક-રંજન જ કરેલું એમ નથી, એક પરિપક્વ કવિ અને કલ્પનાશીલ કથનકલાકાર તરીકે પ્રાચીન કથા-ઘટનાઓનું સારસત્ત્વ ગ્રહણ કરીને તથા પાત્રોનાં અંતરમાં ઊંડે ઊતરીને, પ્રસંગો-પરિસ્થિતિઓના ઝીણા મર્મો ઉઘાડીને, એમણે માનવ-ભાવનાની અને ઊર્મિની સૂક્ષ્મતાઓનો સ્પર્શ પણ કરાવેલો છે. જે રીતે માનવજીવન-વ્યવહારનો એમને બહોળો પરિચય હોવાનું જણાય છે, એવી જ રીતે માનવમનનાં વિવિધ સ્તરોને જોઈ શકનારી સર્જકદૃષ્ટિ પણ એમનામાં હતી. એથી આજે આપણી વિકસિત સાહિત્ય-રુચિને પણ, પ્રેમાનંદનાં આખ્યાનો પ્રસન્ન ને પ્રભાવિત કરી શકે છે.

એમણે રચેલાં ઘણાં આખ્યાનોમાં ઓખાહરણ (રચના ૧૬૬૭), સુદામાચરિત્ર(૧૬૮૨), મામેરું(૧૬૮૩), અને નળાખ્યાન(૧૬૮૬) વિશેષ મહત્ત્વનાં છે.

**–શ્રે.**

## કૃતિપરિચય : ચંદ્રહાસ-આખ્યાન –પ્રવીણ કુકડિયા

પ્રેમાનંદનું આ આરંભકાલીન આખ્યાન આજના વાચકોને પણ જકડી રાખનારું એની સર્જકપ્રતિભાનો પરિચય આપતું  આખ્યાન છે.

જન્મે રાજકુમાર છતાં, ચંદ્રહાસ નબળા ભાગ્યને લીધે શી રીતે અનાથ અને ગરીબ બની જાય છે અને સમય જતાં ભાગ્ય આગળથી પાંદડું હટતાં પાછો કેવો રાજપદ પામે છે એનું રસાળ આલેખન આ આખ્યાનમાં છે. ક્રૂર ધૃષ્ટબુદ્ધિ, અનાથ બાળ ચંદ્રહાસને અવગણે છે ત્યારે ‘આ બાળકની તું અવમાનના કરે છે, પણ એ ભવિષ્યમાં તારો જમાઈ બનશે’, એવી ગાલવ ઋષિની વાત સાંભળી ક્રોધે ભરાઈને વારંવાર તેને મારી નાખવાનાં કાવતરાં કરે છે પણ ભગવત-ભક્ત ચંદ્રહાસ કેવી રીતે ઊગરી જાય છે અને દરેક કાવતરાને અવળું પાડીને ઉચ્ચ પદ પામતો જાય છે તેનું રોચક વર્ણન છે. આખ્યાનની નાયિકા વિષયા પોતાના બુદ્ધિચાતુર્યથી ચંદ્રહાસને મોતના મુખમાં જતાં કેવી રીતે ઉગારી લે છે એનું વર્ણન પણ રોમાંચક છે. વિષયાના મુખે થયેલું ચંદ્રહાસના સૌન્દર્યનું વર્ણન પ્રેમાનંદની વર્ણનકલાનો સરસ નમૂનો છે.

આખ્યાનના તેરમા કડવામાં થયેલું વાડીનું વર્ણન ચિત્રાત્મક છે. વિવિધ વનસ્પતિનાં નામની અને વિશેષતાની જાણકારી પ્રેમાનંદની બહુમુખી પ્રતિભાનો ખ્યાલ આપે છે. ‘પુષ્પભારે વનસ્પતિ તે સર્વ વળી છે વંક મરોડ’માં પવનને કારણે લચી પડતાં ફૂલછોડનું ગતિશીલ ચિત્ર, અને ‘ચાતક હંસ ને મોર કોકિલા શબ્દ કરતાં હોય’ કહીને પક્ષીઓના આનંદ ટહુકારને પણ આપણી સામે ખડાં કરી દીધાં છે.

પ્રેમાનંદના વેગીલા કથનપ્રવાહમાં ભાવક તરીકે તણાવું આજે પણ આપણને ગમે છે તો એ કાળનાં શ્રોતાજનો કેવાં એકતાન થઈને પ્રેમાનંદનાં કથન, વર્ણન, ગાયન, લય, અભિનયને માણતાં હશે!

એવી રસાળ કૃતિમાં હવે પ્રવેશીએ :

## સંપાદક-પરિચય

સાહિત્ય અને શિક્ષણ એમ ઉભયક્ષેત્રે અધિકારપૂર્વક કલમ ચલાવનાર **પ્રવીણ કુકડિયા (૧૯૭૭)** પ્રતિબદ્ધતા અને અભ્યાસનિષ્ઠા સાથે કામ કરનારા શિક્ષક છે. હાલ સર્વોદય હાઇસ્કૂલ, ઉમરાળા (જિ. ભાવનગર)માં ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ગુજરાતી ભાષાના શિક્ષક તરીકે તે કાર્યરત છે. એ અભ્યાસકાળથી અને એ પછી શાળાશિક્ષણ સાથેસાથે પોતાનું અભ્યાસતપ સતત વધારતા રહ્યા છે. તેમની શિક્ષક તરીકેની સજ્જતાનો લાભ માતૃભાષા અભિયાન, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (GPSC), સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી કમિશન (CBSC) દિલ્હીને મળતો રહ્યો છે.

એમણે સાહિત્યક્ષેત્રે શુદ્ધ કળાકીય રસ-રુચિ કેળવ્યાં છે ને વિવેચક તેમજ સૂચિકાર તરીકે નામના મેળવી છે. અવારનવાર તેમના વિવેચન-લેખો, શિક્ષણવિષયક લેખો તે તે ક્ષેત્રનાં પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રસિદ્ધ થતા રહે છે. એમાં એમની અભ્યાસનિષ્ઠા અને ઝીણી દૃષ્ટિનાં દર્શન થાય છે. એમણે આપણા પ્રસિદ્ધ વિવેચન-સામયિક ‘પ્રત્યક્ષ’ના બધા જ – ૧૦૧ અંકોની શાસ્ત્રીય વર્ગીકૃત સૂચિ કરી છે. ‘અવલોક્ય’ (૨૦૨૧) એમનો પહેલો વિવેચનસંગ્રહ છે. એમાં એમની આગવી સૂઝ-સમજવાળું આકરું પણ સમતોલ કૃતિવિવેચન આપણને પ્રાપ્ત થાય છે. આવા વિવેચન દ્વારા ગુજરાતી સાહિત્યના સ્થગિત લાગતા સમીક્ષાપ્રવાહને ધબકતો કરવા તરફનો ઝોક દેખાઈ આવે છે. કેળવણી પ્રત્યેની પ્રતિબદ્ધતા એમના ‘સા વિદ્યા યા...’ (૨૦૨૧) પુસ્તકમાં પ્રતિબિંબિત થઈ છે.

આવા સંનિષ્ઠ અભ્યાસીનો રસ હવે મધ્યકાળના સાહિત્ય પરત્વે ઠર્યો છે ત્યારે એમની પાસેથી મધ્યકાળના સાહિત્યનો કોઈ સમગ્રલક્ષી સર્વગ્રાહી અને મૌલિક અભ્યાસ મળે તેવી અપેક્ષા...

**– જયંત ડાંગોદરા**

## હસ્તલિખિત સાહિત્યમાંથી મુદ્રિત સાહિત્ય
## અને આ ઈ-સંપાદન

પ્રાચીન-મધ્યકાલીન સાહિત્યની પહેલી પરંપરા તે ગાન અને શ્રવણની પરંપરા. પેઢી દર પેઢી એ ચાલતી રહેલી. એની સાથેસાથે એ હસ્ત-લિખિત રૂપે પણ આગળ ચાલતી રહેલી. એમ જૂનું સાહિત્ય હસ્ત-પ્રતોમાં સચવાતું રહ્યું.

કંઠ-પરંપરામાં આ ગીતો-ભજનો બીજી મંડળી સુધી ને પછી બીજી પેઢી સુધી જાય ત્યારે એમાં શબ્દો બદલાય, ક્યારેક ઉમેરાય. એ જ રીતે હસ્તપ્રતોની પણ જ્યારે સમય જતાં, બીજા લહિયાદ્વારા, નવી નકલ થાય ત્યારે એમાં પણ શબ્દો બદલાય, લેખનની ભૂલો થાય, ઉમેરા થાય, પંક્તિઓની વધઘટ સુદ્ધાં થાય! જ્યાં જુદું સંભળાય, ખોટું વંચાય ત્યાં ફેરફારો થાય જ.

એમ, (ટૂંકા કે લાંબા) એક જ કાવ્યનાં એકથી વધારે રૂપ મળે – એક જ કાવ્યની એકથી વધારે હસ્તપ્રતો મળે. અનેક કવિઓનાં કાવ્યોની આવી બહુસંખ્ય હસ્તપ્રત-પોથીઓ જૈન ભંડારોમાં ને પ્રાચ્ય વિદ્યાની વિવિધ સંસ્થાઓનાં ગ્રંથાલયોમાં સચવાયેલી છે.

એટલે, પ્રિન્ટિંગ પ્રેસ આવ્યું ત્યારે એ હસ્તપ્રતોને મુદ્રણ રૂપ આપતાં પહેલાં એના જાણકાર વિદ્વાનો, એક કૃતિની વિવિધ પ્રતોનો યોગ્ય અભ્યાસ કરીને એક મુખ્ય પાઠ(text) તારવે ને છોડી દીધેલા અન્ય પાઠો/શબ્દો ફૂટનોટ રૂપે નોંધે-સાચવે. એ સંશોધિત સંપાદન(critical text) પછી મુદ્રિત થાય
૦.

'ચંદ્રહાસ-આખ્યાન'નાં આવાં જે મહત્ત્વનાં સંપાદનો થયાં છે એ દરેકમાંના સ્વીકૃત પાઠો અને પાઠાન્તરો તપાસીને, કાવ્યમાંના લયની-ઢાળની-અર્થની સંવાદિતાને, એકવાક્યતાને તથા સુગમતાને ધ્યાનમાં રાખીને મેં સંકલિત કરેલા પાઠનું આ ઈ-સંપાદન કર્યું છે.

ઉપયોગમાં લીધેલાં સંપાદનોના સંપાદકો રમણ સોની અને પ્રસાદ બ્રહ્મભટ્ટનો હું ઋણી છું. –સંપાદક

# ચંદ્રહાસ-આખ્યાન : પ્રેમાનંદ

## કડવું ૧

[નારદ પાસેથી અર્જુન જાણે છે કે પોતાના અશ્વમેધના ઘોડાને ચંદ્રહાસનાં બાળકો લઈ ગયાં છે અને એ પોતને પણ હરાવી દેવાની ક્ષમતા રાખે છે, એવું જાણ્યા પછી અર્જુનને આવા બાળકોના પિતા એવા ચંદ્રહાસની કથા સાંભળવાની ઈચ્છા થાય છે. એટલે નારદ ચંદ્રહાસની કથા અર્જુનને સંભળાવે છે. એમ પહેલા જ કડવામાં પ્રેમાનંદ આપણને વિષયપ્રવેશ કરાવી આપે છે.]

### રાગ : કેદારો

પ્રથમ સમરું ગણપતિ, જયમ ટળે મારી દુર્મતિ;
જે હથી સરે મનોરથ મન તણો રે. ૧
સાહે કરો, માતા સરસ્વતી, હું બાળક કાંઇ લહેતો નથી;
સતી શારદા, સેવક છઉં તમ તણો રે. ૨

### ઢાળ

સાહે કરો, માતા સરસ્વતી, હું લાગું તમારે પાય;
નિજ ગુરુ કેરું ધ્યાન ધરતાં, ગ્રંથ ચાલતો થાય. ૩

વૈશંપાયન એણી પેરે બોલ્યા, સુણ જનમેજય રાજન;
અશ્વમેધની ઉત્તમ કથા છે, શ્રોતા-વક્તા ધન્ય. ૪

પાંડવે પરાક્રમ કીધું ઘણું, ક્રોધ ધરીને કાય,
શત કૌરવ સંઘારિયા, તે કુરુક્ષેત્રની માંહ્ય. ૫

પછે હસ્તિનાપુરમાં રાજ્યે બેઠા, કુંતીકુંવર જે ધર્મ;
પાંચાલીના મનોરથ પૂરી, પધાર્યા પરબ્રહ્મ. ૬

પણ યુધિષ્ઠિર અતિ દુઃખ પામ્યા, ઉપન્યો અંતર તાપ;
'એ રાજ્યને માથે ધિક્ પડો, સ્વજન માર્યાનું શિર પાપ.' ૭

એટલે આવ્યા વ્યાસમુનિ, પૂછ્યો પાપ ગયાનો ભેદ
પછે મહામુનિએ મહીપતિને મંડાવ્યો અશ્વમેધ. ૮

અશ્વની પૂંઠે રક્ષા કરવા, સંચર્યો અર્જુન;
પૂંઠે વૃષકેતુ પરવર્યો, વળી વીર પ્રદ્યુમન. ૯

વાટમાં જાતાં નીલધ્વજ ને હંસધ્વજ ભૂપાળ;
સુધન્વા ને સુરથ નામે, હણ્યા બંન્યો બાળ. ૧૦

મણિપુર નગ્રે અશ્વ આવ્યો, રાજ્ય કરે બભ્રુવાહન;
જેણે મહાબળિયા પારથનું, સામો મળ્યો કર્યું છેદન. ૧૧

પછે તુરી ત્યાં થકી પરવર્યો, સામો મળ્યો તુખાર;
તે તુરી તામ્રધ્વજે બાંધ્યો અર્જુનનો નિર્ધાર. ૧૨

રાય મયૂરધ્વજ મળ્યો આવી, કૃષ્ણને રહ્યો કર જોડ;
પછે વીરવર્માને દેશ આવી, સુભટ ઝૂઝ્યા ક્રોડ. ૧૩

એક હ્રદ આવ્યો જળ તણો, તે તરી ઉતર્યો વાજીન;
ત્યાંહાં આગળ રમતા હુતા, બે ચંદ્રહાસના તન. ૧૪

વડો પુત્ર પદ્માક્ષ નામે, એક મકરધ્વજ એહવું નામ;
તે અશ્વ અનુપમ દેખી, લઈ ગયો પોતાને ગામ. ૧૫

ત્યાંહાં પાંડવની સેના વિષે હવો તે હાહાકાર;
શ્રીકૃષ્ણ અર્જુન જ્યાં હુતા, ત્યાંહાં લાવ્યા સમાચાર. ૧૬

વાત સાંભળી સવ્યસાચીને ઊપન્યો અતિ ક્રોધ;
અશ્વની સંભાળ લેવાને, મોકલ્યા મહાજોધ. ૧૭

પણ પાર તે પામ્યા નહિ, કહ્યો કિરીટીને નકાર;
સાંભળીને સવ્યસાચી પામ્યા દુઃખ અપાર. ૧૮

વિચારીને વીનવ્યા અર્જુને ત્યહાં શ્રીકૃષ્ણ;
પારથ પછે પ્રભુજીને : 'કહો અશ્વ ગયાનું પ્રશ્ન.' ૧૯

વળતા વિશ્વંભર ઊચર્યા : 'સાંભળ, પાંડુકુમાર;
તારા તુરીને સંભાળ તાહાં, જો કોણ છે ઝાલણહાર.' ૨૦

એવું કહીને મૌન લીધું પ્રભુ શ્રીગોપાળ;
એવે સમે અંતરિક્ષ-મારગે અતિ હવું અજુવાળ. ૨૧

હરિગુણ ગાતા વીણા વાત આવ્ય નારદ ભગવાન;
નર-નારાયણ ઊભા થયા, આદરે દીધું માન. ૨૨

ત્યારે દેવર્ષિ એમ બોકિયા, અર્જુન દીઠો દીન :
'હે સાધુ શા માટે સૂનમૂન છો? મુખ થયું કાં ખિન્ન? ૨૩

પછે ગદ્‌ગદ કંઠે થઈને બોલિયા તે પારથ :
'મારા અશ્વ બંન્યો ગયા, તેથી ઉપન્યો અનરથ. ૨૪

સ્વર્ગ મૃત્યુ પાતાળ સઘળે, તમે જાઓ છો મુનિરાય;
જાણતા હો તો કહો મુને, મારા અશ્વ ગયાનો ઉપાય.' ૨૫

વળતા ઋષિ એમ ઊચરે; 'સાંભળ અતલિબલ અર્જુન;
'તારા તુરીને લઈ ગયા છે ચંદ્રહાસના તન. ૨૬

દેવ દાનવ યક્ષ કિન્નર, ત્રૈલોક્ય ટોળે થાય;
સહસ્ર વસા સતવાદી રાજા, કોણ ન જીત્યો જાય.' ૨૭

ઋષિજીનાં વચન સુણીને, અર્જુન બોલ્યો વાણ :
'તે ચંદ્રહાસનો મહિમા કહો મુજને, વીણાપાણ.' ૨૮

વલણ

'કહો વીણાપાણ, વેગે, સાન્નિધ્ય શ્રીગોવિંદ રે.'
ચંદ્રહાસનો મહિમા કહે કર જોડી પ્રેમાનંદ રે. ૨૯

## કડવું ૨

[નારદ અર્જુનને ચંદ્રહાસની કથા સંભળાવે છે. સુધાર્મિક રાજાને ઘેર ભગવાન શંકરના વરદાનરૂપે પુત્ર અવતરે છે. પણ જન્મને છ માસ થતાં જ રાજા અને રાણીનાં મૃત્યુ થાય છે. છ માસના બાળકને લઈ ધાઈ (દાસી) કૌન્તલ દેશ પહોંચે છે. અહીં ધાઈને સર્પ કરડતાં મૃત્યુ પામે છે અને બાળક ફરીથી નિરાધાર થઈ જાય છે.]

## રાગ : રામગ્રી

એણી પેરે બોલ્યા બ્રહ્માતન જી : સાંભળ સાધુ રાય અર્જુનજી,
એક અંગદ નામે દેશ કહેવાય જી, રાજ કરે ત્યાં સુધાર્મિક રાય જી. ૧

### ઢાળ

સુધાર્મિક રાજા રાજ્ય કરે, પણ પેટ નહિ સંતાન;
પુત્રને અર્થે રાજાએ, આરાધ્ય પંચવદન. ૨

મહાદેવ આવી ઊચર્યા : 'માગ માગ, મહીપતિ, વરદાન.'
પછે શંકર પાસે સુધાર્મિકે માગિયો એક સંતાન. ૩

'સ્વામી, મુજને કરી કરુણા, એક આપો પુત્ર સંતાન;
કરુણા કરો, મહાદેવજી, એ જ માગું છું વરદાન.' ૪

ત્યારે શિવ કહે : 'તારા કર્મમાં હે નથી સરજિત પુત્ર;
તું પુત્રનું સુખ દેખીશ નહિ; આગે ભાગે ઘરસૂત્ર.' ૫

વળતો રાજા બોલ્યો : 'જેહે હસે હોનાર;
સ્વામી, મુજને આપીએ, ઉઘડે વાંઝિયાં બાર.' ૬

ત્યારે શંભુ વળતા બોલિયા : 'જા, હશે પુત્ર નિર્વાણ;
પણ પુર તારું નહીં રહે' એમ કહે પિનાકપણ. ૭

મહારાજા મંદિર આવિયો, શંભુ થયા રે કૃપાળ;
ધાભી નામે પ્રેમદા, તેણીએ પ્રસવ્યો બાળ. ૮

સર્વ કો આનંદ પામ્યું, ઊઘડ્યું વાંઝિયા-બાર.
ખટ માસનો બાળક થયો, ભૂપતિ હરખ્યો અપાર. ૯

ત્યાં એક દિવસ અસુર આવિયા પાપી પડિયા ત્રુટી;
મધ્યરાતે માર્યો મહીપતિ, ને નગ્ર લીધું લૂંટી. ૧૦

પેલા બાળકને ધવરાવતી હુતી, સુધાર્મિકની દાસી;
રાજપુત્ર ત્યાહાંથી સંતાડ્યો, ધાવ છૂટી નાસી. ૧૧

રાતદિવસ તે હીંડે રામા, સુત સોતી સોડમાંહ્ય
કૌંતલ દેશ આવી ચઢી, ત્યહાં કુંતલ નામે રાય. ૧૨

ધૃષ્ટબુદ્ધિ નામે પુરોહિત છે, જેનો રાજસેનમાં ભાર.
વિશ્વ જીતી વશ કર્યું, મન વિષે મહા અહંકાર. ૧૩

તે ગામમાં દાસી ઠરી સુત સંગાતે નેટ;
દામણી થઈને ધંધો કરતી, દોહલે ભરતી પેટ. ૧૪

ખાંડવું દળવું અને દોહવું, કોનાં વાસીદાં કરતી;
કોનાં પાત્ર પખાળે, એઠાં કહાડે, કોનાં પાણી ભરતી. ૧૫

દિનદિન પુત્ર મોટો થયો, શેરીએ રમવા જાય;
લોક જાતાં જોવા રહે એ કુંવર કેરી કાય. ૧૬

શરીરે સુવર્ણ સરીખો સોભતો અતિ રંગ;
દાસી તે ભસ્મે કરી ઢાંકે કુંવર કેરું અંગ. ૧૭

એક દીન દાસીએ શયન કીધું, પુત્રને રાખી પાસ;
એહવે કોએક તેડવા આવ્યો વેહેવારિયાનો દાસ. ૧૮

‘ઊઠચ, ધાવ, ઉતાવળું છે વસ્ત્ર ધોયાનું કામ;
સ્વામી મારો તેડે તુજને, આપશે બહુ દામ.’ ૧૯

મધ્યરાત્રિયે ચાલી માનુની, સૂતો મૂકી બાળ :
લોભે તે કાંઈ પ્રીછ્યું નહિ, આવ્યો તેહનો કાળ. ૨૦

માર્ગ માંહે ઉતાવળે જાતાં પડ્યો હુતો મોટો નાગ,
પ્રેમદાએ પૃષ્ઠ ઉપરે અંધારે મૂક્યો પાગ. ૨૧

તતક્ષણ ઊછળી નાગ વળગ્યો, અંતર આણી રીસ;
ડંસી દાસી પડી પૃથ્વી, મુખે પાડી ચીસ. ૨૨

કંઠે તે બાઝી કાચકી, ને મુખે પડિયો શોષ;
ધાવ ઢળી ધરાણી વિષે ત્યારે ધાઈ મળિયા બહુ લોક. ૨૩

મરતી વેળા માનુની મુખથી બોલી વાણ :
‘મારા પુત્રને કો પાળજો એમ કહેતાં નીસર્યા પ્રાણ. ૨૪

**વલણ**

એમ કહેતાં ગયા પ્રાણ તેના, ભાગ્યની જે મંદ રે.
એ પુત્રની શી ગત થઈ, તે કહે ભટ પ્રેમાનંદ રે. ૨૫

## કડવું ૩

[આખા ગામમાં ભીખ માગી જીવન ગુજારતો આ બાળક એક દિવસ દેશના રાજા પુરોહિત ધૃષ્ટબિદ્ધિએ યોજેલા બ્રહ્મભોજનમાં બ્રાહ્મણો સાથે ભોજન લેવા બેસી જાય છે. ભોજન બાદ બ્રાહ્મણોને દક્ષિણા આપતો પુરોહિત બાળકને ભિખારી માની દક્ષિણા આપતો નથી, તેથિ ગાલવમુનિ ભવિષ્ય ભાખે છે કે તું  જેણે ભિખારી માને છે એ ભવિષ્યમાં તારો જમાઈ થશે. આ વાતથી ક્રોધે ભરાયેલો પુરોહિત બાળકને મારી નખાવવા મારાઓને બોલાવે છે.]

### રાગ : વેરાડી

નારદજી એમ ઊચરે : સુણ, પારથ, બલવંત;
પછે એ પુત્રની શી ગત થઈ, તેને રાખ્યો શ્રીભગવંત. ૧

વહાણું વાતાં જાગ્યો બાળક, મુખે બોલતો વાણી;
આંખ્યો ચોળતો ને અન્ન માગતો, માતા મૂઈ ન જાણી. ૨

સૂનું ભુવન જ્યારે પુત્રે દીઠું, નેત્ર ભરીને રોય;
આકુળ-વ્યાકુળ થાવા લાગ્યો; ઉત્તર ન આપે કોય. ૩

સાંભળી આવી સર્વ શ્યામા, પાસેનાં પાડોશી;
કો બાળકને પહુઆ આપે, ઘણાં વર્ષની ડોશી. ૪

કો કુંવરને કેડે ચઢાવી, લાગી આસનાવાસના કરવા;
'ઓ આવી જનેતા તારી, ગઈ છે પાણી ભરવા.' ૫

એણી પેરે તે સર્વે માનુનીએ, કુંવરને માંડ્યું વહાવું;
કોઈ પ્રેમદાએ દૂધ પાયું, કોએ આપ્યું ખાવું ૬

એમ રમતાં તે કુંવરના સુખે દિવસ જાતા;
બે સંવત્સર વહી ગયા, વીસરી ત્યાંહાં માતા. ૭

હીંડતાં ચાલતાં કુંવર મનથી લેતો હરિનું નામ;
એક દહાડે તેને વાટ માંહેથી જડિયા શાલિગ્રામ. ૮

તે હાથ ગ્રહી હૈયાશું ચાંપ્યા, સ્નેહ અતિશે આણ્યો.
સહુ બાળક સાથે રમવા લાગ્યો, સખા સુંદર જાણ્યો. ૯

એક વાર ત્યાંહાં ધૃષ્ટબુદ્ધે, જમાડ્યા મુનિજન,
તે બાળક સૌ મળતો તેડ્યો, રાંક જાણીને તન. ૧૦

પછે ઋષિજીની પૂજા કરવા ધૃષ્ટિબુદ્ધિ તે આવ્યો,
પુષ્પ દક્ષિણા હાથ માંહે, તે થાળ ભરીને લાવ્યો. ૧૧

પૂજા કરી પ્રધાન પરવાર્યો, દક્ષિણા આપતો મુઠ્ઠી વાળી,
પણ પંડિતની પંગત વિષેથી બાળક મૂક્યો ટાળી. ૧૨

એવે ગાલવ ઋષિ બોલ્યા, ભાળે પ્રાણી માત્ર :
'કાં મહારાજ, એને ટાળી મૂક્યો? હેતે પૂજો, છે પાત્ર. ૧૩

વિધિએ એમ લખ્યું છે, એહશું તારે સગાઈ;
વિષયા પુત્રીને એ પરણશે, તારો થાશે જમાઈ; ૧૪

એવાં ગાલવજીનાં વચન સુણીને પ્રધાનને લાગી ઝાળ;
મુનિમાત્ર મારીને કાઢ્યા, પછાડી પૂજાની થાળ. ૧૫

બીજા બ્રાહ્મણ દુઃખ પામ્યા : ‘કહોજી, અમારો વાંક.
દક્ષિણાનું જાન થયું, અમો કેમ જીવિયે રાંક?’ ૧૬

ગાલવ કહે : ‘તમે શું જાણો ? પુરોહિત છે પાપી.’
એવું કહીને સર્વ મુનિઓને ઘેરથી દક્ષિણા આપી. ૧૭

નારદ કહે : સાંભળ, પાર્થ, પછે પાપીને પ્રગટ્યો કાળ
‘મારી પુત્રીને અમર ઇચ્છે, તે કેમ પરણે ભિક્ષુક બાળ?’ ૧૮

એક ઠામ બેશી વિચાર્યું, ચંડાળ તેડાવ્યા ઘેર;
સાધુ સુતને મારવાને, આરંભી ત્યાહાં પેર. ૧૯

**વલણ**

આરંભી ત્યાંહાં પેર ધૃષ્ટબુદ્ધ દ્વેષ મનમાં ધર્યો રે.
કર જોડી કેહ પ્રેમાનંદ, પછે સાધુ સુત કેમ ઊગર્યો રે. ૨૦

## કડવું ૪

[ચાર મારાઓને આ બાળકને દૂર જંગલમાં લઈ જઈ મોતને ઘાટ ઉતારી માર્યાની કઈ નિશાની લાવવાનું કહે છે. મારાઓ બાળકને ફોસલાવી દૂર ઘનઘોર જંગલમાં લઈ જઈ તેને મારી નાખવાની તૈયારી કરે છે.]

### રાગ : વેરાડી

ધૃષ્ટબુદ્ધે તેડાવ્યા ચાંડાળ, હણવા સુધાર્મિકનો બાળ;
કહે : ‘પેલો દાસીનો તન, ચાંડાળ, તમે તેને કરો નિધન. ૧

એણી પેરે મારવો, ન થાયે જાણ, માર્યાનું કાંઈ લાવજો એંધાણ
આપીશ ધન ઉંચકાશે જેટલું, જો કારજ કરશો એટલું. ૨

આનંદ પામી અંત્યજ પળ્યા, હરિભક્તને વાટે જઈ મળ્યા.
વાહીને તેડ્યો બાળક વન, દીધી આશા : જમે છે મુનિજન.' ૩

બાળકને છે હરિનું ધ્યાન, તેડી ચાલ્યા ચારે અજ્ઞાન,
અઘોરવનતણી જંખજાળ, આરડે વણિયર, ફુંફવે વ્યાળ. ૪

ખડુ ખાબડાં પર્વત ખોહ, ગુફામાં ઘૂઘવે બહુ ઘોહ;
ભૂંડ ભૈરવ તણી પેર માંઝાર, દીસે પશુ વનમાં અપાર. ૫

ઉઝરડાયે અંગ! અતિ પામે ખેદ, શરીરથી ચાલ્યો પ્રસ્વેદ.
એક ઊંડુ સ્થાનક, જ્યાં ન મળે જંત, ત્યાં બાળક લઈ ગયા એકાંત. ૬

માંહે માંહે સામું જોઈ હસે, પાપી પહાણશું પાળી ઘસે;
તે દેખી બાળકને થયો વિચાર : 'મુને મારી લેશે નિર્ધાર.' ૭

પામ્યો દુઃખ જળનયણે ભરે, મુખે 'રામકૃષ્ણ' વાણી ઊચરે. ૮

**વલણ**

મુખે 'રામકૃષ્ણ' વાણી ઊચરે, સમર્યા શ્રીગોપાળ રે.
ભટ પ્રેમાનંદ કહે કથા, કેમ ઊગરિયો બાળ રે. ૯

## કડવું ૫

[મારાઓને છરીને પથ્થર પર ઘસતાં જોઈને બાળકને લાગે છે કે હમણાં મને મારી નાખશે, તેથી એ આર્તહૃદયે ભગવાનનું સ્મરણ કરવા લાગે છે.]

## રાગ : સામગ્રી

સાધુ સુતે સમર્યા હરિ ગરુવા શ્રીગોપાળ :
વહારે ચઢજો, વિઠ્ઠલા, દીનાનાથ દીનદયાળ. -સાધુ૦ ૧

સાહે કરો સેવકતણી, પ્રભુ સુંદર શ્યામશરીર,
બાલકબુદ્ધ નથી જાણતો, જાચ્યા શ્રી જદુવીર. -સાધુ૦ ૨

આગે ભીડ ભાંગી ભક્તની, ભોળા શ્રી ભગવંત,
દુઃખ ટાળ્યાં સર્વે દેવનાં, આણ્યો અસુરનો અંત. -સાધુ૦ ૩

અંબરીષ કરતો એકાદશી, આવ્યો અત્રિકુમાર;
શાપ ટાળ્યા સર્વે તેહના, લીધા દશ અવતાર. -સાધુ૦ ૪

પછે મચ્છરૂપે વેદ વાળિયા, અહો અશરણશરણ;
તમો વિશ્વંભર વહારે ચઢી, મુકાવી દાઢાગ્રેથિ ધરણ.-સાધુ૦ ૫

પ્રહ્લાદ પીડાથી રાખિયો, ધરી નરસિંહરૂપ.
વિદાર્યો નખે કરી, પાપી હરિણયકશિપુ ભૂપ. -સાધુ૦ ૬

વામનરૂપ થઈને વેગે છળ્યો બલવંતો બલિ રાજંન;
પ્રભુ થઈ રહ્યા પોળિયા, રાખ્યું જતું ઇંદ્રાસન. -સાધુ૦ ૭

કચ્છપરૂપે કૃષ્ણજી, તમે મથિયો મહાસમુદ્ર;
લક્ષ્મી કહાડ્યાં ત્યાં થકી, ટાળ્યું દેવનું દારિદ્ર. -સાધુ૦ ૮

પરશુરામરૂપે પુરુષોત્તમ, પાળ્યું તાતનું વચંન;
માત મારી તાતવચને, હણ્યો સહસ્રાર્જુન, -સાધુ૦ ૯

સાતમે રાક્ષસકુલ સંઘારવા અવતરિયા શ્રીરામ;
વાનરશું મૈત્રી કરી, ફેડ્યો રાવણનો ઠામ. -સાધુ૦ ૧૦

આઠમો અવતાર શ્રીકૃષ્ણનો, પાંડવના પ્રતિપાળ;
કંસાસુરાદિ પાપી હણ્યા, માર્યો તે શિશુપાળ. -સાધુ૦ ૧૧

હરિશ્ચંદ્રે સત્ય મૂક્યું નહિ, કાપતાં કામિનીનું માથ;
અવિનાશી અંતરિક્ષથી ઊતર્યા આવી ઝાલ્યો હાથ.-સાધુ૦ ૧૨

પાંચ વરસોનો બળિયો, જેનું ધ્રુવજી નામ;
દાસ જાણી પોતાતણો, આપ્યો અવિચળ ઠામ. -સાધુ૦ ૧૩

શું શયન કીધું, હો શ્યામજી, પ્રભુજી ગરુડારૂઢ?
જાગીને વેગે આવજો, દુઃખ પડિયું છે પ્રૌઢ. -સાધુ૦ ૧૪

ભક્તવત્સલ બિરદ તાહરું, રાખજો આ વાર;
સેવકને જો વિચારશો તો લાજશો લક્ષ્મી-ભરતાર.-સાધુ૦ ૧૫

ચતુર્ભુજ, તમો ચિત્તમાં, ચિંતવીને દુઃખ જોય;
તમ વિના ત્રૈલોક્યમાં નથિમાહરે કોય. -સાધુ૦ ૧૬

અલ્પ જીવ અવની વિષે, આકાશથી હું પડિયો;
મૃત્યુ પાન માહરા હાથમાં, ચાંડાલહાથે ચઢિયો. -સાધુ૦ ૧૭

હું મરણ પામ્યો, હો મહાવજી, 'માહરો' કોણ કહેશે?
મોટું દુઃખ મારા મન વિષે, માહરો સખો લહેશે.' -સાધુ૦ ૧૮

એવે નિદ્રાવશથી જાગિયો, કમળાનો જે સ્વામી;
પછે ચાંડાળના ચિત્ત વિષે, પ્રગટ્યા અંતરજામી. -સાધુ૦ ૧૯

**વલણ**

અંતરજામી પ્રગટ હવા ચાંડાળ કેરે મંન રે,
ભટ પ્રેમાનંદ એમ કહે : ક્યમ ઊગર્યો સુધાર્મિક તંન રે. -સાધુ૦ ૨૦

## કડવું ૬

[બાળકને ભગવત સ્મરણ કરતો જોઈને ક્રૂર એવા મારાઓના મનમાં દયાભાવ જાગ્રત થાય છે. એમને લાગે છે કે ધૃષ્ટબુદ્ધિ તો પાપી છે એના પાપનું ફળ આપણે શા માટે ભોગવીએ? આવો વિચાર કરતાં એ બાળકના ડાબા હાથે હાથે રહેલી છઠ્ઠી આંગળી કાપીને એને દૂર દૂર ચાલ્યા જવાનું કહે છે. રાજ્યમાં આવી રાજાને બાળકની આંગળી બતાવી બાળકને મારી નાખ્યાની સાબિતી આપે છે.]

**રાગ : કેદારો**

નારદજી એમ ઊચરે, પાર્થ વીર શ્રવણે ધરે;
શું કરે પાછે તે સાધુને રે. ૧

ચાંડાળ ચારે જોઈ રહ્યા, સુતને દેખી વિસ્મે થયા;
અંતર્યામી પ્રગટ હવા તેહને રે. ૨

**ઢાળ**

તેને પ્રગટ હવા અંતરજામી, આવી બેઠા શ્રી ભગવાન
દુષ્ટ ભાવ ગયો અધર્મીનો, ઊપન્યું અંતર જ્ઞાન. ૩

‘શ્યામાસુત સ્વજન મનોહર, આપણ તે ઉપર હિત કરીએ;
બાળક તો સર્વેને સરખો, નમાયાને શેં હણીએ?’ ૪

એક કહે : 'સાધુને મારીએ, પાપીને પમાડીએ હર્ખ;
એ કર્મ કીધે સાધુપ્રાણ લીધે, પડિયે કુંભીપાક નર્ક. ૫

બીજો કહે છે : 'મૂકો એહને, શું દુષ્ટ મળતાં દુષ્ટ થઈએ?
એ પુરોહિત પડશે નર્કમાં આપણ વૈકુંઠ જઈએ. ૬

ત્રીજો કહે : 'માર્યાની વાતે અંગ તપે છે મારું,
એ સાધુ સામું જુએ તેને હું આગળથી સંઘારું.' ૭

ચોથો ચતુર થઈને બોલ્યો : 'સાંભળો એક ઉપાય;
એ સુત ન મરે ને અર્થ સરે, દુષ્ટ નવ દુભાય. ૮

એંધાણ આપીએ અધર્મીને, એનું અંગ તમો કાંઈ કાપો;
અભડાયે નહિ માટે વેગળા રહીને પાળી આપો.' ૯

એવું કહીને કુંવરને છુરિકા કારમાં આપી;
જોતાં માંહે જમણા પગની છટ્ઠી આંગળી કાપી. ૧૦

જ્યાંહાં લગણ વધતી હતી, આંગળી પગ મોઝાર;
ત્યાંહાં લગણ બાળકને નહોતો, રાજ્ય તણો અધિકાર. ૧૧

ચાંડાલ ચારે વિસ્મે થયા, સુતની સામું જોઈ;
પીડા ન પામે અંતર વિષે, પગે વહેવા લાગ્યું લોહી. ૧૨

પછે અંત્યજ ઊઠીને ચાલ્યા, કહેતા ગયા એક વચન;
'નગર ભણી ન આવીશ, સાધુ જાજે બીજે વન.' ૧૩

એક મૃગ વાટે મુઓ હતો, તેનાં લોચન કાઢી લીધાં,
અન્યોઅન્યે કહેવા લાગ્યા : 'કારજ આપણાં સીધ્યાં.' ૧૪

જઈ પુરોહિતને પગે પડિયા, માગ્યાં આપ્યાં એંધાણ;
ધૃષ્ટબુદ્ધિ તે દેખી હરખ્યો, શાતા પામ્યો પ્રાણ. ૧૫

**વલણ**

શાતા પામ્યો પ્રાણ રે, ચાંડાળને ધન આપ્યું ઘણું રે,
પુરોહિતનું હરખ્યું મન જે, મિથ્યાવચન થયું મુનિ તણું રે. ૧૬

## કડવું ૭

[ઘોર જંગલમાં એકલાં પડેલા બાળકને વિલાપ કરતો સાંભળી બાળકની સાર-સંભાળ લેવા જંગલનાં પશુ-પક્ષી આવે છે. આ વનમાં શિકાર કરવા માટે આવેલા પુત્ર વિનાના કુલિંદ રાજાને બાળકના રડવાનો અવાજ સંભળાતા આવીને જુએ છે તો પાંચેક વર્ષના બાળકને જોઈ ભગવાને મને બાળક આપ્યો છે એમ માની પોતાના રાજમાં લઈ જાય છે.]

**રાગ : ચોપાઈ**

નારદ કહે : સાંભળ, અર્જુન, પાસે બેઠા છે જગજીવન
ત્યાં બાળક એકલો કરે વિલાપ, અંતર્ગત અતિ પામે તાપ. ૧

'રામ કૃષ્ણ' વાણી ઊચરે, રુદન કરે, જળ નયણે ભરે;
એવે વન વિષે આવી ચમરી ગાય, પૂંછે કરીને નાખે વાય. ૨

આવ્યા સુડા વનના કીર, ચાંચે ભરીને લાવ્યા નીર;
પંખી જાત સરવે ટોળે થયાં, પાંખે છાયા કરીને રહ્યાં. ૩

એવે મૃગ આવી એક ઊભો રહ્યો, સુતને દેખી વિસ્મે થયો;
મૃગ સ્વામિભાવ મન આણિયો, ચંદ્રમા પડિયો જાણિયો. ૪

એવી આશંકા મૃગે મન ધરી, ચાટ્યું રુધિર જીભે કરી;
ત્યાં આવ્યો કૌંતલ દેશનો રાય, કુલિંદ નામ તેનું કહેવાય. ૫

નવ નિધ અષ્ટ મહાસિદ્ધ ઘરસૂત્ર, પણ પેટ ન મળે એકે પુત્ર;
તે રાજા મૃગયા નીકળ્યો, મહાવનમાં એક મૃગલો મળ્યો. ૬

સારંગ ઉપર શર કર્યો સંધાણ, મૃગે જાણ્યું ‘મુઓ નિર્વાણ’;
મૃગ ભય પામી નાશી ગયો, પછે કુલિંદ કરંગ કેડે થયો. ૭

આગળ જાતાં મૃગ થયો અંતર્ધાન, ઊભો રાજા ને થયો મધ્યાહ્ન;
ભૂલ્યો ભૂપતિ નગ્રની વાટ, એટલે, થયો મનમાં ઉચાટ. ૮

એક વૃક્ષ તળે ઊભો ભૂપાળ,એવે રોતો સાંભળ્યો બાળ;
‘રામ કૃષ્ણ’ કહી કરે રુદન, સાંભળી રાજાએ વિમાસ્યું મન. ૯

જોવા અરથે અશ્વથિ ઊતર્યો, કુંવર ભણી કુલિંદ પરવર્યો;
રાજા આવતો દીઠો જેટલે, પશુપક્ષી નાઠાં તેટલે. ૧૦

અભ્રમાંથી ચંદ્ર દીસે જેમ, પક્ષી પરાં થયે કુંવર શોભે તેમ;
વાસવ વિરંચીનો અવતાર, એ નો હોયે મનુષ તણો કુમાર. ૧૧

તત્ક્ષણ રાય પાસે આવિયો, પ્રેમે પુત્રને બોલાવિયો :
‘કહે, કુંવર, કોણ છે તું જાત? કોણ પિતા? કોણ તારી માત?’ ૧૨

મહારાજાનાં સુણી વચન, વળતું બોલ્યો સાધુ જન;
‘માતા-પિતા મારે નથી કોય, આધાર એક અચ્યુતનો હોય.’ ૧૩

એવું સાંભળી હરખ્યો ભૂપાળ, મુને કેશવજી થયા કૃપાળ;
‘પરમેશ્વરે મુને આપ્યો કુમાર, ઊઘડ્યાં મારાં વાંઝિયાબાર.’ ૧૪

પછે સુતની કીધી આસવાસન, તેડી દીધું આલિંગન;
પ્રેમશું પુત્રને હ્દે ધર્યો, પહેરાવી વસ્ત્ર ને સાંતરો કર્યો. ૧૫

રાય અશ્વે થયો અસ્વાર, નરપતિ સાથે ગયો નગ્ર મોઝાર,
પાળા સેવક ધાયા પુર ભણી, રાણીને કહેવા વધામણી. ૧૬

રાણીને જઈ નામ્યું શીશ, ‘તમને તુષ્ટમાન થયા જગદીશ;
પાંચ વરસનો આપ્યો બાળ, ઓ લઈ આવે છે ભૂપાળ.’ ૧૭

**વલણ**

‘ભૂપાળ બાળકને લાવે, માતા,’ હરખ્યું રાણીનું મન રે.
કરે જોડી કહે ભટ પ્રેમાનંદ, સામી આવી સ્ત્રીજન રે. ૧૮

## કડવું ૮

[રાણી સહિત આખું રાજ્ય પાંચ વર્ષના બાળકને લઈ આવેલા કુલિંદ રાજાનું વાજતે ગાજતે સ્વાગત કરે છે. બાળકનું કુલકર્મ કરી જ્યોતિષ તેડાવી જન્મોતરી લખાવીને ચંદ્ર સમાન સુંદર મુખવાળા આ બાળકનું નામ ચંદ્રહાસ પાડવામાં આવે છે. પછી તેને ભણવા બેસાડે છે.]

### રાગ : રામગ્રી

ઋષિ નારદ બોલ્યા વાણીજી, તું સાંભળ, ગાંડીવપાણિજી;
સુતનો સમાચાર જાણીજી, પ્રેમે સંચરી સામી રાણીજી. ૧

### ઢાળ

શ્યામા ચાલી સુતને જોવા, સામગ્રી લીધી ઘણી;
સાથે તેડી સર્વ શ્યામા સાહેલિયો પોતા તણી. ૨

'સાંભળ્યું મેં સ્વપ્ન સરખું, પુત્ર લાવે છે પતિ,'
મનમાંહે મહાલી, સામી ચાલી, મળવાને મેધાવતી. ૩

વેહેવારિયા સર્વે સંચર્યા વહેલ સુંદર જોતરી;
નગ્રની નારી નિસરી બાહરી થાળ મોતૈયે ભરી. ૪

પાળે પાગે, અતિ અનુરાગે, માતા તે મળવા આવી;
અતિ પ્રેમ કીધો હૃદયાશું લીધો, મોતીડે સુતને વધાવી. ૫

શુભ લગ્ન શુભ નક્ષત્રે, શુભ તિથિ રવિવાર,
ગાજતે વાજતે ઘેર આવ્યો કુલિંદનો કુમાર. ૬

કુળકર્મ કીધું, દાન દીધું, ગીત ગાયે સર્વ સુંદરી,
મહારાજાએ જોશી તેડાવ્યા, લખવા પુત્રની જન્મોતરી. ૭

જન્મોતરી લખી બોલ્યા ઋષિ : 'મહા મહિમા બાળક તણો;
ભૂમંડળમાં ભૂપતિ ભાગ્યવંત થાશે કુંવર અતિઘણો. ૮

એનું વદન ચારુ સોમ સરખું, જાણે સોળ કળા પ્રકાશ;
હસી રહ્યું માટે નામ એહનું ધર્યું છે ચંદ્રહાસ.' ૯

વલણ

ચંદ્રાહાસ નામ સુતનું સુણી, રીઝ્યો રાય કુલિંદ રે,
પછે કોણ રીતે ભણ્યો કુંવર, કહે ભટ પ્રેમાનંદ રે. ૧૦

## કડવું ૯

[ભણવા બેઠેલા ચંદ્રહાસના ધર્મજ્ઞાનથી વિદ્યાર્થી અને ગુરુ પ્રભાવિત થાય છે. બાળકોને ચંદ્રહાસ કક્કો શીખવે છે. આ કક્કામાં મોક્ષ મેળવવા અને જીવનના રહસ્યને પામવા કેવી રીતે જીવન જીવવું એનો ભક્તિસભર માર્ગ ચંદ્રહાસ બતાવે છે.]

### રાગ : કલ્યાણી

મહારાજાએ વિમાસ્યું, દિન જોયો એક વારું;
પુત્રને ભણવાને કાજે ઘેર તેડાવ્યો અધ્યારુ. ૧

ત્યાં સોંપી આપ્યો પુત્રને ભણવાને ભૂપાળે;
અશ્વે થઈ અસવાર કુમાર ગયો ગુરુનિશાળે. ૨

ત્યાં ખડખડ હસિયો સાધુ દેખીને સઘળો સાથ;
'શું ભણો છો સર્વે, ભૂર મૂકી બ્રહ્માંડનાથ? ૩

તમો ગુરુ કરો ગોવિંદને, જેથી ન નિસરે વાંક;
નિર્મળ નામ નારાયણ ભણિયે, બીજો આડો આંક. ૪

ત્યારે નિશાળિયાએ મૂક્યું ભણવું, પાસે આવી સૌ બેઠા;
નિજ જ્ઞાન પ્રગટ્યું સૌ-હૃદયમાં, ભગવાન અંતરમાં પેઠા. ૫

નિશાળિયા પ્રત્યે ચંદ્રહાસ બોલ્યો, પ્રેમમધુરી વાણી :
'સાંભળો નિશાળિયાનો સાથ, નાથની કહું કાહાણી.' ૬

કરો નિર્મળ મુખકમલશું નેહ, દેહ છે કાચી;
ખોટી સંસારની રીત છે, પ્રીત પરબ્રહ્મશું સાચી. ૭

ગુણ ત્રણ રહિત વિશ્વરાય, જેને નારદજી નમે;
ઘર ઘર ગતિ ગહન ચલવે, ડૂલ્યો ભૂલ્યો બ્રહ્માજી ભમે. ૮

નરહરજીને વંદો રે ભાઈ, નંદો પુત્ર-પરિવાર;
ચૌદ ભુવનનો જે સ્વામી કા'વે, નવ લહે તેનો કો પાર. ૯

છૂટો માતાના ગર્ભપાશથી, અવિનાશી અંતર આણો,
જગમાં છે જગદીશ સાચો, અનુભવ એવો જાણો. ૧૦

ઝાંઝવાંનીર સંસાર વીરા, છે મૃગતૃષ્ણા જેવું,
નરહરજીનું નામ મુખે શત કામ મૂકી લેવું. ૧૧

ટાળો, ભાઈઓ, મનનો દ્વેષ, એક જાણો અવિનાશી;
ઠાલો એક ઠામ નથી નિશ્ચે, મુરારિ રહ્યો પ્રકાશી. ૧૨

ડગ ભરજો વિચારી મન, ન્યારી માયાની જાળ;
ઢુંકડું જાણો મૃત્યુ માથે, સત્ય નહિ મૂકે કાળ. ૧૩

રણે છૂટશો આ અવતાર, બીજી વાર ગર્ભે નહિ આવો;
ત્રણ લોકને માંહે શ્રેષ્ઠ વિષ્ણુ કોણે નથી વહાવો. ૧૪

થાવર જંગમ જેહ એહ રહ્યો વિસ્તારી;
દેવ વૃક્ષ દયાળ ડાળ ચાર કોર રહ્યો પ્રસારી. ૧૫

ધરો ધ્યાન તમે ઊંચે પાગ, મુખભાગ હેઠો રાખી;
નમો નીચા થઈ ગોપાળ, ડાળ દોરડું નાખી. ૧૬

પત્ર ત્યાંહાં ત્રિભુવનરાય છાય કરીને રહેશે;
ફળ સાટે મુક્તિનું દ્વાર ચતુર્ભુજ દેખાડી દેશે. ૧૭

પછે બંધ છૂટશે બાળકા, કાળ કર્મ નહિ દેખે;
ભમવું નહિ પડે આવળે કાગળ ચઢશે લેખે. ૧૮

મન મારી  કરો ચૂર શૂર શા માટે ન થઈયે?
યમુનાપતિ જગદીશ સાચો, રૂપ ભૂપ જેવું લહિયે. ૧૯

રાતો પીળો નથી રંગ, સંગ લક્ષ્મીનો જેને;
લેશે હરિનું નામ, ઠામ અવિચળ તેને. ૨૦

વામન રૂપ વૈરાટ, ચોઘાટ ચાલે જેનો;
સમરે તે તરે સંસાર, ભાર ન રહે કેનો. ૨૧

હરિ ખોળી લો રે મૂઢ, ગૂઢ અહમેવ મૂકી;
સંસાર ગયો સર્વે દુ:ખે, રખે ચાલતા રે ચૂકી. ૨૨

હરી મળે મોટો હર્ખ, નર્ક તકો રે નિવારે;
ક્ષમાએ મળે વિશ્વરાય, સંસારસમુદ્ર તારે. ૨૩

એ કહ્યું કક્કાનું જ્ઞાન, ભગવાને બુધ્યજ આપી.'
કર જોડી કહે પ્રેમાનંદ, ગોવિંદે દુર્મતિ કાપી. ૨૪

**વલણ**

'કાપી દુર્મતિ ગોવિંદે,' એમ કહે હરિજન રે;
સાધુસંગે નિશાળિયાને લાગ્યું રામશું લગન રે. ૨૫

## કડવું ૧૦

[ચંદ્રહાસે નિશાળિયા અને ગુરુ સમેત આખા રાજ્યને ભક્તિનો રંગ લગાડ્યો. આવા ભક્તિભાવવાળા ચંદ્રહાસે પછી પોતાના પરાક્રમથી આસપાસનાં રાજ્યો જીતી લીધાં. અને પોતાના રાજ્ય પર પ્રભુત્વ ધરાવનાર ધૃષ્ટબુદ્ધિને, પોતાના પિતાને અગિયાર વર્ષ સુધી ખંડણી ન આપવા દીધી. તેથી ખીજાઈને ધૃષ્ટબુદ્ધિ તેના રાજ્ય પર ચડાઈ કરે છે પણ એને યાચકોએ ખબર આપ્યા કે કુલિંદને પાંચ વર્ષનો પુત્ર વનમાંથી પ્રાપ્ત થયો હતો. મોટા થઈ એણે પોતાના પ્રરાક્રમથી આજુબાજુનાં રાજ્યો જીતી લીધાં છે ત્યારે એને ખ્યાલ આવે છે કે હું હવે બળથી એને પહોંચી શકીશ નહીં એટલે મનમાં સમસમી એને કપટથી મારી નાખવાની યુક્તિ વિચારતો ચડાઈ કરવાનું માંડી વાળીને ધૃષ્ટબુદ્ધિ કુલિંદના રાજ્યમાં આવે છે.]

**રાગ : મારુ**

નારદજી એમ ઊચરે : સુણ, હસ્તિનાપુર-રાજન રે;
ચંદ્રહાસ પ્રત્યે નિશાળિયાને અંતર ઉપન્યું જ્ઞાન રે. ૧

અધ્યારુ અમથો રહ્યો, કીધો ચંદ્રહાસનો સંગ રે;
પાટી-પાટલા પછાડ્યા પૃથ્વી, લાગ્યો રામ સંગાથે રંગ રે. ૨

ઢાળ

રામ સંગાથે રંગ લાગ્યો સર્વને અંતરમાંય;
સુતની વિદ્યા સાંભળીને હૈડે હરખ્યો રાય. ૩

હરિકીર્તન મંદિર મંદિર, મુખે કહે 'મહાવજી' નામ;
દેહદમન હરિભજન, વૈષ્ણવ કીધું બધું ગામ. ૪

એમ કરતાં પુત્ર પ્રૌઢ થયો, રાજરીત સર્વે લીધી;
પૃથ્વી ગઈ ધર્મના ધામમાં, દિગ્વિજે ત્યાંહાં કીધી. ૫

જીતી સર્વે વશ કીધા દેશદેશના રાય;
છત્ર ચામર ધન આપી લાગે કુલિંદને પાય. ૬

પછે ચંદ્રહાસે યજ્ઞ કરીને આપ્યાં ભિક્ષુકને દાન;
ભાટ ચારણ બંદીજન ગુણી સંતોખ્યાન રાજન. ૭

એહવે કૌંતલપુર વિષે પ્રોહિત ધૃષ્ટબુદ્ધિ જેહ;
એક દહાડે તે અહંકારી, અંતર વિચાર્યું એહ; ૮

'દેશદેશાંતરના રાજા જીતીને વશ કીધા;
છત્ર ચામર ધન લેઈને, દંડ તેહને દીધા. ૯

કૌંતલ દેશ તણો જે રાજા, કુલિંદ એવું નામ;
અગિયાર વરસ વહી ગયા, નથી અપ્યો એકુ દામ. ૧૦

વાંઝિયો થયો અહંકારી, હવે દેઉં એને શીખ,
નગ્ર એનું લેઉં લૂંટી, કરું માગતો ભીખ. ૧૧

એવું વિચારી મહારાજએ, સેન તત્પર કર્યું;
ફરફરે ધ્વજ ને હસ્તી હલકાર્યાં, દુષ્ટે દુંદુભિ દીધું. ૧૨

ધૃષ્ટબુદ્ધિ કહે જોદ્ધાને 'એનો દેશ કરો નરેડાટ.'
એહવે સમે સામા મળ્યા બંદીજન ને ભાટ. ૧૩

તેણે પુરોહિતની પાસે આવી ચંદ્રહાસ વિખણ્યો;
કુલિંદનો કુંવર મહાપ્રાક્રમી પછે પાપીએ જાણ્યો. ૧૪

ધુષ્ટબુદ્ધે બંદીજનને પૂછિયો સમાચાર :
'દાસ મારો વાંઝિયો હુતો કાંહાં થકો તેને કુમાર?' ૧૫

જાચક કહે : 'સાંભળિયે સ્વામી, કુલિંદ નામે રાજન;
એક દહાડે મૃગયા રમવા, નીસર્યો હુતો વન. ૧૬

સાંરગ વળતો ગયો નાસી, ઊભો રહ્યો ભૂપાળ;
આરત નાદે ધામણો સરખો રોતો સાંભળ્યો બાળ. ૧૭

કોયે કાપી આંગળી પગની, પુત્ર પૃથ્વી પડિયો;
ચંદ્રવદન જેનું તે કુલિંદને પુત્ર જડિયો. ૧૮

અશ્વથી ઊતરી રાજાએ તે બાળક હૃદયાશું લીધો.
વાંઝિયો ટાળ્યો વિશ્વંભરે, પુત્ર આપી પનોતો કીધો. ૧૯

તે રાજાએ આપિયું તેને સરવે રાજધાન;
પ્રથવી-તળમાં નવ મળે તે સરખો કો બળવાન. ૨૦

યજ્ઞ કરીને ચંદ્રહાસે આપ્યાં ભિક્ષુકને દાન;
તે પાસેથી અમો આવું છું, તમ પાસે રાજાન.' ૨૧

એવું સાંભળી પુરોહિતને અંતર અગ્નિ લાગ્યો;
સાંભર્યો દાસીનો નંદન, ભાલો હૃદેમાં વાગ્યો. ૨૨

**વલણ**

વાગ્યો ભાલો વહ્નિ લાગ્યો, પાપીના હૃદે વિકે રે;
'કાંઈ કપટે મારું એને, તો રાજ હું કરું સુખે રે.' ૨૩

## કડવું ૧૧

[કુલિંદ રાજા ક્રોધિત ધૃષ્ટબુદ્ધિને જોઈને ધ્રુજી જાય છે પણ ધૃષ્ટબુદ્ધિ ક્રોધ ગળી જઈ તેની સાથે સારો વ્યવહાર કરે છે. પણ હવે કપટથી મરાવી નાખવા પોતાના દીકરા મદનના હાથે ઝેર આપવાના લખાણવાળી ચિઠ્ઠી લઈ ખુદ ચંદ્રહાસને જ પોતાના રાજ્યમાં મોકલી ચન્દ્રહાસને મારી નાખવાનું એ વધારે કાવતરું ઘડે છે.]

**રાગ : સારંગ**

તાલાવેલી લાગી પાપીને, સુણી જાચક તણાં રે વચન;
'ગાલવિયાનું કહ્યું થાશે, દાસીનો પરણશે તન.'
તાલાવેલી૦ ૧
એવું સાંભળી ચાલ્યો પાપી સેના તેડી સાથ,
એવે સમાચાર પહોંત્યો, જ્યાં કૌંતલ દેશનો નાથ.
તાલાવેલી૦ ૨
કુલિંદ રાજા ઊઠ્યો ભડકી ધ્રૂજવા લાગ્યો આપ;
'હવે શું થાશે રે વિધાતા, પ્રધાનનો મહાઉત્પાત.
તાલાવેલી૦ ૩

મેં ઘણાં વરસ થયાં પાપીને નથી આપ્યું સુવર્ણ;
તે માટે જાગીને આવ્યો, હવે પમાડશે મર્ણ.
તાલાવેલી૦ ૪
પછે કુલિંદ કુંવરને તેડી મળવા સામો સાંચરિયો;
પિતા પુત્રને આવતા દેખી રથથી પ્રધાન ઊતરિયો.
તાલાવેલી૦ ૫
ધાઈને આલિંગન દીધું, ધૃષ્ટબુદ્ધિ બોલ્યો વાણી;
'ધન્યધન્ય કુલિંદરાજા, મે મૈત્રી તમારી જાણી.
તાલાવેલી૦ ૬
પરમેશ્વર તુજને પ્રસન્ન થયા, પુત્ર પાંચ વર્ષનો લાવ્યો;
વાંઝીયાબાર ઉઘાડ્યું તારું, સમાચાર મુને ન કહાવ્યો.'
તાલાવેલી૦ ૭
એહવું સાંભળીને મહારાજાનું હરખ્યું અતિશે ચિત્ત;
'ભાગ્ય મહારું ઉદે થયું, ત્રેવડી વાધી પ્રીત.
તાલાવેલી૦ ૮
ગાજતેવાજતે આવ્યા ગામમાં, આપ્યા ઉત્તમ ઉતારા;
સહસ્ર એક મોકલ્યા સેવક સેવાના કરનારા.
તાલાવેલી૦ ૯
શાક પાક સ્વાદષ્ટિ અન્ન રાયે રસોઈ કરાવી;
સરવે મળીને ભોજન કીધું, નવ જાણે કો ભાવી.
તાલાવેલી૦ ૧૦
સુભટમાત્ર સભામાં બેઠા, પ્રધાન બોલ્યો વચન;
આજ જવું પડ્યું ઉતાવળું, મને પાછાં ફરી ભોવન.
તાલાવેલી૦ ૧૧
તમો પિતાપુત્ર મળવાને આવ્યા, પણ કારજ એક વીસરિયું;
ભેગા મળ્યા ને ભોજન કીધું, સુખ પામ્યે સાંભરિયું.
તાલાવેલી૦ ૧૨

તમશું મુજને ગોષ્ઠ કર્યાની ઘણી હુતી ઈચ્છાય;
પણ આજ ઉતાવળું જાવું પડ્યું, મુને કૌંતલપુરની માંહ્ય.
તાલાવેલી૦ ૧૩
અગોપ વાત મારા મન તણી, તે મદન પુત્રથી થાય;
પત્ર લખીને મોકલું પણ, કો એવો નથી જે જાય.
તાલાવેલી૦ ૧૪
વાટમાં વાંચે નહિ એવો સાધુ તમારો તન;
પત્ર લખીને મોકલો, પુત્રને મળવા ઇચ્છે છે મદન.
તાલાવેલી૦ ૧૫
એવું સાંભળીને મહારાજા સમીપ તેડાવ્યો ચંદ્રહાસ;
પિતા કહે : 'રે પુત્ર, લેઈ પધારો મદન મિત્રની પાસ.'
તાલાવેલી૦ ૧૬
કુંવર કહે : 'રે મુને મોકલો છો વણ વિચારે, ભૂપ;
(પણ) તાત તમારું કહ્યું કરવું મારે, જો નાખો અંધારે કૂપ.'
તાલાવેલી૦ ૧૭
એહવે પત્ર લખ્યું પાપીએ કૌંતલપુર નિજ ગામ :
'સકળગુણ શિરેમણિ સુત મદન એવું નામ.
તાલાવેલી૦ ૧૮
અહીં ચંદ્રહાસ મોકલ્યો છે, માન ઘણેરું દેજો;
અમો તમારા કિંકર છું, એમ કાલા થઈને કહેજો!
તાલાવેલી૦ ૧૯
રૂપ ના જોશો રંગ ના જોશો ન પૂછશો ઘરસૂત્ર;
મુહૂર્ત માત્રમાં વિષ દેજો : ઘણું શું લખિયે, પુત્ર?'
તાલાવેલી૦ ૨૦
કપટે લખિયું કૂડું દુષ્ટે પછે પત્ર વીંટ્યું પાપી;
કહે નારદ : બોલાવ્યો સાધુ, કાગળ કરમાં આપી.
તાલાવેલી૦ ૨૧

**વલણ**

આપી પત્ર ચંદ્રહાસને ધૃષ્ટબુદ્ધિ બોલ્યો વાણી રે :
'રખે મારગમાં પત્ર વાંચતો! મેં કીધી છે એંધાણી રે.'
તાલાવેલી૦ ૨૨

## કડવું ૧૨

[ચાર સૈનિકો સાથે ચંદ્રહાસ ધૃષ્ટિબુદ્ધિનો પત્ર લઈને કૌન્તલપુર જાય છે રાજ્યના પાદરમાં પહોંચતાં જ રસ્તામાં આવેલી વાડીમાં વિશ્રામ કરે છે ત્યાં આ સૂકી વાડી લીલી થઈ જાય છે. સેવકો અચાનક લીલી થયેલી વાડી જોવા ચંદ્રહાસને સૂતો મૂકીને જાય છે.]

**રાગ : મેવાડો**

નારદજી એમ ઊચરે : સુણ, અતલિબળ અર્જુનજી;
પછે મેધાવિની માતાની પાસે મળવા આવ્યો તનજી : ૧

'હે માતાજી, હું જ જાઉં છઉં, મોકલે છે કુલિંદ તાતજી.
પુરોહિતે પત્ર લખ્યું છે, કાંઈ નથી જણાતી વાતજી. ૨

મેધાવિની કહે : 'કાર્ય કરીને ઘેર વહેલા આવો, બાળજી.'
એવું કહીને આલિંગન દીધું, તિલક કીધું કપાળજી. ૩

'પુત્ર! જાતી વેળા તું ફૂટડો દીસે છે, શી કહું શોભાયજી!
વાર થઈ ચાલજે તું વહેલો, લાવજે કો એક કન્યાયજી. ૪

આજ્ઞા માગી પાયે લાગી પૂજ્યા શાલિગ્રામજી;
પછે અશ્વ અનુપમ પલાણ્યો 'હંસલો' જેનું નામજી. ૫

પરમ વિષ્ણુ વળી સાથે લીધા, સેવક તેડ્યા ચારજી;
પછે પરવર્યો તે પુર વિષેથી સર્વને કરી નમસ્કારજી. ૬

કોટિ કોટિ બ્રહ્માંડનો સ્વામી શાલિગ્રામ કીધો બંધનજી;
વાટમાં વૈષ્ણવ જનને મંડાયો શુભ શુકનજી. ૭

કાળી કપિલા ધેનુ મળી, વળી વચ્છ જેહને સંગજી;
દક્ષિણ ભાગે મૃગલી સાથે ઊતર્યો કૃષ્ણ કુરંગજી. ૮

વળી વરકન્યા પરણી પધાર્યાં, માનિની મંગળ ગાયજી;
એવે બ્રાહ્મણનું ટોળું મળ્યું જાતાં મારગમાંયજી. ૯

ઋષિ કહે 'તમો રાજપુત્ર ગાજતે ગામમાં આવોજી;
પરણજો કોક પ્રેમદાને, સુંદરી સુંદર લાવોજી.' ૧૦

શુકન વંદી સંચર્યો સાધુ, મુખે લેતો હરિનું નામજી;
જાતે થકે આગળે આવ્યું કૌંતલપુર જે ગામજી. ૧૧

એવે એક સરોવર દીઠું, જેમાં ભર્યું મીઠું નીરજી;
સેવક પ્રત્યે વાત કહી, અશ્વથી ઊતરિયો વીરજી. ૧૨

પછે કલ્પવૃક્ષ હેઠળ જઈ બેઠો, મનમાં આનંદ આણીજી;
એક સેવક વાયુ નાખે, એક લાવે છે પાણીજી. ૧૩

સ્વામી કહે : 'અરે સેવકો, ક્ષણ એક આંહાં રહીએજી.'
ઘટિકા એક શયન કરું, પછે પુરમાં જઈએજી.' ૧૪

એવે સમે એક જમણી પાસે હુતું સૂકું વનજી,
નવપલ્લવ થઈ રહી વાડી સાધુ તણે દર્શનજી. ૧૫

સેવક થયા જોઈ વિસ્મે, રહ્યા વિચારીને આપજી;
'સૂકાનું લીલું થયું એ પ્રભુ તણો પરતાપજી. ૧૬

પછે કુંવર પોઢ્યો પૃથ્વી, પરિસ્તરણ પથરાવીજી;
એક પગ ચાંપે, એક વાયુ નાખે, એમ કરતાં નિદ્રા આવીજી. ૧૭

**વલણ**

એમ કરતાં નિદ્રા આવી સાધુ પુરુષને સુખે રે,
પછે સેવક ઊઠીને સંચર્યા જોવાને વાડી વિખે રે. ૧૮

## કડવું ૧૩

[ચંદ્રહાસના આગમનથી સૂકું વન લીલું થાય છે. નવપલ્લવિત થયેલી વાડીમાં રહેલા વૃક્ષ-વેલા, ફૂલ છોડનું વિગતપ્રચુર કાવ્યાત્મક વર્ણન. દુર્વાસાના માળી દ્વારા થયેલા અપમાન અને એમણે આપેલા શ્રાપ અને તેના નિવારણની વિગતો આ કડવામાં આવે છે.]

**રાગ : વસંત**

સૂકાં કાષ્ટ લીલાં થયાં રે સાધુ તણે દર્શન,
સેવક ચાર ઊઠીને ચાલ્યા જોવા અશોક વન. -સૂકાં૦ ૧

નારદ કહે, સાંભળ, રે પારથ, વાડી તણો વિસ્તાર;
ગુલ્મ લતા લલિતા અતિ વાંકી સૌગંધિક અપરંપાર. -સૂકાં૦ ૨

ભાતભાતના વડ ને પીપળા, વનસ્પતિ ભાર અઢાર;
અવલોકનમાં અતિ ઉત્તમ, શોભા તણો નહિ પાર. -સૂકાં૦ ૩

વેલ વાળો ને વરસડો વારુ, વાયુ સુગંધિક વાય;
સાગ સીસમ સમડા સાદડિયા સરગવા તણી સોભાય -સૂકાં૦ ૪

શીરપળ ફોકળ કેવડી રે, કેળ ને કોરંગી;
બીલી બદરી મલિયાગર મરચી લીમડો ને લવિંગી. -સૂકાં૦ ૫

જાઈ જૂઈ મોગરા ને માલતી ચંદન ચંપાના છોડ;
પુષ્પભારે વનસ્પતિ તે સર્વ વળી છે વંક મરોડ. -સૂકાં૦ ૬

વાવ કૂપ ને પાવઠ કુંડ ત્યાં તળાવ ભરિયાં તોય;
ચાતક હંસ ને મોર કોકિલા શબ્દ કરતાં હોય. -સૂકાં૦ ૭

જ્યાં જુએ સેવક સાધુના ત્યાંહાં અટકે ચંત;
શોભા સુંદર વન તણી, જાણે રત ફૂલી વસંત! -સૂકાં૦ ૮

એવાં દેવઋષિનાં વચન સુણીને અર્જુનને સંધે પડિયો :
'ક્યમ, લીલાનું સૂકું થયું?' એમ સવ્યસાચી ઊચરિયો. -સૂકાં૦ ૯

નારદ કહે : સાંભળ, રે અર્જુન; થયો પૂર્વ સમાચાર;
તે વાડીમાં ભમતા આવ્યા દુર્વાસા એક વાર. -સૂકાં૦ ૧૦

ત્યાં છાયા દીઠી શીતળ વૃક્ષની, મુનિ બેઠા આસન વાળી;
એવે સમે મંદિરથી આવ્યો વાડી તણો જે માળી. -સૂકાં૦ ૧૧

માળી મુનિ ભણી ધાયો, ચોર બેઠો જાણી;
પ્રહાર એક મુષ્ટિનો કીધો, જટા કર ગ્રહી તાણી. -સૂકાં૦ ૧૨

ત્યારે ક્રોધ કરીને દુર્વાસાએ જોયું નેત્ર ઉઘાડી;
અગ્નિજ્વાલ ઊઠી તેમાંથી, ભસ્મ કીધી સર્વ વાડી. -સૂકાં૦ ૧૩

ઉઠ્યા ઋષિ થઈને દુઃખી, અન્ય સ્થાનક સંચરવા :
માળી મુનિને પાયે લાગ્યો કાલાવાલા કરવા. -સૂકાં૦ ૧૪

માળી કહે, 'મેં નવ ઓળખ્યા, ઈશ્વર, હવે કરુણા કીજ :
'અપરાધ મૂકી અત્રિનંદન, શાપ-અનુગ્રહ દીજે.' -સૂકાં૦ ૧૫

દુર્વાસા બોલ્યા તવ વાણી આનંદ અંતર પામી :
'એ વન લીલું થાશે જ્યારે આવશે વિષયાનો સ્વામી' -સૂકાં૦ ૧૬

નારદ કહે : સાંભળ, રે પારથ, એ સાધુ તણું કારણ,
ચંદ્રહાસદર્શને લીલી થઈ વાડી જેને વહાલા અશરણશરણ. -સૂકાં૦ ૧૭

**વલણ**

વહાલા અશરણશરણ તો સાધુ ભોળપણે ફરે રે,
જ્યાં શાલિગ્રામ કંઠ સાથે, ત્યાં અવળાનું સવળું કરે રે. -સૂકાં૦ ૧૮

## કડવું ૧૪

[આ જ સમયે વિષયા અને ચંપકમાલિની સખીઓ સાથે નિત્યક્રમ પ્રમાણે જલક્રીડા માટે વાડીમાં આવ્યાં છે. નવપલ્લવિત થયેલી વાડી જોવા વિષયાને એકલી મૂકીને બધી સખીઓ વાડી જોવા જતી રહેતાં એકલી પડેલી વિષયાને પોતાને ગઈ રાત્રે આવેલા સ્વપ્નનું સ્મરણ થાય છે. તે કુતૂહલથી સરોવરની પાળ ચઢે છે ત્યાં જ તેને ઝાડ નીચે સૂતેલ યુવાન દેખાય છે.]

## રાગ : ગોડી

નારદ કહે : સાંભળ રે અર્જુન, વાડી તણો વિસ્તારજી.
તે વાડીમાં ભૂલ્યા સેવક જોતાં પેલા ચારજી. ૧

શયન કીધું છે ચંદ્રહાસે, નિદ્રા અતિશે આવીજી.
દૈવ તણી ગત કોય ન જાણે, થાય વાત જે ભાવીજી. ૨

તે ધૃષ્ટબુદ્ધિ પ્રધાનની પુત્રી, વિષયા જેનું નામજી.
યૌવનમાતી, રંગે રાતી, પીડે પાપી કામજી. ૩

ચંપકમાલિની રાજાની પુત્રી, વિષયાની સહિયારીજી.
અન્યોઅન્યે પ્રીત ઘણી, પણ બંને બાળકુમારી જી. ૪

બેને અનંગ અંતર અતિ પીડે, તાપ તે નવ ખમાયજી.
બેહુ સખી સંગાથે સરોવર નિત્યે નહાવા જાયજી. ૫

તે દિવસે તો તારુણી આવી, નિત્યનું સ્થાન જ્યાંયજી.
ચંદ્રહાસે શયન કીધું છે વિશ્રામ કારણ ત્યાંયજી. ૬

સામું ત્રટ સરોવરનું ત્યાંહાં દાસી આવી ઊભીજી.
'જળ ભરો ને નૃત્ય કરો,' સર્વ વિષયાને કહેતીજી. ૭

કો કુસુમ વીણે, કો કંઠે ઝીણે ગુણવતી લાગી ગાવાજી.
કો શરીર સમારે, ઉત્તમ ઓવારે કોઈ ઊતરે નહાવાજી. ૮

કો તટ બેસે, કો જળમાં પેસે, તારુણી જાય તરવાજી.
કો કેશ ઝાલે તાણી કાઢે, લાગી હાસ્ય વિનોદ કરવા બાળીજી. ૯

કો આલિંગન દેતી, 'મૂકો મૂકો' કહેતી, કો કર દેતી તાળીજી. ૧૦

એવી વાડી દીઠી નવપલ્લવ, જે પૂર્વે હુતી સૂકીજી.
શ્યામા સર્વ ધસી જોવાને સંગ વિષયાનો મૂકીજી. ૧૧

ચંપકમાલિની ચાલી જોવા, જાતી વાડી મધ્યજી.
સર્વેને જોવા દેતી રહી એકલી, વિષયાએ વિચારી બુધ્યજી. ૧૨

'પૂર્વે પિતા મુનિ એમ કહેતા તે પાસેથી હું સાંભળતીજી.
અને આજ નિશાએ સપનું આવ્યું વાત દીસે છે મળતીજી. ૧૩

સૂકું વન થાશે અતિ લીલું, જ્યારે આવશે વિષયાનો નાથજી.
આજ સ્વપ્ન વિષે ચંદ્રહાસે પરણીને ઝાલ્યો હાથજી. ૧૪

એવું વિચારી વિષયા નારી ચઢી સરોવર-પાળેજી.
એવે અતિ-ઉજ્જવળ અશ્વ દીઠો, બાંધ્યો આંબાડાળેજી. ૧૫

તુરીનું તેજ દેખી મનમાં હરખી, જોવા જીવ ત્યાં ખૂત્યોજી.
એવે દક્ષિણ પાસ ચંદ્રહાસ સેવકરહિત દીઠો સૂતોજી. ૧૬

હરિભક્તને દેખી, હયને પેખી, હરિવદની હરખને પામીજી.
'શું સ્વપ્ન નિશાનું થાશે સાચું? શકે સૂતો મુજનો સ્વામીજી?' ૧૭

વિમાસે વાત : 'જો હોય નાથ તો જોયા વિના કેમ ચાલેજી?
ઘેર કેમ જવાય, શી રીતે રહેવાય? મળ્યા વિના હૃદયા સાલેજી. ૧૮

વલણ

સાલે હૃદયા મળ્યા પાખે, તે માટે જોતી જાઉં રે,
એને જોઈ ઓળખી, હું નીરખી નિરભે થાઉં રે.' ૧૯

## કડવું ૧૫

[પછેડી ઓઢી એકલા સૂતેલા ચંદ્રહાસને જોવા વિષયા છાના પગલે તેની પાસે પહોંચી પછેડી ખસેડીને ચંદ્રહાસના સુંદર મુખને જોઈને મુગ્ધ થઈ જાય છે. ચંદ્રહાસની સુંદરતાનું વર્ણન કરે છે. ત્યાં જ તે ચંદ્રહાસની કસે બાંધલો પત્ર જુએ છે. ઉત્સુકતાવસ ખોલીને જોતાં આવેલ યુવકને વિષ આપવાની વાતથી ફફડી જાય છે. પોતાની સતર્કતાથી વિષનું વિષયા કરી કાગળ પાછો બાંધી દે છે.]

રાગ : ગોડી

વિષયાએ વિમાસી જોયું : 'એ પુરુષને હું નરખું.
અન્ય પશુ પક્ષી ને માનવ નથી કોય હ્યાં સરખું. ૧

રખે ચતુર તુરી કહેતો સ્વામીને, જાગશે તો શું થાશે!
નિદ્રા-વશથી કેમ ઉઠાડું? પછે શું કહેવાશે? ૨

હે અશ્વ, તું અતિ અનુપમ, તારું રૂડું વાન,
માગી રે લેઉં છું માનિની, રખે કરતો સ્વામીને સાન. ૩

તારે રત્નજડિત મુખમોરડો, ઉદયાચળ ઊગ્યો ભાણ,
પેંગડાં તારાં પરમ મનોહર, રતનજડિત પલાણ.' ૪

એવું કહેતી ચાલી ચતુરા, ચંચળ નયણે જોય :
'રખે સખી સહિયર આપણી, છિપી રહીને જોય! ૫

નેપૂર ઝાંઝર અણવટ વીંછિયા, સોનીએ આભ્રણ ઘડિયાં.
પ્રથમ વાજતાં રૂડાં લાગતાં, આજ શત્રુ થઈ નીમડિયાં!' ૬

એવું કહી મન દઢ કરી ચાલી, ઝાંઝર ઊંચાં ચઢાવી.
મરમે ભરતી ડગ, જેમ જળમાં બગ, એમ શ્યામા સમીપે આવી. ૭

ચંદ્રહાસની પાસે અતિઉલ્લાસે હરિવદની હરખે બેઠી.
'મુજ શ્વાસ વાગે સાધુ જોગે,' તે ચિંતા ચિત્તમાં પેઠી. ૮

'રખે કો દેખે, સહિયર મુજ પેખે,' એમ દષ્ટિ રાખતી આડી.
પછે પિછોડી પરી કરીને જોયું વદન ઉઘાડી. ૯

નખ શિખા લગી ચંદ્રહાસને રે જોતી નયણે નરખી.
હરિભક્તને દેખી હરિવદની હૈડામાં ઘણું હરખી. ૧૦

આકાશે અભ્ર અળગું થયે ચંદ્રબિંબ દીસે જેવું,
ત્યમ પિછોડી પરી કીધે મુખ કુલિંદકુંવરનું તેવું. ૧૧

સુંવદનઅંબુજ ઉપર ભ્રુકુટી, ભ્રમર કરે ગુંજાર.
શકે શશિબિંબ પૂંઠે તારા, એવો શોભે મોતીહાર. ૧૨

શુકચંચા અતિ ઉત્તમ, જાણે અધરબિંબ અલંકૃત.
શશી-સવિતા શ્રવણે કુંડળ, દાડમકળી શા દંત! ૧૩

કપોત કંઠ, કર કુંજરના સરખા, હથેલી અંબુજવરણ.
બાંહયે બાજુબંધ બેરખા મુદ્રિકા આદે આભરણ. ૧૪

વિશાળ હૃદે ને હાર હેમનો, કટિ કેસરીના સરખી.
દેખી રૂપ રંગ તેજ તારુણી, જાણે નાખી પ્રેમની ભૂરકી. ૧૫

'ધન્ય માત તાત એનાં દીસે છે, કોણે કીધાં હશે પુન્ય?
હિમે હાડ ગાળ્યાં સુખ ટાળ્યાં, તો એહવો હશે તંન. ૧૬

જપ તપ વ્રત દેહદમન, એવી તારુણી ઘર-નાર.
તે નારીનું પરમ ભાગ્ય જેને આવો હશે ભરથાર! ૧૭

મેં પાપણીએ પુન્ય ન કીધું, તે ક્યાંશો આવો સ્વામી?
એમ દુઃખ ધરતી આંસુ ભરતી વિષયા શોકને પામી. ૧૮

એવે એક કભાયની કસે કાગળ બંધન દીઠો;
જોવા કારણ યૌવનાએ તતક્ષણ છોડી લીધો. ૧૯

સરનામું અક્ષર તાતના દેખી શ્યામા મહાસુખ પામી :
'શકે પત્ર લખી મોકલ્યો પિતાએ મુજ સ્વામી : ૨૦

સ્વસ્તિ શ્રીકૌંતલપુર સ્થાન, મદન કુંવર બળવંત.
અહીં ચંદ્રહાસને મોકલ્યો છે, તે પત્ર લેજો, ગુણવંત. ૨૧

રૂપ ન જોશો, રંગ ન જોશો, ન પૂછશો ઘરસૂત્ર;
મુહૂર્ત ઘટિ કોને ન પૂછશો, એને વિષ દેજોની, પુત્ર.' ૨૨

વાંચી પત્ર ને વિષયા બોલી : 'ત્રાહે ત્રાહે ત્રિભુવનનાથ;
વિષયાને સાટે વિષ લખાયું, શું કાપ્યા જોઈએ હાથ. ૨૩

પત્ર લેઉં તો પાછો ફરી જાય, પરણ્યા વિના વિઘ્ન થાય;
અક્ષર એક વધારું એ માંહે, વિષની કરું વિષયાય.' ૨૪

એક નેત્રનું કાજળ કાઢ્યું, બીજા નેત્રનું નીર;
તરણા વતે લખ્યું તારુણીએ, ધરી હૃદયા મધ્યે ધીર. ૨૫

નારદ કહે : સાંભળ રે અર્જુન, કર્તા હર્તા અવિનાશ;
વિષ ફેડી વિષયા કરી, એમ ઉગાર્યો ચંદ્રહાસ. ૨૬

પત્ર ફરી બાંધ્યું પ્રેમદાએ, જળ ભરતી તે નેણ;
ઊઠી અબળા ચાલી ત્યાંથી મુખે કહેતી વેણ : ૨૭

'ઘેર જઈને વાટ જોઉં છું ઉતાવળા તમો આવો;
મદનભાઈને મળજો, સ્વામી, પત્ર લખ્યું તે લાવો.' ૨૮

**વલણ**

'પત્ર લખ્યું તે લાવો, સ્વામી,' એમ કહી વિષયા વળી રે,
થરથર ધ્રુજે ને કાંઈ ન સૂઝે, સખી સર્વ સામી મળી રે. ૨૯

## કડવું ૧૬

[વિષયાને મોડું થતાં ચંપકમાલિની પૂછે છે, 'ક્યાં ગઈ હતી?' પહેલાં બહાનું કાઢીને પછી વિષયા મનની વાત કહી જ દે છે. ને મજાકમાં કહે છે, 'તારે મારે એક જ સ્વામી'. આ મજાક પછી સાચી પડે છે એ કથાકારની ખૂબી છે.]

### રાગ : ગોડી-ઢાળ બીજો

સખી સર્વ સામી મળી, ચંપકમાલિની પૂછે રે :
'વડી વારની વિષયા, ક્યાં ગઈ'તી? શ્વાસ ચઢ્યો છે, શું છે રે? ૧

ઢાળ

ત્યારની, વિષયા, ક્યાં ગઈ'તી? તુંને આવડી વાર ક્યાં વાગી રે?
ઘેર જવા બેસી રહી સર્વે, વાટ જોઈ જોઈ ભાગી રે. ૨

મેં તો તું સાધવી જાણી'તી તો કીધી સહિયારી રે;
અમને મૂકી ગઈ તું એકલી, એ શી રીત, બાઈ, તારી રે? ૩

મુને છેતરી ગઈ તું છાની, એ સૌ ભૂંડું તારું રે;
એ વાતે કુળને લાગે લાંછન, મોટા બાપનાં છોરું રે.' ૪

વિષયા કહે : 'તમે ધાયાં જોવા, વાડી ચોદિશ ફૂલી રે;
મેં આવતાં એક પોપટ દીઠો, જોવા રહી તેણી ભૂલી રે!' ૫

'પોપટ જોયો, અર પ્રેમદા, તો તુંને પરસેવો શું વાળિયો રે?
જારી-વજારી મૂકો રે વિષયા; કોઈક કામી મળિયો રે!' ૬

વિષ્યા કહે : 'બાઈ, રહે અણબોલી, વારું છું, ચંપકમાલિની રે,
પડપૂછ પરસેવાની શી છે? તું બડબડ કરતી ચાલની રે.' ૭

'આવડી રીસ કાં કરે, વિષયા? હું તો હસું છું, બેની રે;
આ દાસી માત્ર હું અળગી રાખું; મુને તું છાનું કે'ની રે. ૮

પછે સાન કરી સમજાવી શ્યામા, એક નેત્ર વાંકું વાળી રે;
'તારે મારે એક સ્વામી છે,' એમ કહી કર દીધી તાળી રે. ૯

નારદ કહે, તે રાજકુંવરીને વાત વિષયાની ભાવી રે;
હસતી રમતી બંને પ્રેમદા ઘેર પોતાને આવી રે. ૧૦

**વલણ**

ઘેર આવી વિષયા નારી, પછે વાટ જુએ સ્વામી તણી રે;
ચંદ્રહાસે શું કીધું, જેને માથે ત્રિભોવનધણી રે. ૧૧

## કડવું ૧૭

[કૌન્તલપુરમાં પ્રવેશતા જ ચંદ્રહાસને પોતાના બાળપણના પ્રસંગો યાદ આવવા લાગે છે. મદન પત્ર વાંચે છે પછી વિષયા સાતે ચંદ્રહાસનું લગ્ન કરાવે છે. વિવાહ-મંગળના આ વર્ણનમાં તત્કાલીન સમાજના રીત રિવાજનું પ્રતિબિંબ પડે છે.]

**રાગ : દેશાખ**

ઋષિ નારદ બોલ્યા વાણી રે, તું સાંભળ, ગાંડીવપાણિ રે.
પેલા સેવક ચાર જે હુતા રે, ફરી આવ્યા જ્યાં સ્વામી સૂતા રે. ૧

સ્વામીને ગયા'તા છાંડી રે, છાની સેવા કરવા માંડી રે.
એકે ચાંપવા માંડ્યા પાય રે, એક ઢોળવા લાગ્યો વાય રે. ૨

સેવકનો સાંભળી શ્વાસ રે, જાગી ઊઠ્યો ચંદ્રહાસ રે;
નેત્ર ચોળતો બોલ્યો શૂર રે : 'લાવો અશ્વ, થયું અસૂર રે. ૩

એક લાવ્યો પાત્ર ભરીને પાણી રે, એકે અશ્વ આપ્યો આણી રે.'
પછે અશ્વે થયો અસવાર રે, આગળ ચાલે ચતુર ચાર રે. ૪

વિષયા જુએ સ્વામી-વાટ રે; લાગી વાર, થયો ઉચાટ રે.
એવે સમર્યાં આદ્ય ભવાની રે, આઈની સેવા અતિશે માની રે. ૫

એવે સ્વામી આવતો દીઠો રે, અમૃતપેં લાગ્યો અતિ મીઠો રે.
ચંદ્રહાસે જોયું ગામ રે, દીઠો નાનપણાનો ઠામ રે. ૬

'હ્યાં હું બાળક સાથે વઢતો રે, નિશાએ ઓટલે પડતો રે.
હ્યાં ભિક્ષા માગીને જમતો રે, હ્યાં શાલિગ્રામ સાથે રમતો રે. ૭

હ્યાં મોઈ હુતી માતા મારી રે; મુને લોક કહેતા ભિખારી રે.
એ ટળ્યા સર્વે સંતાપ રે, આ શાલિગ્રામ તણે પ્રતાપ રે.' ૮

વિચારતાં પહોંતો રાજદ્વાર રે, જ્યાં ઊભો છે પ્રતિહાર રે,
સાધુ અશ્વથી ઊતરિયો રે, પોળિયા પ્રત્યે ઊચરિયો રે. ૯

'જાઓ, તેડો તમારા સ્વામી રે.' કહાવ્યું કુંલિદકુંવરે શિર નામી રે.
'કહો એક ઉતાવળી વાત રે, પત્ર મોકલ્યું તમારે તાત રે. ૧૦

પોળિયો કહ્યો સમાચાર રે, મદને તેડ્યો કુલિંદકુમાર રે.
વેગળેથી આવતો નરખ્યો રે, ઓળખી આભ્યંતર હરખ્યો રે. ૧૧

ધાઈ આલિંગન દીધું રે, આસન આપી પૂજન કીધું રે :
'ચંદ્રહાસ, પધારો પ્રહુણા રે; મુને કેશવે કીધી કરુણા રે.' ૧૨

વષયા મનમાં હરખે રે, આઘું ઓઢી પિયુને નરખે રે,
એવે ચંદ્રહાસે છોડી ચિઠ્ઠી રે, પણ શિથિલ ગાંઠડી દીઠી રે. ૧૩

'ધૃષ્ટબુદ્ધ રહ્યા ગામ અમારે રે, મોકલ્યું પત્ર પિતા તમારે રે;
પ્રધાન પાંચ દિવસ ત્યાં રહેશે રે, લખ્યું કામ તે કાગળ કહેશે રે.' ૧૪

પત્ર મદને કરમાં લીધો રે, ઉકેલી અવલોકન કીધો રે :
'સ્વસ્તિ શ્રીકૌંતલ ગામ રે, સુત મદન એવું નામ રે. ૧૫

આંહાં મેં મોકલ્યો છે ચંદ્રહાસ રે; જેનું મુખ ચંદ્ર-પ્રકાશ રે.
લટપટ કરી મળતા રહેજો રે, અમો સેવક છું એમ કહેજો રે. ૧૬

રખે રૂપ-રંગ તું જોતો રે, એવો સમો રખે તું ખોતો રે!
એનું મન હરીને લેજે રે, એને સદ્ય વિષયા દેજે રે. ૧૭

એથી અધિક શું લખીએ રે? પછે અર્થ કરી નહિ શકીએ રે.'
એવું પત્ર વાંચી જોયું મદન રે, અતિ ઊલટ પામ્યું મન રે. ૧૮

'ધન્ય તાત તણી કમાઈ રે, આવો ખોળી કાઢ્યો જમાઈ રે.'
ત્યાં તેડાવ્યો બ્રાહ્મણ કોય રે, જે લગ્ન ઉતાવળું હોય રે. ૧૯

એવે ટીપણું મુગટમાં ખોસી રે, ત્યાં આવ્યા ગાલવ જોશી રે;
ઋષિએ ચંદ્રહાસ આવી નરખ્યો રે, ઓળખી અભ્યંતર હરખ્યો રે. ૨૦

'શકે પ્રશ્ન અમારું મળિયું રે, એ વચન પૂરવનું ફળિયું રે.'
પછે મદને દીધું અતિ માન રે, સંતોખ્યા મુનિ ભગવાન રે. ૨૧

'કહો મુહૂર્ત, ગાલવ મુનિ રે, ઢૂંકડું ક્યાં છે લગન રે?
ગાલવ કહે : 'વચન મારું માન રે, છે લગ્ન આજ મધ્યાહ્ન રે. ૨૨

તુજ તાતે વિચાર્યું હશે પહેલું રે, વર મોકલ્યો તો મુહૂર્ત છે વહેલું રે.
માટે આજ લગ્ન કીજે રે; 'ધૃષ્ટબુદ્ધિનું મન જેમ રીઝે રે.' ૨૩

હરખ્યો મદન મહા ગુણવાન રે : 'પિતા લાવશે પૂંઠેથી જાન રે.'
મંડાવ્યું વિવાહ તણું કાર્ય રે ગાલવ થયા આચાર્ય રે. ૨૪

આપ્યા વરને ઉત્તમ ઉતારા રે, મોકલ્યા સેવક સેવા કરનાર રે.
બહુ પ્રેમદા પીઠી ચોળે રે, વર ઉષ્ણોદકે અંઘોળે રે. ૨૫

વાજિંત્ર વિધવિધનાં વાજે રે, શું મેઘ ગગને ગાજે રે!
નગરની નારી જોવ જાય રે, જેના કુમકુમવર્ણા પાય રે. ૨૬

વનિતાએ વરને નિરખ્યો રે, શ્યામા કહે : 'સ્વરૂપ શશી સરખો રે,
એનું મુખકમળ રઢિયાળું રે, વિષયાને વર જોડી વારુ રે.' ૨૭

એવે દુંદુભિ સર્વ ગગડિયાં રે, વિષ્ણભક્ત વરઘોડે ચઢિયા રે.
વિસ્મે થઈ થઈ બોલ્યા લોક રે : 'વરને માનુષ કહેતા ફોક રે. ૨૮

દેવકુંવર શું રૂપ એનું શોભે રે, મન જ્યાં જોઈએ ત્યાં થોભે રે,
કરમાં કેવું શ્રીફળ લીધું રે! એને ગાલે ટપકું કેવું કીધું રે! ૨૯

ધુસળ મુસળે પોંખી પધરાવ્યા રે, માહેરામાં ગાલવ ઋષિ લાવ્યા રે.
પછે તાંબુલ છાંટણ કીધાં રે, ગાલવે ગોત્રજનાં નામ લીધા રે. ૩૦

આવ્યાં ચોરીએ યુગ્મ નિધાન રે; મદન આપે કન્યાદાન રે. ૩૧

**વલણ**

મદન કન્યાદાન આપે, સર્વને મન ઉલ્લાસ રે;
કર જોડી કહે પ્રેમાનંદ, કન્યાદાન લે ચંદ્રહાસ રે. ૩૨

## કડવું ૧૮

[ફેરા ફરતી વેળા મદન દરેક ફેરે જુદાં જુદાં પ્રકારનાં અઢળક દાન આપે છે. અને ગદગદ કંઠે ચંદ્રહાસનો અનુનય ઈચ્છે છે. આ રીતે ચંદ્રહાસ વિષ (મોત) ને બદલે વિષયા પામે છે.]

**રાગ : સોરઠ**

બોલ્યા નારદ ઋષિ ભગવાન, સુણો અર્જુન વીર બળવાન,
મદન આપે કન્યાદાન, લે છે ચંદ્રહાસ રાજાન. ૧

પહેલું મંગળ જ્યાં વરતાય, વરકન્યા ફેરા ફરાય,
માનુની મંગળ ગાય, ભેરી નફેરી શબ્દ બહુ સંભળાય. ૨

બોલ્યો મદન મુખે ઉચ્ચા : ‘સાંભળો, કુલિંદરાજકુમાર,
પહેલે મંગળે મોતીના હાર, આપ્યા રથસહિત તોખાર. ૩

‘બીજે ગૌધણ દઉં દાન, ત્રીજે સહસ્ત્ર કુંજર કેરાં લો માન.’
ચોથે કૂંચી સહિત ભંડાર’ આપી કીધો ત્યાં નમસ્કાર. ૪

મદને જોડ્યા બન્યૌ પાણિ, ગદ્ગદ કંઠે બોલ્યો વાણી :
‘મથી એવું જ આપું આણી, તમને સોંપું મારો પ્રાણી. ૫

હું સેવીશ તમારં ચરણ, શુદ્ધ રાખજો અંતઃકરણ;
તમને રાખજો અશરણશરણ, સાટે મુને આવજો મરણ.' ૬

એમ મદને દીક્ષિતપણું લીધું, વિહિવા-કાર્ય સંપૂરણ કીધું.
વિષયાનું કારજ સીધ્યું, નારીનું મન વિહ્વલ કીધું. ૭

નારદ કહે : અર્જુન, અવિધારો, ધૃષ્ટબુદ્ધિ બાજી હાર્યો,
જાણ્યું : 'શત્રુ સુતે માર્યો,' પણ પાર શ્રીકૃષ્ણે ઉતાર્યો. ૮

વલણ
ઉતાર્યો કૃષ્ણે દાસ જાણી, તે ત્યાં હારી બેઠો સહી રે;
નારદ કહે : સાંભળો, રે  અર્જુન, એ કથા એટલેથી રહી રે. ૯

## કડવું ૧૯

[ચંદ્રહાસને હવે પોતાના પુત્ર મદનના હાથે મોત પામ્યો હશે એવું માની ધૃષ્ટબુદ્ધિએ રાજા અને રાણીને બાંધી આખું નગર લૂંટી લીધું. રાણી લગ્નલાયક પુત્રને પરણાવ્યા વિના પોતાની અવદશાથી અતિ દુઃખી છે.]

### રાગ : પરજીઆનો

નારદજી એમ વાણી વદે, સુણ, પારથ પાંડુકુમાર રે,
હવે કુલિંદની શી વલે થઈ, તે તણો કહું વિસ્તાર રે. ૧

ચંદ્રહાસ વળ્યો વેગે પુરથી, પ્રધાને કીધું કપટ રે,
પછે કુલિંદ રાજા તેડિયો, મુખે કીધી લટપટ રે. ૨

જાણ્યું : 'શત્રુ સુતે માર્યો હશે, ને સરિયું મારું કાજ રે.'
પાપીએ પછે વાહી બાંધ્યો, રાણી સાથે કુલિંદ મહારાજ રે. ૩

સેના સર્વે મારીને કાઢી, પાપી પડિયા તૂટી રે.
હય હસ્તી ને કનક કચોળાં, રાજ્યભવન લીધું લૂંટી રે. ૪

પોતાની ત્યાં આણ વરતાવી, મારગ ચાલતો કીધો રે.
પછે મેધાવિની રાણી સંગાથે, કુલિંદને બાંધી લીધો રે. ૫

**ઢાળ**

રાજા રાણી બાંધિયાં ને હવો તે હાહાકાર રે.
જમકિંકર સરખા સેવક પાપી કરતા પાટુના પ્રહાર રે. ૬

મસ્તક તે મુગટવહોણું કીધું, વિખેર્યા તેના વાળ રે.
કાંટા તે ભાંગે પાગ વિષે, ભૂમિ પડે ભૂખાળ રે. ૭

સોટા વાગે, ધૂળે દાઝે, જેની ચંપકવર્ણી પાહાની રે,
રોળાઈ ધોળાઈ તે ચતુરા, જે મહારાજની માની રે. ૮

ઓશિયાળાં મુખ ને પામ્યાં દુઃખ, નર નારી સામું જોય રે.
પોતાના પુત્રને સંભારી, સાધવી માતા રોય રે. ૯

તીવ્ર તાપ તે તેને લાગે, તેણે અકળાયો પ્રાણી રે;
વાટે ચાલતાં ચરણ થાકે, પણ સેવક હીંડિ તાણી રે. ૧૦

પછે રાજાએ સ્કંધે વળગાડી મેધાવિની જે રાણી રે.
કાંટા તે પડે કંઠ વિષે, પ્રેમદા માગે પાણી રે. ૧૧

શ્યામા પૂછે છે : 'સ્વામીજી આપણું શું થાશે રે?
સુતની સંભાળ નથી તો કેઈ પેરે રહેવાશે રે? ૧૨

મોટું દુઃખ એ મન વિષે, પુત્ર પરણ ઘેર ન આવ્યો રે,
દીપક સરખી દીપતી વેહેલે વહુઅર ન લાવ્યો રે. ૧૩

પુત્ર સાથે કુળવધૂ તે લાડકોડે ચરે દશૈયાં રે;
આદર કરીને અન્ન પીરસું, દેખી ઠરે મારાં હૈયાં રે. ૧૪

હાક મારતાં 'જી, જી' કહીને ઉત્તર આપે વહુ રે;
તે સુખ તો મેં કાંઈ યે ન દીઠું, કેઈ પેરે રોતી રહું રે?' ૧૫

એવાં રાણી તણાં વચન સુણીને રાજા રોતી રાખે રે.
'સામું જુઓ, રે સુંદરી,' પછી વચન મરમનાં દાખે રે. ૧૬

**વલણ**

વચન દાખે મરમનાં, જાતાં તે મારગ વિષે રે.
મેધાવિની અતિ દુઃખ પામી, કેઈ પેરે કહીએ મુખે રે? ૧૭

## કડવું ૨૦

[પોતાની રાણીને આમ દુઃખી જોઈને કુલિંદ રાજા તેને આશ્વાસન આપે છે- જાણ્યે અજાણ્યે આપણાથી કુડાં કામ થયા હશે એનું આ ફળ હશે એ વાત જુદાં જુદાં ઉદાહરણો આપી રાજા રાણીને સાંત્વના આપે છે.]

### રાગ : વેરાડી

રાજા વળતું બોકિયો : 'કહું કામિની,
એ તો ભવબંધનનો ભાવ, ભોળી ભામિની. ૧

સુખ તણા સમુદ્રમાં કહું કામિની.
ભાગ્યું પુત્રરૂપિયું નાવ, ભોળી ભામિની. ૨

વાવ્યા વિના શું લણિયે? કહો કામિની!
એણે દૃષ્ટાન્ત સર્વે જાણ, ભોળી ભામિની. ૩

તો સુખ ક્યાંથી પામીએ, કહું કામિની,
જો દાન ન દીધું દક્ષિણ પાણ, ભોળી ભામિની. ૪

પૂર્વે આપણ વાંઝિયાં, કહું કામિની,
અન્નધને ભર્યું ઘરસૂત્ર, ભોળી ભામિની. ૫

આખો દહાડો આપણ ધામણાં, કહું કામિની,
એહવે પ્રભુએ આપ્યો પુત્ર, ભોળી ભામિની. ૬

કાક ઉછેરે કોકિલા-બાળને, કહું કામિની,
વય પામ્યે ઊડી જાય, ભોળી ભામિની. ૭

તમે કુંવર તે કોકિલાનું બચ્ચું, કહું કામિની!
કાક આપણ માતપિતાય, ભોળી ભામિની. ૮

પક્ષી સેવે કલ્પવૃક્ષને, કહું કામિની,
જ્યાં લગણ ફળની આશ, ભોળી ભામિની. ૯

ફળ ઘટ્યાં દ્રુમને પરહરે, કહું કામિની,
અન્ય સ્થાનક પૂરે વાસ, ભોળી ભામિની. ૧૦

તેમ કર્મફળ ઘટ્યાં આપણાં, કહું કામિની,
તો તજી ગયો તુજ તંન, ભોળી ભામિની. ૧૧

આપણ સૂકાં લાકડાં, કહું કામિની,
હવે ઘટે હુતાશંન, ભોળી ભામિની. ૧૨

આપણે વસતાં ગામ ઉધ્વસ્ત કર્યાં, કહું કામિની!
છેદી કલ્પવૃક્ષની ડાળ, ભોળી ભામિની. ૧૩

કાં તો પર્વત-પાવટ રોધિયો, કહું કામિની,
કે ભાંજી સરોવર-પાળ, ભોળી ભામિની. ૧૪

કે વત્સદ્રોહ સ્વામીદ્રો કર્યો, કહું કામિની,
કે પયથી વછોડ્યાં બાળ, ભોળી ભામિની. ૧૫

સાધુ-વૈષ્ણવની નિંદા કરી, કહું કામિની,
ભાંજ્યાં મળતાં વેવિશાળ, ભોળી ભામિની. ૧૬

સૂર્ય સામા મળસૂત્ર કર્યાં, કહું કામિની,
કે સાંભળ્યો અંત્યજનો રાગ, ભોળી ભામિની. ૧૭

ગૌ-બ્રાહ્મણને ન પૂજિયાં, કહું કામિની,
કે કણને ઠેસ્યા પાગ, ભોળી ભામિની. ૧૮

કાંઈ પુણ્ય આપણે કીધાં નહિ કામિની!
ન રાખ્યાં વ્રત ને નેમ, ભોળી ભામિની. ૧૯

તો સુખ પામેએ કિહાં થકી? કહું કામિની,
હવે સુતને કેમ હોય ક્ષેમ? ભોળી ભામિની. ૨૦

**વલણ**

સુતને કુશળી ક્યાં થકી, જો હરિ નવ ધર્યા હૃદે રે?'
એવાં વચન સાંભળી ભૂપનાં મેધાવિની વાણી વદે રે. ૨૧

## કડવું ૨૧

[ધૃષ્ટબુદ્ધિ રાજા-રાણીને બાંધીને કૌનતલપુરના પાદરમાં પહોંચે છે ત્યાં જ મદનના હાથે વિષયા-ચંદ્રહાસના લગ્નની ખુશાલીમાં અઢળક દાન-દક્ષિણા પામીને સામે મળેલા ભાટ-ચારણોના મૂખે આ લગ્નની વાત જાણતાં જ ધૃષ્ટબુદ્ધિને પ્રબળ આઘાત લાગે છે. પછી મદને આપેલી દાન-દક્ષિણા એમની પાસેથી આંચકી લઈ મારે છે. પછી રાજા-રાણીનાં બંધન દૂર કરી માફી માંગી પોતે આપેલ દુઃખની વાત ચંદ્રહાસને ન કહેવા વિનંતી કરે છે. અને તેમને બારોબાર તેમના નગરમાં મોકલી દે છે.]

**રાગ : કાફી**

મેધાવિની એમ ઉચ્ચરે : 'સાંભળો, મારા સ્વામ;
આ દુષ્ટ, કષ્ટ દેઈ, લેઈ જશે પાપી પોતાને ગામ. ૧

ત્યાં 'સુત મુઓ' કે'શે, મન ક્યમ રે'શે? દાઝશે મારું તન;
કાંઈ ધીરજ ધરિયે, ભેદ ધરિયે, વાટ વિષે સ્વામિન.' ૨

**ઢાળ**

એમ રોતાં નર ને નાર રે, જાય વાટ મોઝાર રે.
સેવકે બાંધી ઝાલ્યાં રે, બન્યો જણ જોડે ચલ્યાં રે. ૩

એહવે આવ્યું ગામ રે, પાપીનો જ્યાંહાં ઠામ રે.
જાતાં જાતાં વાટ રે, સાહામા મળિયા ભાટ રે. ૪

પ્રધાનને જોઈ રે, આવ્યા છે સર્વ કોઈ રે,
વાણી એવી બોલે રે : 'નથી કો તવ સુતને તોલે રે!' ૫

પછે પુરોહિત એમ પૂછે રે : 'વખાણો તે કારણે શું છે રે?
ક્યાં થકી તમો આવ્યા રે ? ધન ક્યાં થકી ભીખી લાવ્યા રે?' ૬

બોલિયા બહુ બંદીજન રે : 'રાજા, તુંને છે ધન્ય ધન્ય રે.
મદન તમારો અંશ રે, તેણે દીપાવ્યો કુળવંશ રે. ૭

ધાન તેણે આપ્યાં રે, દારિદ્ર અમારાં કાપ્યાં રે;
ભિક્ષુક સર્વ કોય રે, ભૂપતિ સરખા હોય રે. ૮

મદન મનશું થોભ્યો રે, વિવાહ સુંદર શોભ્યો રે.
તમે જોયું સત્પાત્ર રે, ચંદ્રહાસ સરખો જામાત્ર રે. ૯

ધન્ય તમારી કમાઈ રે, જે આવો મોકલ્યો જમાઈ રે,
રૂપે ને જાય વરણિયો રે, તે વિષયાને પરણિયો રે.' ૧૦

એવી સાંભલી વાત કર્ણે રે, પાપી પડિયો તત્ક્ષણ ધર્ણે રે,
મૂર્ચ્છા તેણે ખાધી રે, વચને આંતરડી દાધી રે. ૧૧

ઘણું થયો મન દુઃખી રે, એટલે ગાલવ ઋખિ રે;
ઋખિને મનમાં આહ્લાદ રે, દેતા આવ્યા આર્શીવાદ રે. ૧૨

'પુરોહિત, તમને ધન્ય રે, જે આવો તમારો તંન રે.
જે વિષયા કુમારી રે, તે તો પુત્રી તમારી રે. ૧૩

જેને ઘટે જેવો રે, તેને મળિયો તેવો રે,
તમો મોકલ્યો તે આવ્યો રે, એક પત્ર તમારું લાવ્યો રે. ૧૪

તે તો સર્વને મન ભાવ્યો રે, તેને મદને લેઈ પરણાવ્યો રે,
એ તો કર્યું શ્રેય કાર્ય રે, ઋષિ ગાલવ થયા આચાર્ય રે. ૧૫

એવે આવ્યા ગાંધર્વ ગુણવાન રે, કરતા સંગીત-ગાન રે,
તેહ દેખી લોચન રે હૃદે લાગ્યો હુતાશન રે. ૧૬

ચટકો લાગ્યો બહુ શીશ રે, ત્યારે ચઢી છે બહુ રીસ રે.
વાટમાં આવી રહેતો રે, 'ધન્ય ધન્ય' મુખે કહેતો રે. ૧૭

જાચકને કાંઈ મન રે : 'પુરોહિત આપશે ધન રે.'
વડું તેણે માંડ્યું વખાણ રે, તવ લાગ્યાં કારી બાણ રે. ૧૮

સેવકને કીધી સાન રે : 'આપો પાટુ મુષ્ટિ-દાન રે.'
ગાંધર્વનાં મૃદંગ ફોડ્યં રે, આંતરડાં તાણીને ત્રોડ્યાં રે. ૧૯

ભાંગી ભેર ને નફેરી રે, તાલ કાંસી નાખ્યાં વેરી રે,
ભાટને દીધી શિક્ષા રે, ભટ્ટોને મંગાવી ભિક્ષા રે. ૨૦

વેદ પુસ્તક તરભાણી રે, તેનાં ઝોળિયાં લીધાં તાણી રે.
ઋષિ વેદિયા બહુ મોટા રે, તેના માથામાં માર્યા સોટા રે. ૨૧

ભાટ બ્રાહ્મણ નાઠા જાય રે, અખડાઈ પડે ને બેઠા થાય રે.
ઋષિ કહે : ‘દુષ્ટ થયો તુષ્ટમાન રે, વધામણાંમાં બુહટનાં દાન રે!’ ૨૨

કેટલા સાહી બંધન કીધા રે, આગળ દોરીને લીધા રે,
પછે, કુલિંદ મૂક્યો છોડી રે, પાપી બોલ્યો કર જોડી રે. ૨૩

સુણો, કુલિંદ રાજાય રે, એ તો મારો છે અન્યાય રે;
પાછા ફરી ઘેર જાઓ રે, તમો વળી રાજા થાઓ રે. ૨૪

જે ચંદ્રહાસ તમારો રે, તે તો પૂજ્ય થયો છે મારો રે,
મેં તમને દુઃખ દીધું રે, તમારું નગ્ર લૂંટીને લીધું રે. ૨૫

તેહ સહી કેમ રહેશો રે, પણ પુત્રનેકંઈ ના કહેશો રે.
જો જાણશે મુજને પાપી રે, મારું મસ્તક નાખશે કાપી રે. ૨૬

મુને આપજો પ્રાણનું દાન રે, ક્ષમા કરી રહેજો રાજાન રે.
જે કુંવર છે તમારો કાલો રે, તે મદનપેં અદકો વહાલો રે. ૨૭

હું વિષયાને સાથે લાવીશ રે, એને કાલે બોલાવીને આવીશ રે.’
સાંભળી ઉપન્યો આનંદ રે, બોલ્યો રાજા કુલિંદ રે : ૨૮

‘જો પુત્રી તમો આપી રે, તો એવાં અમો નથી પાપી રે.
દુઃખ સઘળું સમાવી રહેશું રે, પણ પુત્રને કંઈ નહીં કહેશું રે.’ ૨૯

પછે નર-નારી પાછાં વળિયાં રે, પુત્રના દુઃખથી ટળવળિયાં રે. ૩૦

**વલણ**

દુઃખ ટળ્યું, કુંવર કુશલો, કુલિંદ તે સુખિયો થયો;
પછે પાપીએ શું કીધું, જે પોતાને મંદિર ગયો. ૩૧

## કડવું ૨૨

[પોતે ધારેલું એનાથી વિપરીત થયેલું જોઈ ધૂંધવાયેલો ધૃષ્ટબુદ્ધિ પુત્ર મદનને પાટુ મારીને પછાડી દે છે. સાચી વાતનો ખલાસો થતાં મનમાં દાઝ રાખી પસ્તાય પણ છે.]

### રાગ : કાહાલેરો

નારદજી એમ વાણી વેદ : સુણ, અતલિબલ અર્જુન :
પાપી પુરોહિત પુરમાં આવ્યો, રીસે ભર્યાં લોચન. ૧

મારમાર કરતો પુરમાં પેઠો ને લોક સામા આવે;
શુદ્ધ્ય નહિ શરીર પોતાને, મિત્રને નવ બોલાવે. ૨

પ્રજા સર્વે વિસ્મે પામી, 'સેનાપતિને ચઢિયો કોપ;
કાગળે લખ્યું તેટલું નવ ખરચ્યું, મદને મર્યાદા કીધી લોપ.' ૩

જોવા આવે તે ત્યમ નાસે, ઊભા સેવકને મારે;
ધૂંધવાતો ફૂંફવાતો આવ્યો પાપી રાજદ્વારે. ૪

પ્રતિહારે જઈ કહ્યું અંતઃપુરમાં મદનને નામી શીશ :
'ધૃષ્ટબુદ્ધિ આવ્યા ઓ પેલા, ચઢી છે કાંઈક રીસ.' ૫

પાળે પાગે, અતિ અનુરાગે, પીતાંબર પલવટ વાળી,
પિતાજી સામે સંચરિયો, કરે ગ્રહી પૂજાની થાળી. ૬

'અષ્ટ મહાસિદ્ધ નવ નિધ મેં ખર્ચી, થયું હશે પિતાને જાણ;'
મદને જાણ્યું જે મુને પિતાજી કાંઈક  આપશે લાહાણ. ૭

ગાલવ ઋષિએ ગમન કીધું ત્યાંથી : 'રીસે ચઢ્યો મહારાજ,
પિતા-પુત્ર વઢીને મરશે, અહીં રહ્યાનું નહિ કાજ.' ૮

ઓઢી ચૂંદડી મીંઢળ હાથે, પીળું પીતાંબર પહેરી,
વિષયા વેગે આવી મળવા, તાત ન જાણ્યો વેરી. ૯

દાસ-દાસી ઘરના બ્રાહ્મણ આવ્યા સર્વે મળવા.
પીળું કુસુંબ કેશરિયે વાગે, દેખી અદેખો લાગ્યો બળવા. ૧૦

પુત્ર પ્રત્યે ક્રોધ કરીને બોલ્યો, પછાડ્યું પૂજાનું પાત્ર :
'કહે, કુંવર મૂઢ મૂર્ખ મારા, તેં શત્રુ કીધો જામાત્ર! ૧૧

શું કીધું તે રિપુ સંગાથે! તુંને લઈ પૃથ્વીમાં દાટું.'
એવું કહી પાસે જઈ પાપીએ પુત્રને મારી પાટું. ૧૨

જેમ ચંદ્ર પડે વ્યોમથી ભોમ, રાહુ ગ્રહી લે જેવો :
તેમ મદન કુંવર મૂર્છાગત કીધો, પિતાપ્રહારે તેવો. ૧૩

હાહાકાર થયો મંદિરમાં, દાસ-દાસી ત્રાસે નાહાસે!
ખળભળાટ થયો ખડકી લગે, મંત્રી કાળ સરિખો ભાસે. ૧૪

ધીર ધરી ઊઠ્યો સુત સાધુ, પાયે લાગી ઊભો કર જોડ :
'તમો વિષ્ણુ વિરંચી જેવા મારે, પણ કાઢો કુંવરની ખોડ. ૧૫

ગુરુ જેષ્ટ ને પિતામહ તેનું વચન લોપે તે મહાપાપી!
મેં તો તમે લખ્યું તેટલું ખર્ચ્યું, જે કાગળમાં આજ્ઞા આપી.' ૧૬

પછે પુત્રે પત્ર આપ્યું શોધીને, બડબડ કરતાં લીધું;
સર્વે દેખતાં શોક સહિત ઉકેલી અવલોકન કીધું. ૧૭

વિષની વિષયાનો અક્ષર દીઠો : 'શું લખતાં કર ન કપાયો?' ૧૮

'કર કપાયો.' વાંક જાણી પુત્રશું ભેટ્યો મળ્યો રે;
પણ અરે રે દીકરીને પરણ્યાથકી, દુઃખે હૃદયાશું બળ્યો રે. ૧૯

## કડવું ૨૩

[મદન આગળ પોતાના કોપનું કારણ દર્શાવતો ધૃષ્ટબુદ્ધિ ચંદ્રહાસનાં વખાણ કરવા લાગે છે પણ મનમાં કપટ રાખી બહારથી સ્નેહ બતાવીને ચંદ્રહાસને મળે છે.]

### રાગ : મારુ

પછે પુત્ર પ્રત્યે પિતા કહે : 'તું સાંભળ સાચી વાત;
મારગ માંહે સાંભળી, ઊડતી એહેવી વાત. ૧

જે પત્ર લખ્યું મેં ખપ કરી, સાધુ સંગાથે કા'વ્યું.
તે કાગળ ફાડી કટકા કીધા, તુજને મન ન આવ્યું. ૨

એવું સાંભળી તે વેળાનો કોપ મુજને ચઢિયો;
તે માટે અણપ્રીછ્યો આવી, તુજ સંગાથે વઢિયો. ૩

ક્યાં છે કુવર કુલિંદ કેરો આપણો રે જમાઈ?
મળવાને મારું મન ઇચ્છે છે, કાં જે અંતરની સગાઈ! ૪

એવા સ્વાસ્વપ્ને ક્યાંથી? વૈષ્ણવ ને વળી ડાહ્યા?
કષ્ટ પડ્યે આપણને ઉગારે, એ તો મોટા પુરુષની છાયા!' ૫

મદને જાણ્યું : 'બહુ પ્રકારે અમ પિતાએ ઈછ્યો!'
તેડવા ધાયો શીઘ્રશું, પણ કપટ કાંઈ નવ પ્રીછ્યો. ૬

ચંદ્રહાસને ચરણે લાગી મદને કહી એક વાત :
'મળ્યા વિના નથી પાણી પીતા સાધુ તે મુજ તાત! ૭

જો શીઘ્ર તમ સંગાથે વિષાયાનું લગ્ન સાધ્યું,
તો તે પહેલાં પિતાજીનું, મન હું ઉપર ઘણું વાધ્યું.' ૮

હરિભક્ત હરખીને ઊઠ્યો, સાળા સાથે ચાલ્યો;
વાટમાં વાતો કરતાં કરતાં, અન્યોઅન્ય કર ઝાલ્યો. ૯

બાંહે બેરખા, પોંચે પોંચી, બન્યો બેલડિયે વળગ્યા;
જાણે અશ્વિનીકુમાર જુગ્મ જોડું, એ નથી થાતા અળગા. ૧૦

પુરોહિતે આવતા દીઠા બેહુ બત્રીસલક્ષણા વીર;
જામાત્રમાં જુગ્મ લોચન તે સસરાને મન તીર. ૧૧

ગતે કરીને પવન સરીખો, ગંભીરતાએ સમુદ્ર;
દેહે જાણે અનલ સરીખો, શીતળતાએ ચંદ્ર. ૧૨

સંગ્રામે સુરપતિ સરીખો, ગણેશ સરીઓ ગુણવાન,
મહિમાએ મહાદેવ સરીખો, તેજે કરીને ભાણ. ૧૩

મસ્તકે મુગટ ને કાને કુંડળ, નીલમણિ ઉજ્જવલ મોતી,
કંઠે કંઠી ને હાર હેમના, દુગદુગી રહી છે દ્યોતી. ૧૪

શોભે સૂક્ષ્મ કટિકંદોરો; ઘૂંટી કેરો કમલનો વાગો.
ધૃષ્ટબુદ્ધિ ક્રોધી દષ્ટે જોતો : જમાઈ જમ સરખો લાગ્યો. ૧૫

પુષ્પ પરિમલ ચંપક ચંદન, અંગત અરગજાના રોળ,
મીંઢળ કરે બાંધ્યું વરે, રંગત અધર તંબોળ. ૧૬

નેત્ર નેહભર્યાં જાગરણે આવર્યાં છે વિષયા નાર.
સસરા પાસે આવ્યો સાધુ, જયમ શાર્દુલ નિસરે બા'ર. ૧૭

પુરોહિતે પ્રેમ જણાવી, લોકલાજ ત્યાં માંડી,
મુખે હસતો વાતો કરતો, હૃદેથી રીસ ન છાંડી. ૧૮

'આવો સાધુ, પૂજ્ય' કહીને પાપી કપટે ભેડ્યો ભૂર.
કો શૂર જાણી સ્નેહ આણી, જેમ રાહુએ ભેટ્યો સૂર. ૧૯

**વલણ**

સૂર સરીખો શોભતો સાધુ મળ્યો સસરાને મને કરી રે!
નારદ કહે : પછે કુલિંદકુંવરને કેઈ પેરે રાખ્યો શ્રી હરિ રે. ૨૦

## કડવું ૨૪

[યુદ્ધમાં જેને પહોંચી શકાય તેમ એવા ચંદ્રહાસને મારવાનો ધૃષ્ટબુદ્ધિ એક વધારે પેંતરો અજમાવવાનો વિચાર કરે છે ત્યાં ગાલવ મુનિ ભરી સભામાં ધૃષ્ટબુદ્ધિને પૂર્વનાં વચન 'પુત્રી આ જે તારી તેને પરણશે ભિખારી' સંભારી તેનાં ક્રોધ અને ઈર્ષા વધારી દે છે. ધૃષ્ટબુદ્ધિ ચંદ્રહાસને અરધી રાતે બ્રાહ્મણનો વેશ ધારણ કરીને ગામના પાદરમાં રહેલા મંદિરે કાલી માતાની પૂજા કરવા મોકલી ચાર મારાઓને હથિયાર વિનાના ચંદ્રહાસને મારી નાખવાનું કામ સોંપે છે.]

## રાગ : મારુ

નારદ કહે : સાંભળ, અર્જુન, ધૃષ્ટબુદ્ધિ વિચારે મન :
'જામાત્ર તે મુજને મળિયો, સસરાનો સ્નેહ નવ કળિયો.' ૧

ધૃષ્ટબુદ્ધે વાત વિચારી : 'આ પુત્રીને પરણ્યો ભિખારી;
કહો, શત્રુને દેખી કેમ રાચું? ગાલવિયાનું વચન થયું સાચું. ૨

એ જામાત્રને જુગતે મરાવું, વિષયાને ત્યાં વિધવા કરાવું;
જે જુદ્ધે નહિ જિતાય, કરું કપટ કે બીજો ઉપાય. ૩

જદ્યપિ જો છે મુને પાપ, પુત્રીને વિધવા કરે છે બાપ,
પૂજ્ય માર્યે હત્યારો થાઉં, પેરે અડસઠ તીરથ નાહાઉં' ૪

એવી વાત વિચારી છે જેવે, ઋષિ ગાલવ પધાર્યા તેવે,
સભા સરવેએ માન દીધું, શ્યામ મુખ પ્રધાને કીધું. ૫

પ્રધાન બોલે છે રે વચન : 'સાંભળો, ચંદ્રહાસ રાજન;
કહોજી, વિપ્ર દેખીતા મોટા, પણ પશ્ન પડે છે ખોટા. ૬

પૂર્વે કોઈ એક હુતો અધિકારી, તેને પુત્રી એક કુંવારી;
એક જુગમાં જાણીતો પુર્ખ, વણવિચાર્યે બોલ્યો મૂર્ખ : ૭

અધિકારી, પુત્રી આ જે તારી, તેને પરણશે રંક ભિખારી;
તે વેળાએ હુતો હું પાસે; મેં તો નિશ્ચે જાણ્યો વિશ્વાસે. ૮

તે ભિક્ષુક રડવડી મૂઓ જોજો, તે કન્યાને પરણ્યો બીજો;
એમ સાચું બ્રાહ્મણ બોલે! જાણે નથી જાણતા અમ તોલે! ૯

પણ કહ્યું જેનું નવ થાય, તે દેશ ત્યાગી ઊઠી શે ન જાય?'
એમ મર્મ બોલ્યો વાણી, જમાઈને નથી ઓળખતો જાણી. ૧૦

ત્યારે જામાત્રે નીચું નિહાળ્યું, પણ પણ ગાલવે પાછું વાળ્યું;
પોતાનો હાથ ઊંચો કીધો, પ્રધાનને લટપટમાં લીધો : ૧૧

'અલ્યા, એમ શું બોલે હો ત્રાડે? બ્રાહ્મણનું ખોટું કોણ પાડે?
મિથ્યા થાય રામનું બાણ; પણ વિપ્રનું વચન પ્રમાણ. ૧૨

કદાપિ પડે આકાશના તારા, તોયે બ્રાહ્મણ ન હોય ખોટારા;
રવિ ચંદ્ર મંડળ ધ્રુવ ચળે, પણ ઋષિનાં કહ્યાં નવ ટળે. ૧૩

ડગે શેષનાગ ને મેર, તોયે ન પડે કહ્યામાં ફેર.
સાત સાગર મર્યાદા મૂકે; પણ વિપ્રવચન નવ ચૂકે. ૧૪

જો એક થાયે ચૌદ લોક, બ્રાહ્મણ બોલે તે નોહે ફોક.
વિપ્રથી વાજ આવ્યો વિધાતા, મઘવા મહાદેવ વિષ્ણુથી માતા. ૧૫

તો કોણ માત્ર તું રાંક, જે કાઢે છે વાડવનો વાંક?
તે જે કહ્યો અધિકારી તેની પુત્રીને પરણ્યો ભિખારી. ૧૬

તેણે મારવાનો ઉપાય કીધો, ત્યાં કૃષ્ણે ઉગારી લીધો.
તેને કોઈયે ન શકે ગાંજી, પરણ્યો સસરાના હાથ ભાંજી.' ૧૭

ગાલવે વિકાર્યું રૂપ ત્યારે થરથર ધ્રુજ્યો ભૂપ;
જાણ્યું : શોપે બાળશે વળી.' પછે પ્રધાન બોલ્યો મળી : ૧૮

‘થનાર હોય તે તે થાઓ આ ઘડીએ, પારકી વાતમાં શિદ પડીએ?’
પછે ઊઠી ગયો અજાણ; ઋષિનાં વાયક થઈ વાગ્યાં બાણ. ૧૯

‘સહી ના શકાય હવે આવું, એ જમાત્રને કપટે મરાવું.
ઋષિને વચને થયો પરિતાપ : ‘એને માર્યાનું મુને ન લાગે પાપ.’ ૨૦

પાછલો દિવસ ઘટિકા ચાર, તે વેળા તેડ્યો કુલિંદકુમાર;
દેખી મુખડું હસતું કીધું, મન-વોણું માન જ કીધું : ૨૧

‘તમને હું બોલાવું છું લાડે, જે સગપણ સીધ્યાં આડે;
સાંભળો; કુલિંદજીના કાલા, મુને મદનપેં ઘણું વહાલા. ૨૨

સગા તે સોનાનું ઢીમ, આંખ થાય છે ટાઢી હિમ
પણ એક કામ ભૂલ્યા છો તમો, હિત માટે કહું છું અમો. ૨૩

બીજા ભૂંડું મનાવે શાનું? વહાલા હોય તે કહેશે છાનું,
એક અમારા પૂર્વજે સેવી, અમારી કાલિનકા છે કુળદેવી. ૨૪

જે કોઈ નવો જમાઈ થાય, તે કરે દેવીની પુજાય,
આયુધ વિના એકલો થાયે, તો વિઘ્નમાત્ર તેનાં જાયે. ૨૫

દેહેરું નગરથી ઓતરાડું, વાટ તેની એંધાણી દેખાડું. ૨૬

છેક પુરની પૂંઠે ફરજો, પવિત્રપણે પૂજા કરજો.’
સાંભળી હરખ્યો હરિનો દાસ, ‘જાઉં’ કરી ઊઠ્યો ચંદ્રહાસ. ૨૭

આઈની પૂજા વિધવિધ આણાવી, તે મદનને વાત ન જણાવી.
ધૃષ્ટબુદ્ધે કર્યો વિચાર, ચાંડાલ તેડાવ્યા ચાર. ૨૮

છાની વાત એક તેને કહી : ‘પહેલાંની પેઠે કરવું નહિ.
પૂર્વે કામ મારું ન કીધું, છેતરી ધન મારું લીધું. ૨૯

એક તમને દેઉં છું કાજ, જોઉં કેવું કરો છો આજ.
પૂર્વમાં આવડ જૂનું છે દેહરું, ત્યાં તમને મોકલું છું હેરું. ૩૦

પૂજાનું પાત્ર જેને હાથ, એકલો, બીજો નહિ કો સાથ,
તમો રહેજો દેહાર પૂંઠો, તે જ્યારે પૂજા કરી ઊઠે. ૩૧

દ્વારે ખડગ સામાં ધરજો, નીસરતાં કાપી કટકા કરજો.
જો કરશો એટલું કામ, તો આપીશ એકેકું ગામ.’ ૩૨

ચાંડાલ કહે શિર નામી : ‘એ કારજ અમારું, સ્વામી,’
હરખીને ચારે ચાલ્યા; ખાંડાં પાણીવાળાં કરે ઝાલ્યાં. ૩૩

દહેરે સંતાઈ ચારે રહ્યા, પણ ચંદ્રહાસ નવ ગયા.
જેના હરિએ ગ્રહ્યા છે હાથ, શાલિગ્રામ બાંધ્યા કંઠ સાથ. ૩૪

તેને કોણ કપટે મારે, જેને અવિનાશી ઉગારે? ૩૫

**વલણ**

ઉગારે અવિનાશી જેને, તેને કોઈ ગાંજે નહિ રે;
નારદ કહે : સાંભળ ઓ અર્જુન, એ કથા એટલેથી રહી રે. ૩૬

## કડવું ૨૫

[આ નગરના રાજા કુલીનને સ્વપ્ન આવે છે. ગાલવ ઋષિ સ્વપ્નનો અર્થ બતાવી છ માસમાં જ રાજાનું મૃત્યુ થશે એવી ભવિષ્યવાણી કરે છે. અંતકાળ નજીક આવેલ જોઈને રાજા પુત્રીનું લગ્ન ન કરી શક્યાનો વસવસો કરે છે ત્યારે મદન કહે છે તમારી દીકરીના લગ્ન ચંદ્રહાસ સાથે કરો. રાજા ચંદ્રહાસને તેડવા મદનને મોકલે છે ત્યાં જ બ્રહ્મણના વેશમાં પૂજાની થાળી લઈને ચંદ્રહાસ સામે મળે છે. અરધી રાતે પૂજા કરવાનું કામ પિતા ધૃષ્ટબુદ્ધિએ સોંપ્યું છે એવું જાણી મદનને ફાળ પડે છે રખે પિતા ચંદ્રહાસને કાવતરું કરી મારી નાખે! એટલે પૂજાની થાળી લઈ પોતે પૂજા કરવા જાય છે અને ચંદ્રહાસને લગ્ન માટે મોકલે છે. અંધારામાં પૂજા કરીને બહાર નીકળતાં ખડગ લઈને બારણે ઊભેલા મારાઓ મદનને ચંદ્રહાસ માની તેનો વધ કરી નાખે છે.]

### રાગ : મેવાડો

હવે જૈમિનિજી એમ કહે : તું સંભાળ જનમેજય રાયજી.
તે નગ્રમાંહે કુંતલ રાજા, તેને એક કન્યાયજી. ૧

ચંકમાલિની નામ તેનું, વિષયાની સહિયારીજી,
કષ્ટ પામી તે કલેવરમાં, પોતે રહી કુંવારીજી. ૨

ચંપકમાલિની મને વિમાસે, 'વિષયાના વરને વરુંજી;
એથી અધિકું મુંને કોણ મળશે? તે સાથ વિવાહ કરુંજી.' ૩

પણ વૃદ્ધ પિતાને કહેવાય નહિ, જે છત્રપતિ મહારાજજી.
કન્યાએ મદનને કહ્યું, મૂકી મનની લાજજી. ૪

મદન મંત્રી મહારાજ પાસે નિત્યે સેવા કરવા રહેતોજી.
કુંતલ રાજા મનની વાત તે મદનને માંડી કેહેતોજી. ૫

પણ પૌર્ણમાસીની પહોર રાતે આવ્યું રાજાને સ્વપનજી,
તે વેળાએ ભડખી ઊઠ્યો, પાસે દીઠો મદનજી : ૬

'અરે મદન, કોઈ બ્રાહ્મણ છેજે જાણે ત્રિકાળનું જ્ઞાનજી?'
તે વેળાએ મદને તેડાવ્યા ગાલવ મુનિ ભગવાનજી. ૭

કર જોડીને પ્રશ્ન પૂછ્યું જે આવ્યું ઘોર સ્વપંનજી :
'ઊંટે ચઢી દક્ષિણ ગયો હું કરતો રુધિર પ્રાશનજી. ૮

કાળપુરુષ વાટમાં મળ્યો તે ગ્રસવા પૂંઠે ધાયોજી.
ગળીના કુંડ વિષે હું પડિયો, કાંપે કરી લેપાયોજી.' ૯

એવું સાંભળી ગાલવ બોલ્યા, વિચારી અંતકર્ણજી :
'મહારાજ આજથી છઠ્ઠે માસે આવ્યું તમારું મર્ણજી.' ૧૦

કહેતાં માંહે કુંતલ ઊઠ્યો. મદનને સોંપ્યો રાજભારજી :
'હું તપ કરીને સ્વર્ગે જઈશ, તું મારો કુમારજી. ૧૧

પણ દાઝ રહી એક મોટી મનમાં, કુંવરી નવ દેવાઈજી,
મેં દશ વરસ લગી પુત્રીને ન ખોળિયો જમાઈજી. ૧૨

હવે તું પરણાવજે કુંવરીને, એ બહેન છે તારીજી.'
ત્યારે કર જોડીને મદન કહે છે : 'સાંભળો વિનતિ મારીજી. ૧૩

મેં વિષયા બહેનને પરણાવી, ચંદ્રહાસ રાજનજી,
કુળે ગુણે બલે પૂરો, સાધુ ને સુજનજી. ૧૪

ચૌદ વિદ્યા સંપૂર્ણ જાણે, નરખ્યે હરખે મનજી;
આજ્ઞા હોય જો તમારી, તો તેડી લાવું, રાજનજી.' ૧૫

ત્યારે ગાલવ કહે : 'એ વર કેરું લગ્ન કરો થૈ મગ્નજી;
વિવાહ કરો તો આજ મધરાતે છે ઘડિયાળાં લગ્નજી.' ૧૬

'હે મદન, જાઓ તે સાધુને શીઘ્રે તેડી લાવોજી;
હું દેખતાં હરિભક્તને પુત્રી મારી પરણાવોજી.' ૧૭

મદન ચાલ્યો ચંદ્રહાસને તેડવા અશ્વે થઈ અસવારજી;
એવે વાટમાં સામો મળ્યો, કુલિંદ તણો કુમારજી. ૧૮

પીતાંબરની પલવટ વાળી પૂજાની થાળી લીધીજી;
સોમ સરખું વદન વિરાજે, કેસરની અરચા કીધીજી. ૧૯

હરિભક્તને દેખી અશ્વથો મદન કુંવર ઊતરિયોજી;
વિસ્મે થઈને આવ્યો પાસે, પ્રણામ પ્રેમશું કરિયોજી. ૨૦

'અરે મહારાજ, આ મધરાત્રે સેવક રહિત ઉઘાડું ગાત્રજી;
શસ્ત્રવસ્ત્ર વિના બંધુ, કાં જાઓ? કર ગ્રહ્યું કાં પૂજનપાત્રજી?' ૨૧

ચંદ્રહાસ કહે : 'પિતા તમારે મુજને આજ્ઞા આપીજી,
શ્વસુર તે પિતાને થાનક; વચન લોપે તે મહાપાપીજી. ૨૨

તેણે કહ્યું, કુળદેવી પૂજે, જે થાય નવો પૂજનીકજી,
મધરાત્રે કાલિકા જાઓ, કોની ન ધરશો બીકજી.' ૨૩

થર થર ધ્રૂજે, કાંઈ ન સૂઝે, મદને તે વાત જાણીજી :
‘પિતા મારો માહપાપી છે, રખે લેતો પૂજ્યના પ્રાણીજી! ૨૪

અરે સુરધીશ, પ્રાતઃકાળે કુળદેવીનું પૂજન કરવું જી,
રાજપુત્રી વરજો, રાજ કરજો, મહારાજ, નિર્મ્યું છત્ર ધરવુંજી.’ ૨૫

‘કો મેરુ આપે કનકનો તોહે હું એ નવ મૂકુંજી;
સસરાનું વચન લોપી, સાધુ થઈ કેમ ચૂકુંજી’ ૨૬

મદન કહે : ‘તમને પ્રાણ સોંપ્યો છે, સાટે હું કરું પૂજાયજી;
તમે પધારો રાજભવનમાં કાં જે લગ્નવેળા જાયજી.’ ૨૭

શસ્ત્ર વસ્ત્ર અશ્વ આપીને, વળાવ્યો બનેવીજી;
પૂજા-સામગ્રી પોતે લીધી, ચાલ્યો જ્યાં કુળદેવીજી. ૨૮

મદનને મારગમાં જાતાં મંડાયા માન-શુકનજી;
વામાંગ તે ફરકવા લાગ્યું, ફરકે વામ લોચનજી. ૨૯

મારગમાં જાતાં જમણે પાસ બે સર્પ ઊતર્યા કાળાજી;
વળી વઢતાં પગે અફળાયા વાટમાં રાની બિલાડાજી. ૩૦

નિશાચર જે ઘુવડ પક્ષી, તે મદનને મસ્તક બેઠોજી :
રખે ચંદ્રહાસને વિઘન થાતું! તે ખરખરો મનમાં પેઠોજી. ૩૧

‘અરે પરમેશ્વર, એટલું માગું હું, સાધુને હજો કલ્યાણજી;
વિઘન ઓલવજો વિષ્ણુભક્તનું, સાટે મારા જજો પ્રાણજી.’ ૩૨

એમ દુઃખને ધરતો દહેરે પોહોંતો, આઈની પૂજા કીધીજી :
'આ સેવાનું ફળ હજો ચંદ્રહાસને', આશિષ એવી લીધીજી. ૩૩

પછે દહેરામાંથી બહાર નીસરવા ભર્યાં ઉતાવળાં ડગજી;
મુખ નીસરતાં મદન-મસ્તકે ચાર પડિયાં મહા ખડગજી. ૩૪

ચાર કટકા કાપી કીધા, સચવાયું નહિ ઓસાણજી,
'હે ચંદ્રહાસ, હે ચંદ્રહાસ' એમ કહેતાં નીસર્યાં પ્રાણજી. ૩૫

**વલણ**

એમ કહેતાં પ્રાણ ગયા, સુણ પારથ બળવાન રે,
મરણ થકો ઊગર્યો રાજા, જેને માથે શ્રીભગવાન રે. ૩૬

## કડવું ૨૬

[ચંદ્રહાસનાં ચંપકમાલિની સાથે વિવાહ થાય છે. રાજા વર-વહુને આશીર્વાદ આપે છે. પછી બે કન્યા સાથે લગ્ન કરેલા ચંદ્રહાસે પ્રણામ કરવા માટે પોતાના સસરાને બોલાવ્યા. ચંદ્રહાસને રાજમહેલમાં જોઈને ધૃષ્ટબુદ્ધિ તરત જ પૂછે ચંદ્રહાસે કહ્યું કે મારા બદલે મદન પૂજા કરવા મદન ગયો છે આ સાંભળતા જ ધૃષ્ટબુદ્ધિ મૂર્છિત થઈ જાય છે.]

### રાગ : સામેરી

નારદજી એમ ઊચરે : સુણ, પારથ બળવંતજી,
મરણથી ઊગર્યો રાજા, જેને માથે શ્રીભગવંતજી. ૧

હવે ચંપકમાલિની કેમ પરણી, તે કહું કથાયજી,
ચંદ્રહાસ કુંતલને મંદિર હરિ ભજતો જાયજી. ૨

પોંખી-પૂજીને ઘરમાં લીધાં, ગાલવ દેખી પ્રસન્ન થાયજી,
રાજાને કહે : 'ઉતાવળ કીજે, લગ્નવેળા જાયજી.' ૩

માહેરામાં ગોત્રોચ્ચાર કીધા, ચોરીમાં તેડી લાવ્યાજી;
કુંતલે કન્યાદાન દીધું; દેવ ગગને જોવા આવ્યાજી. ૪

મંગળફેરા પહેલા ફરિયાં, આપ્યા હસ્તી, મૂક્યું પાણીજી;
ગાલવ ઋષિ વખાણ કરે છે, હરખ હૈયામાં આણીજી. ૫

બીજા મંગળફેરામાં આપ્યાં કનક સહિત સપ્ત ધાતુજી;
એમ રાજેએ માંડ્યું દાન જ, મન રાખ્યું ત્યાં માતુંજી. ૬

ત્રીજા મંગળના ફેરામાં આપી વસ્તુ રાજ્યાસન માંયજી;
રથ સુખપાલ ને વસ્ત્ર નાનાવિધ મન મૂકી આપ્યાં ત્યાંયજી. ૭

ચોથો મંગળ ફેરો ફરિયાં, આપ્યું રાજ્યસનજી;
ચંદ્રહાસને પગે પડિયા, રાયજી બોલ્યા વચનજી : ૮

'અમો અપરાધી વનમાં જાશું; પુત્રીને છેહ ન દેશોજી;
વિષયા તો ઘણું રૂપવાન છે; રૂડું ભૂંડું કાંઈ ન કહેશોજી.' ૯

પછે કંસાર જમ્યાં વરકન્યા, હૈયે હર્ષ ન માયજી;
ચંપકમાલિની આનંદ પામી, જે પરણી ચંદ્રહાસ રાયજી. ૧૦

પછે રાજા સ્ત્રી સાથે વન ચાલ્યા, વનફૂળ અંગે ધરતાજી,
પુત્રીને શિખામણ દીધી : 'આળસ ન સેવા કરતાંયજી.' ૧૧

ચંદ્રહાસ વળાવી વળિયો; ચંપકમાલિનીએ આંખ ભરીજી;
ચંદ્રહાસે સાતા દીધી : 'રેશો મા, સુંદરીજી.' ૧૨

રાજ્યાસને કુંવર બેઠો, શાલિગ્રામ પર છત્ર ધરાયજી.
બે સ્ત્રીઓ આર્ધાંગે રહેતી, સુંદર શોભે શોભાયજી. ૧૩

આવ્યા ગાલવ ઋષિ કહેતા : 'ચંદ્રહાસ જોગ
ચંદ્રહાસે પૂજન કીધું, સંતોષિયા ભગવાનજી. ૧૪

'અરે ગુરુજી, કોણ એવો છે સસરાને લાવે તેડીજી?
આપણા રાજમાં જે ખાઈ ગયો છે, તે સર્વે લીજે ઝંઝોડીજી.' ૧૫

ત્યારે ઋષિ કહે : 'એ કાર્ય મારું,' કહી ઉતાવળો ચાલ્યોજી;
સવારે શપ્યાથી ઊઠતાં પાપી પુરોહિત ઝાલ્યોજી. ૧૬

'કુલિંદકુંવરને રાજ્ય આપ્યું, કુંતલ પધાર્યો વનજી;
નામું લેખું ચોખ્ખું કરવા તેડે ચંદ્રહાસ રાજનજી.' ૧૭

સાંભળતાં હુંતાશન લાગ્યો : 'જમાઈ જીવ્યો તે જુઓજી;
કુંવરી સાથે રાજ્ય પામ્યો, મેં મરાવ્યો નવ મૂઓજી.' ૧૮

દંત કરડતો ને મૂછ મરડતો આવ્યો રાજસભા મોઝારજી;
ચંદ્રહાસે માન જ દીધું; કર જોડી કીધો નમસ્કરજી. ૧૯

ધુણાવી શીશ, ચઢાવી રીસ, મુખે બોલ્યો મર્મની માંહ્યજી :
'અરે સાધુ, મોકલ્યા'તા કરવા દેવી તણી પૂજાયજી!' ૨૦

જમાઈ કહે : 'જ્યારે ગયાની વેળા, ત્યારે હતું લગ્નજી;
મારે સાટે મોકલ્યા છે પૂજા કરવા મદનજી.' ૨૧

### વલણ

'મોકલ્યો મદન પૂજાને,' એવી વાત દુષ્ટે સાંભળી રે;
ઊડી ગયું મુખ ને પામ્યો દુઃખ, મૂર્ખને મૂર્ચ્છા વળી રે. ૨૨

## કડવું ૨૭

[હાફળો-ફાફળો થતો ધૃષ્ટબુદ્ધિ મંદિરે જઈને જુએ છે તો મદનના શરીરના ચાર કટકા પડ્યા છે. ધૃષ્ટબુદ્ધિ આર્ત હૃદયે કલ્પાંત કરે છે અને કાળો કકળાટ કરે છે. પારાવાર પસ્તાવો કરીને પથ્થરથી માથું ફૂટીને આપઘાત કરે છે. સાળા સસરાના મૃત્યુના સમાચાર મળતાં જ ચંદ્રહાસને પોતાની જાત પ્રત્યે ઘૃણા થાય છે.]

### રાગ : મેવાડો

પુરોહિત પડિયો હો મૂર્ચ્છા ખાઈજી :
'મદન શું મુઓ રે? હોય ન મુઓ જમાઈજી,'
ચાંડલ ચાર હો રે તેડાવ્યા પાસજી;
પૂછ્યું તેઓને રે હો, 'શાને ન કીધો નાશજી?' ૧

અંત્યજ કહે છે : 'હો અર્થ જ સીધ્યાજી;
શત્રુ મારી હો કટકા કીધાજી.'
અડવણ પાગે હો ધાયો તાતજી :
'પુત્રને રાખજો હો ભવાની માતજી.' ૨

વદન વીલે હીંડે હો, ડિલે પ્રસ્વેદજી;
લોચન ભરતો હો, પામ્યો અતિ ખેદજી,
અખડાયે વાટે હો, બેઠો થાતો જી;
પાળે પાયે હો, દેવી ભણી ધાતોજી. ૩

પડિયો દીઠો હો જ્યારે કુમારજી,
જૂજવા પડ્યા છે હો કટકા ચારજી
અગ્નિજ્વાલા હો અંગે લાગીજી;
શૃંગ મેરુનું હો પડે જેમ ભાગીજી. ૪

એમ પુત્રને દેખી હો, પિતા પડિયોજી;
આરત નાદે હો, આરડી રડિયોજી.
કટકા ચાર હો એકઠા કીધાજી,
લોહીએ ખરડ્યા હો ખોળે લીધાજી. ૫

બોલો, દીકરા હો, મદન ગુણંવંતાજી;
મુને અતિશે હો થઈ છે ચિંતાજી.
સેજ્યાએ સરખા હો હસતાં રોમજી;
વાંકી વસમી હો ખૂંચશે ભોમજી. ૬

કૃપા કરીને હો કહો કાંઈ કાલાજી;
વાંક તજીને હો, ઊઠો, સુત વહાલાજી.
તમો મુઆ તે રે હો, મારી કમાઈજી,
મેં મારવા માંડ્યો હો સાધુ જમાઈજી. ૭

ત્રણ વરાં મેં રે ખપુવે કીધાજી;
દીનાનાથે રે હો, ઉગારી લીધાજી.

કીધી કરણી રે હો, કેઈ પેરે મૂકેજી;
દેવ ને ડાહ્યા રે કંઈ યે નવ ચૂકેજી. ૮

મદન મુઓ રે હો, મન કેમ વાળું જી?
કેમ જાઉં પુરમાંહીં રે, મુખ લેઈ કાળુંજી?'
પછે મસ્તક ફોડ્યું રે, કૂટિયા પહાણજી;
'હા હા' કહેતાં રે હો, ગયા તેના પ્રાણજી. ૯

**વલણ**

પ્રાણ ગયા સસરાના જાણી જે ચંદ્રહાસ જમાઈ રે.
ભડકી ઊઠ્યો આસનેથી, દહેરે આવ્યો ધાઈ રે. ૧૦

## કડવું ૨૮

[મંદિરે આવી બંનેને જોતાં ચંદ્રહાસને લાગે છે કે આ બંનેનાં મૃત્યુ પોતાના કારણે જ થયાં છે, એમ માની જ્યારે પોતાનું માથું કાપી હોમવા જાય છે ત્યાં જ ખૂદ ભગવાન ચંદ્રહાસનો હાથ પકડી અટકાવે છે. એજ સમયે યાદ્યશક્તિ દેવી મંદિરમાંથી પ્રગટ થયા છે, અને ચંદ્રહાસને વચન માગવા કહે છે. ચંદ્રહાસ બન્ને પાસે સસરા-સાળાને સજીવન કરવાનું વચન માગે છે, બન્ને સજીવન થતાં બધાં ભક્તિભાવ સાથે નગરમાં આવે છે. પછી મદન અને ચંદ્રહાસ લાંબો સમય રાજ કરે છે. ચંદ્રહાસને વિષયાથી પદ્માક્ષ અને ચંપકમાલિનીથી મકરધ્વજ નામના બે પુત્રો થાય છે જેણે અર્જુનના અશ્વમેઘના ઘોડાને પકડી લઈ અર્જુનને પણ માત આપી.]

**રાગ : સામગ્રી**

ધાઈ આવ્યો છે ચંદ્રહાસજી, કાંઈ ન સૂઝે, મૂકે નિ:શ્વાસજી;
થરથર ધ્રૂજે મહા ઉચ્ચાટજી : 'આ બે મુઆ તે હું-માટજી. ૧

## ઢાળ

‘હું માટ બન્યો મુઆ, તેણે તિલક થયું શ્યામ!
જુગ કહેશે : જમાઈને પગલે શ્વસુર-સાળાનો ફેડ્યો ઠામ. ૨

હવે આદ્યશક્તિને હત્યા આપું,’ પછે પ્રગટાવ્યો હુતાશન;
ખપુવે કાપી દેહ પોતાની, હરિભક્તને માંડ્યો હવન. ૩

પાદ પૃષ્ઠ ને સ્કંધ છેદી હોમ્યું પાવક-જ્વાળ,
મસ્તક હોમ્યાનું મન કીધું, ત્યારે ધાઈ આવ્યા ગોપાળ. ૪

‘હાં હાં’ કહી હેલામાં હરિએ હરિભક્તનો ઝાલ્યો હાથ;
ખપ કરીને ખપુવો ખેંચી લીધો વૈકુંઠનાથ : ૫

‘માગ્ય, માગ્ય ભક્ત મુજ તણા, કહે તો આપું ઇન્દ્રાસન.’
એવે હલહલાટ કરતાં આવી, બોલ્યા આદ્યશક્તિ વચન : ૬

‘ભગવંતજી, વેગળા રહો, ભક્ત ભવાનીનો એહ;
મારે થાનક મદન માટે હોમી પોતાની દેહ.’ ૭

ચંદ્રહાસ કહે : ‘કરો જીવતા, બે સુભટ પામ્યા મર્ણ,
હે વિષ્ણુજી, મને વૈકુંઠ તેડો, હું સેવું તામરા ચર્ણ.’ ૮

શિર હાથ મૂકી સેવક પ્રત્યે ઊચ્ચરે અવિનાશ :
‘જા, દાસ મારા, હું સદા લગી રહીશ તારી પાસ.’ ૯

એમ સર્વ દેખતાં આદ્યશક્તિએ ઉઠાડ્યા બે યોધ.
કરે ગ્રહી કહેતા ગયા પ્રગટ થઈ પ્રતિબોધ. ૧૦

પછે દેવ-દેવી દેખતાં હવા તે અંતર્ધાન;
ચંદ્રહાસને ચરણે લાગી પિતા-પુત્ર માગે માન. ૧૧

પ્રધાન કહે : 'મેં કપટ કીધું, ત્રણ વરાં હું ચૂક્યો.
પણ સાધુ પુરુષે મન ન આણ્યું, સ્વાભાવ પોતાને ન મૂક્યો.' ૧૨

પછે ગાજતે વાજતે આવ્યા નગરમાં, તેડાવ્યો કુલિંદ બાપ;
મેધાવિની મા મોહને પામી, દેખી પુત્રનો પ્રતાપ. ૧૩

કેટલેક કાળે બે વેવાઈ ગયા ઊઠીને વન;
મદન સાથે ચંદ્રહાસે ચલાવ્યું રાજ્યાસન, ૧૪

ચંદ્રહાસનથી વિષયાને પદ્માક્ષ નામે કુમાર;
ચંપકમાલિનીનો મકરધ્વજ, જે લેઈ ગયા તોખાર. ૧૫

અર્જુન પ્રત્યે કહે નારદ : 'તુ સાંભળ સાચું રાય;
અમે તુંને માંડી કહ્યો સાધુ તણો મહિમાય. ૧૬

શાલિગ્રામનો મોટો મહિમા, સાંભળે પૂજે ને ગાય,
પૂર્વજ તેહના ઉદ્ધરે, કોટિક હત્યા થાય. ૧૭

કાંઈ ઓછું હશે તે કૃષ્ણ કહેશે.' નારદ હવા અંતર્ધાન,
અર્જુન આહ્‌લાદ પામિયો, પછે વીનવ્યા ભગવાન : ૧૮

'સ્વામી, સાધુ સાથે યુદ્ધ કરતાં, આપણને લાગે ખોડ.'
હરિ કહે : 'હવડાં આવશે, કુંવર લઈ તુરીજોડ' ૧૯

વાત કરતાં વેગળેથી આવતો દીઠો ચંદ્રહાસ;
સભામાંહેથી સામા ચાલ્યા અર્જુન ને અવિનાશ. ૨૦

શ્રીકૃષ્ણ-ચરણ જ માગતો હરિએ ગ્રહી બેઠો કીધો;
ભક્તવત્સલ શ્રીકૃષ્ણજીએ હૃદયા સાથે લીધો. ૨૧

ખભે હાથ મૂકી હરિ કહે છે : 'સાંભળ મુજ વચન;
હું સવ્યાસાચી સાથે આવ્યો, કરવા તારું દર્શન.' ૨૨

સુણી વાક્ય ભગવાનજીનું, ભક્ત વળતો રોય;
આંખનાં આંસુ અવિનાશી પટકુળ પોતાથી લ્હોય. ૨૩

અર્જુન સાથે સેન સહુએ તેડ્યું, સાથ ચંદ્રહાસ;
પ્રાહુણા પધાર્યા પુર વિષે, કૃપા કીધી અવિનાશ. ૨૪

ત્રણ દિવસ પ્રાહુણા રહ્યા, હરિ ને અર્જુન;
બીજાં વસ્ત્ર અશ્વ આપ્યા, આપ્યો અશ્વમેધ-વાજીન. ૨૫

ચંદ્રહાસ રાજા સાથે તેડ્યો, ત્યાંથી સંચર્યો પારથ.
કુલિંદ-કુંવર ને કિરીટ બેઠા, કૃષ્ણે હાંક્યો રથ. ૨૬

હવે જૈમિનિ એમ ઉચ્ચરે : સુણ અતલિબલ પરીક્ષિત-તન;
આંહાં થકી પુરણ થયું ચંદ્રહાસનું આખ્યાન. ૨૭

સત્તાવીશ કડવાં એહનાં, પદ છસેં ને પાંત્રીશ;
રાગ આઠ એના જૂજવા, કૃપા કીધી શ્રીજગદીશ. ૨૮

સંવત સત્તર સત્તાવીશ વર્ષ, સિંહસ્થ વર્ષની સંધ,
જ્યેષ્ઠ શુદી સાતમ સોમવારે, પૂરણ કીધો પદબંધ. ૨૯

વટપદ્રવાસી ચાતુર્વિંશી ભટ પ્રેમાનંદ નામ,
કથા કહી ચંદ્રહાસની, કૃપા કીધી શાલિગ્રામ. ૩૦

**વલણ**

કીધી કૃપા શાલિગ્રામે, રૂડી પેરે રક્ષા કરી રે;
એમાં કાંઈ સંદેહ નહિ; શ્રોતા, બોલો શ્રીહરિ રે. ૩૧

* * *

## શબ્દાર્થ-નોંધ

**કડવું-૧**

વૃષકેતુ – કર્ણનો પુત્ર
પ્રદ્યુમન – કૃષ્ણનો પુત્ર
સુધન્વા અને સુરથ – હંસધ્વજના પુત્રો
બભ્રુવાહન – અર્જુન અને ચિત્રાંગદાનો પુત્ર
નીલધ્વજ – માહિષ્મતીનો રાજા
હંસધ્વજ – ચંપકપુરીનો રાજા
સવ્યસાચી – ડાબા અને જમણા બન્ને હાથે તીર ચલાવી શકે તેવો, અર્જુન
વીણાપાણ – વીણાપાણિ; જેના હાથમાં વીણા છે તેવા, નારદ

**કડવું-૨**

પિનાકપાણ – પિનાકપાણિ; જેના હાથમાં પિનાક નામનું બાણ છે તે, શિવ

**કડવું-૩**

-----------

**કડવું-૪**

જંખજાળ – ઝાંખરાની જાળી
વણિયર – એ નામનું એક બિલાડીના કુળનું પ્રાણી
વ્યાળ – સાપ
ખડુંખાબડાં – ખાડા ખાબોચિયાં
ભેરવ – ચીબરી
ઘોહ – ઘો નામનું સરિસૃપ
પાળી – છરી

**કડવું-૫**

અંબરીષ – મનુના નવમા પુત્ર નભાગનો પૌત્ર અને નાભાગનો પુત્ર

અત્રિકુમાર – દુર્વાસા ઋષિ

પોળિયા – દ્વારપાલ

કચ્છપ – કાચબો

**કડવું-૬**

શ્યામાસૂત – દાસીનો પુત્ર

**કડવું-૭**

નવનિધ – કુબેરના નવ ભંડાર –પદ્મ, મહાપદ્મ, શંખ, ચક્ર, કચ્છપ, મુકુન્દ, કુંદ, નીલ, ખર્વ.

અષ્ટમહાસિદ્ધિ – આઠ મહા સિદ્ધિઓ –અણિમા, ગરિમા, લઘિમા, ઈશિત્વ, વશિત્વ, પ્રાકામ્ય, પ્રાપ્તિ.

સારંગ –મૃગ

વાસવા – ઇન્દ્ર

વિરંચી – બ્રહ્મા

અચ્યુત – ભગવાન

તુષ્ટમાન –પ્રસન્ન

**કડવું-૮**

ગાંડીવપાવણિ-જેનાં હાથમાં ગાંડીવ નામનું ધનુષ્ય છે તે, અર્જુન

**કડવું-૯**

અધ્યારુ – શિક્ષણ

ભૂર – મૂરખ

કાચી – નાશવંત

**કડવું-૧૦**

પ્રોહિત – પુરોહિત

હલકાર્યાં – આગળ ચલાવ્યા
નડેટાટ – ખેદાન મેદાન
પનોતો – માનીતો

**કડવું-૧૧**
અગોપ – છાનુ

**કડવું-૧૨**
કપિલા – ગાય
કૃષ્ણ કુરંગ – કાળિયાર
ઘટિકા – ઘડી (આશરે ચોવીસ મિનિટ જેટલો સમય)
પરિસ્તરણ – પાથરણું, પથારી

**કડવું-૧૩**
ગુલ્મ – ઝૂંડ/ઝાડી
શીરફળ – શ્રીફળ
ફોફળ – સોપારી
બદરી – બોરડી
વાપી – વાવ
પાવઠ – જ્યાં ઊભા રહી કૂવામાંથી પાણી સિંચાય તેવાં ઊભાં બે લાકડાં
તોય – પાણી
ચંત – ચિત્ત
રત – ઋતુ
સંધે – સંદેહ
અત્રિનંદન – અત્રિઋષિના પુત્ર દુર્વાસા
અનુગ્રહ – નિવારણ

**કડવું-૧૪**
અનંગ – કામદે

ત્રટ – તટ
બુધ્ય – બુદ્ધિ
ખૂત્યો – ખૂપ્યો
પાખે – વિના
નિરભે – નિર્ભય

**કડવું-૧૫**
નરખું – નીરખું
પરું – દૂર
શુકચંચા – પોપટની ચાંચ
કેસરી – સિંહ
કભાય અંગરખું

**કડવું-૧૬**
વડી – મોટી
સોજ – આચરણ

**કડવું-૧૭**
અસુર – મોડું
પ્રાહુણા – અતિથિ
લટપટ કરી – મીઠું બોલી
ઉલટ – આનંદ, ઉમંગ
અંઘોળ – નહાવું
વનિતા – સ્રી
રઢિયાળું – સુંદર
ફોક – નકામું

**કડવું-૧૮**
ભેરી-નફેરી – નગારા પ્રકારનાં વાદ્યો
દીક્ષિતપણું – યજમાનપણું

વિહ્વળ – અહીં પ્રસન્ન
અવિધારો – સાંભળો

**કડવું-૧૯**
વાહી – છેતરી
માની – માનીતી
દશૈયા – લગ્ન પછી સસરા દ્વારા જમાઈને અપાતાં દસ જમણ

**કડવું-૨૦**
દક્ષિણ પાણ – જમણો હાથ
દ્રુમ – વૃક્ષ
હુતાશન – અગ્નિ
ઉધ્વસ્ત – ઉજ્જડ
કણ – અનાજ
પાગ – પગ

**કડવું-૨૧**
ભેદ – યુક્તિ
ધરર્ણે -- ધરતી પર
દાધી – દાઝી
અખડાઈ – અથડાઈ
બુધાના – દંડાના

**કડવું-૨૨**
શુધ્ય – ભાન
લહાણ – આપવું
વાંક – દોષ

**કડવું-૨૩**
અણપ્રીચ્છયો – અચાનક

બાંહે – બાજુ  પર, હાથે
બેરખા – બાજુબંધ
પોંચો – કાંડું
પહોંચી – પુરુષે બાંધવાનું એક ઘરણું
ભાણ – સૂર્ય
દુગદુગી – ડોકમાં પહેરવાનું ડમરું આકારનું નાનું ઘરેણું
દ્યોતી – પ્રકાશ
કમળનો વાગો – કમળના આકારનું એક ઘરેણું
શાર્દુલ – વાઘ
ભૂર – ઘણું

**કડવું-૨૪**
જુગતે – યુક્તિથી
પ્રશ્ન – ભવિષ્યકથન
પુર્ખ – પુરુષ
વાજ આવવું – કંટાળવું
મધવા – ઈન્દ્ર
માતા – મોટા
વાડવ – વિપ્ર
ગાંજી – હરાવી
ઓતરાડું – અલાયદું, દૂર એકાંતમાં
અવડ – નિર્જન
હેરુ – ગુપ્ત રીતે
પાણીવાળા – લોખંડના તીક્ષ્ણ હથિયાર બનાવતી વખતે એને વધારે પાણી પાવાથી એની ધાર વધારે કડક બને છે.

**કડવું-૨૫**
કલેવરમાં – હૃદયમાં
પ્રાશન – પીવું
દાઝ – અસંતોષ

ઘડિયાં – તે જ ઘડીએ કરાય તેવાં લગ્ન
અરચા – લલાટે ચારેય આંગળીએ કરતી આડય
સાટે – બદલે
કાં જે – કારણ કે
ઓસાણ – ખ્યાલ

**કડવું-૨૬**
પાણી મૂકવું – સંકલ્પ કરવો
માતું – ઉમંગમાં ઉદાર
સુખપાલ – પાલખી
મુખ ઊડી જવું – ચહેરો ફિક્કો પડી જવો.

**કડવું-૨૭**
અર્થ સધાવું – કામ થવું
અડવણ પગ ધાવું – ઉઘાડા પગે દોડવું
આરત – આર્ત, દુઃખી
આરડવું – પોક મૂકવી
કમાઈ – કરણીનું ફળ
વર – વાર
ખપુવે – યુક્તિપૂર્વક

**કડવું-૨૮**
ઉચાટ – દુઃખ
હું માટ – મારા માટે
ઠામ ફેડવો – સત્યાનાશ વાળવું
હત્યા – બલિદાન
ઉઠાડ્યા – સજીવન કર્યા
પ્રતિશોધ – ઉપદેશ
પ્રાહુણા – અતિથિ

૦૦૦

ચંદ્રહાસ-આખ્યાન : આસ્વાદ-સમીક્ષા

આખ્યાન-કાવ્યનું સ્વરૂપ અને વિકાસગતિ

પ્રેમાનંદ : સમય, જીવન અને સર્જન

રસની બાબતમાં કોઈપણ ગુજરાતી કવિ પ્રેમાનંદના પેંગડામાં પગ ઘાલે એવો નથી. તાક્યું તીર મારનારો તો પ્રેમાનંદ જ. એ ધારે છે ત્યારે રડાવે છે, ધારે છે ત્યારે હસાવે છે અને ધારે છે ત્યારે શાંત રસના ઘરમાં આપણને લઈ જઈને બેસાડે છે.

**નવલરામ**

[ગુજરાતીના પહેલા વિવેચક]

## ચંદ્રહાસાખ્યાન : શૃંગ પર પહોંચવાનો અણસાર...

કવિ પ્રેમાનંદને ગુજરાતી સાહિત્યજગત ઉત્તમ આખ્યાનકાર તરીકે ઓળખે છે. એ જમાનામાં કથારસની જમાવટ કરતાં અને નાટ્યાત્મક વસ્તુવાળાં કથાનકો પ્રજાને વધુ આકર્ષતાં. – આજે પણ આકર્ષે છે. તેથી રસની સુરેખ માંડણી અને સંક્રાંતિ માટે પ્રેમાનંદની સમયાન્તરે નોંધ લેવાતી રહે છે.

સર્જકના સાહિત્યને એના સમયકાળના સંદર્ભે મુલવવું જોઈએ. પ્રેમાનંદે લગભગ સાડા ચાર દાયકાના સર્જનકાળ દરમિયાન વિપુલ સર્જન કર્યું બધા સર્જકોની સર્જકતામાં સમયોચિત ચઢાવ-ઉતાર આવે એમ આ સર્જકમાં પણ આવ્યા હોય એ સ્વાભાવિક છે. તેમ છતાં પૂરા મધ્યકાળમાં પ્રેમાનંદ પ્રતિભાશાળી આખ્યાનકાર તરીકે આપણી સામે ઊપસી આવે છે. આથી એ સમયની એમની પ્રતિભાનો સ્પર્શ આજે પણ આપણને થયા વિના રહેતો નથી. એ એમના સર્જનની મહત્તા કહેવાય.

સર્જક આખરે પોતાના સમયનું સંતાન હોય છે. એ પોતાના પુરોગામી સર્જકોના ખભે બેસી દૂરનું જોઈ શકતો હોય છે. પ્રેમાનંદ પણ એમાં બાકાત નથી. પ્રેમાનંદે પોતાના સંસ્કૃત-પ્રાકૃત-ગુજરાતીના પુરોગામી કવિઓના સર્જનનું આકંઠ પાન કર્યું હશે. સાથેસાથે સમકાલીનોની કૃતિઓમાંથી ખપજોગું સ્વીકાર્યું અને પોતાના પ્રતિભાસ્પર્શથી ઊંચકી બતાવ્યું છે.

આખ્યાન કથાત્મક કવિતાનો, પ્રાચીન પુરાણો અને અત્યારના ખંડકાવ્યોને પડખે બેસે તેવો લાંબો કાવ્યપ્રકાર છે. કાવ્યપ્રકાર તરીકે આખ્યાન કડવાબદ્ધ અપભ્રંશ અને પછીના સાહિત્ય સ્વરૂપોનું સાતત્ય જાળવે છે. આખ્યાન એટલે ગાન અને અભિનય સાથે થતી પ્રસ્તુતિ. આવા પ્રકારનો ત્રિવિધ (ગાવું-વગાડવું-કહેવું-નો) કથાકસબ એ જમાનાના માણસોનો ત્રિવિધ તાપ દૂર કરનારો નીવડતો હશે. એટલે મધ્યકાળમાં આખ્યાન સ્વરૂપ ઠીકઠીક

લોકપ્રિય બન્યું અને વિકસ્યું પણ.

આખ્યાનમાં સામાન્ય રીતે પહેલા કડવામાં ગણપતિ અને સરસ્વતીની સ્તુતિરૂપે મંગલાચરણ કરવામાં આવે છે. એમાં ક્યારેક આખ્યાનના વિષયવસ્તુનો નિર્દેશ કરી મંગલાચરણ કરી પૂર્વકથા પ્રસ્તાવનારૂપે પણ મૂકવામાં આવે છે. આખ્યાનનું વિષયવસ્તુ બધા જ આખ્યાનકાર સામાન્યતઃ રામાયણ, મહાભારત, ભાગવત વગેરે ખ્યાત ગ્રંથોમાંથી લે છે. પછી પોતાની રીતે વસ્તુવિકાસ સાધવા પોતાના સમયના સમાજને પણ યથાવકાશ આલેખવાનો મોકો લે છે. જેથી એ સમયના લોક-સમાજને, એમાં આવતાં ઘટના પ્રસંગો અને પાત્રો પોતીકાં લાગે.

પ્રેમાનંદ પોતાનાં આખ્યાનોમાં શ્રોતાગણનો પરિચિત સંસાર જ આલેખે છે. 'મામેરું'માં સીમંતવિધિ, 'ઓખાહરણ', 'ચંદ્રહાસાખ્યાન' વગેરેમાં લગ્નવિધિનું સુરેખ આલેખન એ સમયનાં રીત-રિવાજોને આપણી સામે મૂકી આપે છે. એમણે કરેલાં વનનાં વર્ણનો એ એ કાળની વનસૃષ્ટિનો પ્રેમાનંદને કેટલો નજીકનો પરિચય હશે તેની પ્રતીતિ કરાવે છે. 'નળાખ્યાન', 'ચંદ્રહાસાખ્યાન'માં આવાં વિગતપ્રચુર વર્ણનો તેમની પ્રતિભાનો ખ્યાલ આપે છે.

મધ્યકાળમાં મહાભારત અને રામાયણની તથા બીજી અનેક ધાર્મિક કથાઓ પ્રસિદ્ધ હતી. આમાં ચંદ્રહાસની કથા, ભક્તિનો મહિમા કરવામાં અનુરૂપ કથા હોવાથી મધ્યકાળના ઘણા સર્જકોને આ કથાએ આકર્ષ્યા હતા. જૈમિનીના 'અશ્વમેધ પર્વ'ની આ કથા અનેક નાટ્યાત્મક વળાંકોવાળી હોવાથી શ્રોતાઓનો રસ જળવાઈ રહે છે. જો કે આ પ્રકારના થીમવાળી પુરાણ આધારિત પ્રહલાદની કથા પણ પ્રસિદ્ધ છે. જેમાં 'વિધાતાના લેખમાં કોઈ મેખ મારી શકતું નથી.' 'જીવાડનાર ખુદ ભગવાન હોય તેને કોણ મારી શકે', 'રામ રાખે તેને કોણ ચાખે?' એ વાત આ કથાવસ્તુમાં મુખ્ય છે. આવા પ્રકારનું વિષય-વસ્તુ ભક્તિ-મહિમાકાળમાં પ્રસિદ્ધ ન થાય તો જ

નવાઈ. આવા પ્રકારનું વસ્તુ એ જમાનામાં સમાજમાં માણસની દુરિત વૃત્તિને કાબૂમાં રાખવા પણ પ્રસ્તુત ગણાય.

○

જે આખ્યાનમાં પ્રેમાનંદની કાવ્યપ્રતિભાનો આછો ખ્યાલ આવે એવાં તેમનાં પ્રમાણમાં આરંભે લખાયેલાં આખ્યાનોમાં 'ચંદ્રહાસખ્યાન' (રચનાવર્ષ ઈ.સ. ૧૭૨૭) આવે. ભક્ત અને ભક્તિનો મહિમા કરતું આ આખ્યાન ૨૮ કડવાંમાં વિસ્તરેલું છે. પહેલા કડવામાં જ પ્રેમાનંદ શ્રોતાઓને વિષયપ્રવેશ કરાવી આપે છે. કૌરવો સામે વિજય મેળવીને અશ્વમેધ યજ્ઞના ઘોડાને પાંડવોએ છૂટો મૂક્યો છે એને બે બાળકો પકડી લે છે. પ્રતિભાવાન આ બે બાળકો પાંડવોની સેનાને હરાવે છે. આવાં પ્રતિભાશાળી બાળકો કોનાં છે એવા અર્જુનના જિજ્ઞાસાપ્રશ્નના જવાબમાં નારદ અર્જુનને ચંદ્રહાસની કથા સંભળાવે છે. લગભગ આવી કથા કહેવા સંભળાવવાની અને સાંભળવાની ફલશ્રુતિ આપવાનો ઉપક્રમ મધ્યકાળની મોટાભાગની સાહિત્યકૃતિઓમાં જોવા મળે છે. આવી રીત આ એ સમયના શ્રોતાગણ સાથે ભાવાત્મક રીતે જોડાઈ જવાનો સરસ તરીકો છે.

મૂળ નક્ષત્રમાં જન્મેલો બાળક તેના મા-બાપ માટે ઘાતક બન્યો. પછી એ અનાથ બાળકનો પ્રભાવ એનું ભરણપોષણ કરનાર દાસી પર પણ પડવાથી એનું પણ મૃત્યુ થાય છે. પછી ત્રીજા કડવામાં 'પછે એ પુત્રની શી ગત થઈ, તેને રાખ્યો શ્રી ભગવાન' એમ આગળનું કથાસૂત્ર આ બે બાબતે આગળ ચાલે છે. પછી તો એ બાળકની 'શી ગત' થઈ અને ભગવાને કેવી રીતે તેને તારી લીધો એ બાબત જ શ્રોતાઓને ઉત્સુક રાખવા માટે પૂરતી છે. પ્રેમાનંદે સમયાન્તરે આવતા નાટ્યાત્મક વળાંકો ઉપસાવીને કથારસમાં ક્યાંય ક્ષતિ થવા દીધી નથી. એટલે કથામાં એક પ્રકારનો નાટ્યાત્મક વેગ અનુભવાય છે.

બ્રહ્મભોજનમાં ધૃષ્ટબુદ્ધિએ આ અનાથ બાળકને દક્ષિણા ન આપી તો ગાલવ મુનિએ જાહેરમાં ભવિષ્યવાણી કરી કે જેને તું ભિખારી માનીએ હડધૂત કરે

છે તે ભવિષ્યમાં તારો જમાઈ થશે. આ ભવિષ્યવાણી અને ધૃષ્ટબુદ્ધિનો ક્રોધમિશ્રિત દ્વેષ આખી કથામાં કેન્દ્રસ્થાને રહે છે. સમયે સમયે ધૃષ્ટબુદ્ધિના ચંદ્રહાસને મારી નાખવામાં કાવતરાં અને ભગવતભક્તિને તાંતણે બંધાયેલો ચંદ્રહાસ એ બધામાંથી કેવો આબાદ ઊગરી જાય છે એ એક પ્રકારનો ભક્તિમહિમાનો આલેખ બની જાય છે, તેમ છતાં કથારસને આંચ આવતી નથી એ પ્રેમાનંદનો વિશેષ ગણાય. ધૃષ્ટબુદ્ધિનું કુલીંદના દેશમાં રહેવું અને ચંદ્રહાસને પોતાના પુત્ર મદન પાસે કૌન્તલપુર મોકલવો એમાં પ્રેમાનંદ બે ઘટનાને સાથેસાથે ગૂંથે છે. લીલી વાડી સુકાઈ જવાની ઘટનાવાળી કથા તેરમાં કડવામાં આલેખાવાને બદલે બ્રહ્મભોજનવાળા પ્રસંગ પાસે ક્યાંય એની ગૂંથણી કરી હોત તો વધારે ઉચિત રહેત. કારણ કે પછીથી આગળની ઘટનાને આખ્યાનમાં વણવામાં રસભંગ થાય છે. ઉપરાંત કથામાં વિષયાનું પાત્ર પણ મુખ્ય હોવાથી તેના જન્મની કથાને દુર્વાસાના શાપ સાથે ક્યાંક જોડી શકાઈ હોત તો ચૌદમા કડવામાં વિષયાનો તાત્કાલિક પ્રવેશ થોડો આગંતુક લાગે છે તે સ્વાભાવિક લાગત. અને અર્જુનને વાડીના અચાનક લીલી થયા વિશે સંદેહ પડ્યો તે પણ ન પડત. જેથી આખ્યાનની વસ્તુસંકલના વધારે સુરેખ બની શકી હોત. એ જ રીતે કૌન્તલપુરના રાજા, રાજપુરોહિત ધૃષ્ટબુદ્ધિ પાસે ગૌણ ભૂમિકામાં આવી જાય.

આ આખ્યનમાં પ્રેમાનંદની સર્જકતાનાં દર્શન ક્યાં ક્યાં થાય છે તે જોવું રસપ્રદ બનશે. આ આખ્યાનનાં રસસ્થાનો ક્યાં ક્યાં અને ક્યાં? આ રસસ્થાનો આજના ડિઝીટલ જમાનામાં કેવાં કારગત નીવડે છે તે પણ જોવું પડશે. આ ઉપરાંત બહુઆયામી મનોરંજન વચ્ચે શ્વસનાર આજના માનવીને આજથી ચારસો વર્ષ પહેલાં લખાયેલા આ આખ્યાનમાંથી કંઈ આશ્વાસક કે રસાવહ લાધી શકે તેમ છે કે કેમ?

મધ્યકાળના સમગ્ર સાહિત્યની ભક્તિપ્રધાન તાસીરને પ્રતાપે આ સાહિત્યની મુલવણીમાં ક્યાંક પૂર્વગ્રહપ્રેરિત વિવરણ થવાનો ભય રહે છે. અમુક વિદ્વાનોએ

આ તત્વને મર્યાદારૂપ પણ લેખ્યું છે.  પણ 'મધ્યકાલીન કાવ્યકૃતિઓને એના સમયના સંદર્ભમાં જોવાની હોય' એ વાક્યને સામે રાખવાનું છે. આ આખ્યાનમાં નાયક ચંદ્રહાસને ભક્ત તરીકે જ વધારે ઉપસાવવાની સર્જકની પહેલેથી જ નેમ રહી છે. એટલે આપણે આ પાસાને ધ્યાનમાં લેવું પડશે. પ્રેમાનંદ આખ્યાનના આરંભે જ કહી દે છે 'અશ્વમેધની ઉત્તમ કથા છે, શ્રોતા વક્તા ધન્ય'. આમ કહેવા પાછળ પ્રેમાનંદને પરાક્રમ અને શૂરવીરતાની ઉપર ભક્તિ છે –ભક્તિનું પ્રાધાન્ય બતાવવું છે. ભક્તિ હશે તો પરાક્રમ અને વીરત્વ આપોઆપ આવશે એવો ગૂઢાર્થ કથાના આરંભે પણ છે. અર્જુનને નારદ કહે છે 'સહસ્ર વસા સતવાદી રાજા કોણે ન જીત્યો જાય.' આ ઉપરાંત વિષયા અને ચંદ્રહાસ વચ્ચેના પ્રણયરસના આલેખનમાં પણ આ ભક્તિ-પ્રાધાન્ય નડ્યું હોય એવું લાગે છે. ચંદ્રહાસ અને વિષયાના લગ્ન પહેલાં ક્યાંક પ્રેમાનંદ કુંતલપુરમાં મિલન કરવી શક્યો હોત કારણ કે 'સૂતેલા ચંદ્રહાસને વિષયા મનોમન કહે છે 'ઘેર જઈને વાટ જોઉં છું ઉતાવળા તમો આવો; મદનભાઈને મળજો, સ્વામી પત્ર લખ્યું એ લાવો.' આવી બધી બાબતો પ્રેમાનંદના આ આખ્યાનમાં મર્યાદાપક્ષમાં ઊભેલી દેખાતી હોવા છતાં આપણને તેનો રસપક્ષ વધારે સંતર્પક લાગે છે. કારણ કે કોઈ સર્જકની મહત્તા ત્યારે સ્થપાય જ્યારે તેની કૃતિ ભાવકને તેના કોઈ પાસા અંગે ચર્ચાનો મોકો પ્રદાન કરે. આવી કૃતિ ગમે તેટલો સમય વીતે તો પણ એમાં અર્થઘટનની ઘનતા ઓછી થવા દેતી નથી. આ પાસું જ કૃતિને સર્વકાલીન બનાવે છે.

આ આખ્યના ભક્તિની તરજ પર ઊભું હોવાથી ચંદ્રહાસ પ્રતાપી રાજા તરીકે નહીં પણ ભક્ત તરીકે જ વધારે ઊપસે છે એ આપણે આગળ જોયું. એ સાથે ચંદ્રહાસ એક નિરુપદ્રવી વ્યક્તિ તરીકે પણ આપણી સામે ઊપસે છે. એની ભલાઈ આખ્યાનમાં બધી જગ્યાએ દેખાય છે. એ સતત આત્મનિરીક્ષણ અને આત્મપરીક્ષણ કરતો ભળાય છે. ધૃષ્ટબુદ્ધિ ક્રૂર છે,

એણે પોતાના પાલક પિતાનું બહુ શોષણ કર્યું છે એનો ચંદ્રહાસને ખ્યાલ હોવા છતાં તે, પત્ર નહીં ખોલવાની તેમજ અરધી રાતે સાધુવેશ ધારણ કરી કાલિકાની પૂજા કરવા જવાની આજ્ઞાનું પાલન કરે છે. મદન ચંદ્રહાસને આવા પ્રકારનું જોખમ લેવાની ના પાડે છે તો એ કહે છે 'પિતા તમારે મુજને આજ્ઞા આપીજી, શ્વસુર પિતાને થાનક; વચન લોપે તે મહાપાપીજી.' ચંદ્રહાસની બાબતમાં સાચી પડતી લાગે છે. આ ઉપરાંત પોતાનાં કુકર્મોના પ્રતાપે મૃત્યુ પામનાર ધૃષ્ટબુદ્ધિને સજીવન કરવા એ મહાકાળી પાસે આત્મભોગ આપવા પણ તૈયાર થાય છે. બાળ ચંદ્રહાસ ભણવા બેસે છે તો પોતાના સહપાઠીઓને અને આખા નગરને ભક્તિના રંગે રંગે છે. 'અધ્યારુ અમસ્થો રહ્યો, કીધો ચંદ્રહાસનો સંગ રે, પાટી પાટલા પછાડ્યા પૃથ્વી, લગ્યો રસ સંગાથે રંગ રે.' આમ આ કથા મસે પ્રેમાનંદે ભક્ત અને ભક્તિનો મહિમા વ્યક્ત કરવાનો ઉદ્દેશ સેવ્યો છે. એ જમાનાના ધર્મભીરુ શ્રોતાઓને પણ પરાક્રમ,શૂરવીરતાને બદલે ધર્મ અને ભક્તિનો મહિમા જ રુચે છે.

આ આખ્યાનના મુખ્ય પાત્ર ભગવતભક્ત ચંદ્રહાસ કરતાં માત્ર બે જ કડવામાં પ્રગટ રીતે આવતું વિષયાનું પાત્ર સર્જકના હાથે જતન પામ્યું છે. આખ્યાનમાં આ બે કડવાંમાં સુકાયેલી વાડી લીલી થઈ એ ઘટના અને વિષયા દ્વારા પત્રમાં 'વિષ'નું 'વિષયા' કરવું આ બે વાનાં નિરુપાયાં છે. અહીં પ્રેમાનંદનાં પછીનાં આખ્યાનોમાં જે ઉત્તમ આખ્યાનકાર તરીકેની પ્રતિભા દેખાવાની હતી તેનાં દર્શન થાય છે. આ બે કડવાંનાં વર્ણનો જરા ઝીણવટથી જોવા જેવાં છે. જલક્રીડા કરતી વિષયા અને તેની સખીઓની વિવિધ ચેષ્ટાઓ પ્રેમાનંદની વર્ણનકળાનો ઉત્તમ નમૂનો બની રહે છે. એમાં વિષયાની સખીઓના જુદાં જુદાં ક્રિયાકલાપોનું ક્રિયાત્મક-ચિત્રાત્મક-ગતિશીલ વર્ણન...

"કો કુસુમ વીણે ગુણવંતી લાગી ગાવાજી;
કો શરીર સમારે, ઉત્તમ ઓવારે કોઈ ઊતરે કોઈ નહાવાજી.
કો તટ બેસે, કો જળમાં પેસે, તરુણી જાય તરવાજી;

કો ડૂબકી ખાય સંતાડી કાય, વળી બહાર નીસરે વઢવાજી.
કો આલિંગન દેતી, 'મૂકો મૂકો' કહેતી, કો કર દેતી તાળીજી;
કો ડૂબકી ખાય સંતાડી કાય, વળી બહાર નીસરે વઢવાજી.
કો આલિંગન દેતી, 'મૂકો મૂકો' કહેતી, કો કર દેતી તાળીજી"

અહીં એકારાંત અંત્યાનુપ્રાસ એક પ્રકારનો લય-પ્રાસ તો જાળવે જ છે, સાથે સાથે એનું આંતરનિરીક્ષણ કરતાં તેના આહાર્ય અભિનયાત્મક ક્રિયા-કલાપો આપણી સામે ખડા થાય છે. આ બધી જ કડીઓમાં એક પ્રકારની ગતિનો અહેસાસ થાય છે.

તો બીજી વિશેષતા એ મારે ખાસ નોંધવી છે કે આપણા સાહિત્યમાં સૌન્દર્યની બાબતમાં સ્ત્રીના સૌન્દર્યના વર્ણનના મુકાબલે પુરુષોના સૌન્દર્યનું વર્ણન પ્રમાણમાં ઓછું છે. એમાંય સ્ત્રીના મુખે પુરુષના સૌન્દર્યનું વર્ણન તો ભાગ્યે જ થયેલું જોવા મળે છે. સામાન્ય રીતે કવિદ્વારા જેના મુખે વર્ણન થતું હોય તેનાં રસ-રુચિ, ગમા-અણગમા, ભાષાસામર્થ્ય વગેરેનાં દર્શન થતાં હોય છે. એ અર્થે અહીં વિષયાનાં મૂખે ચંદ્રહાસના સૌન્દર્યનું વર્ણન થયું છે. આમાં મજા એ વાતની છે કે ભક્તિપ્રધાન અને ભક્તનો મહિમા દર્શાવતા આ આખ્યાનમાં ચંદ્રહાસને ભલે પ્રેમાનંદે રસિક અને સૌન્દર્યલુબ્ધ કે વિષયાના પ્રણયાનુરાગી તરીકે નથી આલેખી શકાયો પણ જાણે–અજાણ્યે એનાથી માત્ર બે કડવાંમાં તો બે કડવામાં વિષયાનો રસિક અને મસ્તીસભર સ્વભાવ આલેખાયો છે. સાથે સાથે એ જેટલી સુંદર છે તેટલી 'સ્માર્ટ' પણ છે. એની પરિસ્થિતિને સંભાળી લેવાની કાબેલિયત તો અદ્‌ભુત છે.

ચંદ્રહાસાખ્યાનમાં  કાવ્યરસની દૃષ્ટિએ ચૌદ, પંદર અને સોળમું કડવું અતિ સંતર્પક છે. એમાંય પંદરમાં કડવામાં આવતું વિષયાના મુખે થતું ચંદ્રહાસના સૌન્દર્યનું વર્ણન ઉત્તમ છે. - 'શકુ ચંચા અતિ ઉત્તમ, જાણે અધરબિંબ અલંકૃત; શશી-સવિતા શ્રવણે કુંડળ, દાડમકળી શા દંત! કપોત કંઠ, કર કુંજરના સરખા, હથેળી અંબુજવરણ.' અને 'આકાશે અભ્ર અળગું થયે

ચંદ્રબિંબ દીસે જેવું; ત્યમ પિછોડી પર કીધે મુખ કુલિંદકુંવરનું તેવું.' આ વર્ણનમાં ઉપમાન અને ઉપમેયને સામસામે રાખીને બન્ને વચ્ચેના સાદૃશ્યનું વિશ્લેષણ કરવા જેવું છે.

વિષયાની સ્માર્ટનેસનાં દર્શન તો એ જ્યાં સુધી ચંદ્રહાસની પાસે રહી ત્યાં સુધી જે જે કાર્ય કર્યું તેમાં થાય છે. કેવાં કેવાં માનસિક અને પારિસ્થિતિક દબાણો વચ્ચે એને કાર્ય કરવાનું આવ્યું એ થોડું વિસ્તૃત રીતે જોવું રસપ્રદ બનશે. વિષયાને થોડા સમયમાં જ આ યુવકની ઓળખ કરવાની છે. એની સામે ચંદ્રહાસના સેવકો અને પોતાની સખીઓ, લીલી થયેલી વાડી જોવા ગયાં છે એ આવી જવાનું દબાણ છે. 'રખે કો દેખે સહિયર મુજ પેખે એમ દ્રષ્ટ રાખતી આડી' ('રખે' અને 'દેખે'ના પ્રાસની ઘનતા તપાસી જોવા જેવી છે) પોતાના માલિક સાથે વધારે સમય આ અજાણી સ્ત્રી રહે તો વફાદાર એવા ઘોડાનું અવાજ કરીને ચંદ્રહાસને જગાડી દેવાનું દબાણ છે. આ તો દિવસે સૂતેલો ચંદ્રહાસ છે એટલે એની નિંદર તૂટવાનો તો ભય છે જ. પછેડી ઓઢીને સૂતેલા આ યુવકનું મોઢું કેવી રીતે જોવું-પેછેડી ઉઘાડું ને એ જાગી જાય તો શું થાય? 'નિદ્રા-વશથી કેમ ઉઠાડું? પછી શું કહેવાશે?' આ બધાં દબાણો એની સામે છે. પછી પત્ર જોયા-ખોલ્યા બાદ આ દબાણોનો દાબ વધતો જાય છે. આવી પરિસ્થિતિમાં એણે જે કરવું હોય તે કરવાનું છે. આની સામે ચંદ્રહાસ સામે આવેલાં બધાં સંકટોમાં પ્રેમાનંદ અગાઉથી કંઈને કંઈ સંકેત મૂકીને તે તરી જવાનો છે એની ખાતરી શ્રોતાને આપી દે છે. પણ અહીં વિષયાની બાબતમાં એને ક્યાંય કવિએ આવો મોકો આપ્યો નથી. એટલે જ વિષયાનું પાત્ર આપણી સામે થોડો સમય રહે છે તો પણ અસર છોડી જાય છે. પત્રનું લખાણ વાંચીને હતપ્રભ થયેલી વિષયાને થોડું પણ આશ્વાસન સાંપડે એવી એક પણ બાબત નથી. સામે પક્ષે પરિસ્થિતિ બધી બાજુથી વિષયા પર જ દબાણનો ગાળિયો કસતી જતી હોય તેમ તંગી થતી જાય છે. પત્ર એમનેમ રહેવા દઉં તો હમણાં જ મારા ભાઈના હાથે આવો સોહામણો યુવક મારી નજર સામે જ મોતને ઘાટ ઉતરી જાય. અને

જો પત્ર જ લઈ લઉં તો? 'પત્ર લેઉ તો પાછો ફરી જાય, પરણ્યા વિના વિઘ્ન થાય.' એટલે વિષયા માટે આ સ્થિતિ 'સૂડી વચ્ચે સોપારી' જેવી થઈ છે. એ પોતાની સખીઓ સાથે, જળક્રીડા કરવા આવી છે એટલે પત્રમાં એક અક્ષર વધારવા કલમ અને ખડિયો તો પોતાની સાથે ન લાવી હોય! કલમનું અને શાહીનું કામ અન્ય હાથ-વગાં ઉપકરણો પાસેથી લેવાની સુધબુધ આવી સ્થિતમાં ક્યાં લેવા જવી? બુદ્દિધવાન અને સ્થિતપ્રજ્ઞ વિષયા રડતી આંખનું કાજળ અને તરણું તો મેળવી લે છે પણ આવા બનાવેલાં અન્ય ઉપકરણો વડે પિતાના જેવા જ અક્ષરમાં લખવું કેમ? -રડતી આંખે ને ધ્રુજતા હાથે એકલા કાગળિયામાં લખવું કેમ? આંસુ પડે ને અક્ષરો રેળાય તો? ધ્રુજતા હાથે પિતાના અક્ષરની આબાદ નકલ કેમ કરવી? પણ આ તો વિષયા છે
'તરણા વતે લખ્યું તારુણીએ, (ધરી) હૃદયા મધ્યે ધીર'

આમ આવી અનેક બાબતો પ્રેમાનંદનાં આખ્યાનો અને મધ્યકાળના સાહિત્યમાં આજના બહુઆયામી મનોરંજનના જમાનામાં પણ યુવાધનને સાહિત્યકાળનો નરવો તોષ આપે  એવું સામર્થ્ય છે. જરૂર છે તેના સુધી જવાની. આજની યુવાપેઢીને મોટા ભાગે હાર્ડફોર્મમાં રહેલા આ અમોલ સાહિત્ય પાસે લઈ જવી અઘરી છે ત્યારે 'એકત્ર ફાઉન્ડેશન' ઈ-બુકરૂપે આવું સાહિત્ય યુવાધનને સપડાવે  છે એની આપણા સાહિત્યજગતે નોંધ લેવી જોઈએ. રમણભાઈ જેવા યુગકાર્યો કરનારા વિદ્વાન આવી શ્રેણીની પરિકલ્પના કરે અને એને સાકાર કરવાનું જોમ દાખવે એ બાબત અમારા જેવા માટે પથદર્શક અને અનુકરણીય છે.

**–પ્રવીણ કુકડિયા**

૦૦૦

# આખ્યાન-કાવ્યનું સ્વરૂપ અને વિકાસગતિ

## ભૂમિકા – મધ્યકાલીન કથા-પરંપરા

ગુજરાતીની કથા-કથન-પરંપરા વિવિધ રૂપે વિલસી હતી. એની લાંબી સમૃદ્ધ પરંપરા રહી છે. જૈન કવિઓની ચરિત્રાત્મક કથાઓ **'રાસા'** નામે ઓળખાતી. જેમ કે ભરતેશ્વર બાહુબલિરાસ. એમાં કથાના નિમિત્તે સાંપ્રદાયિક ધર્મબોધ કેન્દ્રમાં રહેતો એ કારણે સંપ્રદાયમાં એનું ઝાઝું મહત્ત્વ રહેતું એ ખરું, પણ એમાં કથા પણ શ્રોતાઓને માટે એટલી જ રસપ્રદ રહેતી. પુરાણીઓ જે કથા કહેતા એમાં પૌરાણિક કથાઓ અને ચરિત્રોની ભવ્યતા પ્રભાવક બનતી. એના પરથી**ચરિત/ ચરિત્ર** નામનું કથા-રૂપ વિકસ્યું. જેમ કે જંબુસ્વામી ચરિત્ર. ત્રીજો પ્રકાર લોકવાર્તા કે **પદ્યવાર્તા**નો.શામળની લોકવાર્તાઓમાં મનોરંજન ભરપૂર હતું પરંતુ એની કૌતુકમય સૃષ્ટિ વાસ્તવિક કરતાં વધુ રંગદર્શી રહેતી હતી.

## આખ્યાનનો વિશેષ

એટલે, જીવાતા જીવનની સમાન્તરે રહીને આનંદદાયક બની શકે એવો કાવ્યપ્રકાર તો આખ્યાન જ હતો. એક તરફ એમાં ધાર્મિક-પૌરાણિક કથાનકોની ભવ્યતા ને પ્રેરકતા હતી જે આનંદ સાથે ધર્મલાભ પણ આપતી. તો બીજી તરફ એમાં તત્કાલીન જીવનની વિવિધ ભાતો હતી – શ્રોતાઓને આખ્યાન-કથાનકોનાં પ્રસંગો-પાત્રોની રજૂઆતમાં પોતાના જીવનનું પ્રતિબિંબ પણ દેખાતું. આખ્યાનમાં પ્રસંગોની ખીલવણી થતી ને પાત્રોનાં ઘેરાં ને વિસ્તારિત ચિત્રો આલેખાતાં; વનનાં, સ્થળનાં, પાત્રોનાં રસદાયક વર્ણનો થતાં; પાત્રો વચ્ચેના સંવાદો આલેખાતા; કથનની સાથે અભિનયનું તેમજ ગાયનનું તત્ત્વ પણ એમાં ઉમેરાતું.

આખ્યાનકાર અસરકારક ને ભાવવાહી કથન કરતો; સંસ્કૃત શૈલીની ભવ્યતા ઉપસાવતાં પ્રસંગાલેખનો કરતો; ક્યારેક છટાથી પાત્રો-પ્રસંગોની તીવ્ર રેખાઓ દોરતો ને તળપદા લહેકાથી પાત્રના ભાવોને તાદૃશ કરી આપતો; કથાની વચ્ચે આવતા લાગણીના ઉદ્રેકોને પદ-ગાનથી પણ અસરકારક બનાવતો. આખ્યાનકારોમાં માણભટ્ટો પણ હતા ને એ માણ (ધાતુની ગાગર) પર તાલ દઈને કથન-ગાનમાં શ્રોતાઓને તદ્રૂપ કરતા.

આ બધાને કારણે આખ્યાન વિવિધ વય-રુચિના શ્રોતાસમુદાયને મંત્રમુગ્ધ કરનારું મધ્યકાલીન સ્વરૂપ બન્યું હતું – નાટકની જેમ એ ભિન્નરુચિના સર્વ મનુષ્યોનું તૃપ્તિભર્યું સમારાધન કરતું.

**સંસ્કૃતિનું જતન**

આખ્યાનોએ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સંસ્કૃતિનું જતન કરવાનું વિશિષ્ટ કાર્ય પણ બજાવેલું. પ્રજાનો મોટો વર્ગ નિરક્ષર હતો. એથી ધર્મગ્રંથો, મહાકાવ્યો આદિ દ્વારા ધર્મ-જ્ઞાનના વારસાનું જાતે આકલન કરવાનું ને એ રીતે દૃષ્ટિને સ્થિર ને વિકસિત રાખવાનું એને માટે શક્ય ન હતું. ત્યારે આખ્યાનોએ પૌરાણિક-ઐતિહાસિક ચરિત્રોનાં – નરસિંહ, ચંદ્રહાસ, રામ, સીતા, નળ ,દમયંતી, કૃષ્ણ, આદિનાં – રસપ્રદ ને સાક્ષાત્કારક આલેખનો દ્વારા ધર્મ અને જીવનના આદર્શો સામાન્ય પ્રજાજનોમાં જીવતા રાખવાની ને એ રીતે એમની ધર્મશ્રદ્ધાને તથા એમની સંસ્કારિતાને સંકોરતા જવાની અપ્રતિમ સેવા બજાવી છે. પદ-ભજનાદિ ઊર્મિકવિતાથી જેમ પ્રજાની ધર્મકેન્દ્રીતા જળવાઈ એ જ રીતે આખ્યાન આદિ કથાત્મક કવિતાથી એમનામાંનો સંસ્કૃતિ-શ્રદ્ધાનો તાર જીવંત રહ્યો, સંસ્કારિતા પોષાતી રહી અને વિધર્મી આક્રમણો વખતે પણ આંતરિક બળથી ટકી રહેવાની એક પોષક શક્તિ એમને મળતી રહી.

ધર્મશ્રદ્ધા ભલે જીવનના કેન્દ્રમાં રહેલી હોય પણ જીવાતું જીવન કદી એક-વિધ રહી શકતું નથી. પ્રજાની ઉત્સવપ્રિયતા વિવિધતાનો એક મોટો સ્રોત બનતી હોય છે – એ ઉત્સવો ધાર્મિક પણ હોય અને સામાજિક પણ હોય. જન્મ, લગ્ન, સીમંત આદિ ઉત્સવોનું રૂપ જેટલું સામાજિક એટલું જ ધાર્મિક પણ રહેતું હતું. કૃષ્ણ-જન્મ, રુક્મિણીવિવાહ, સીતાસ્વયંવર આદિ, પૌરાણિક પાત્રો સાથે સંકળાયેલા ઉત્સવોને પ્રજાએ પોતાના સામાજિક-પારિવારિક ઉત્સવો સાથે ઓતપ્રોત કરેલા છે. નરસિંહ મહેતાએ કરેલા મામેરાના ‘વ્યવહાર’ નરસિંહના સમયથી લઈને છેક પ્રેમાનંદના સમયમાં તે તે સમાજના રીતિ-રિવાજને પ્રતિબિંબિત કરતા રહ્યા છે. આખ્યાનકારોએ જેમ તત્કાલીન સમાજજીવનના આ રંગોનું વૈવિધ્ય ગ્રહણ કર્યું એમ જ એમના શ્રોતાસમુદાયે, આખ્યાનકારોએ ખીલવેલા આ પ્રસંગોમાંથી વળી પાછું વિશેષ પોષણ પણ મેળવ્યું હશે. સંસ્કૃતિની એ પણ એક વિશિષ્ટ ભાત છે ને આખ્યાન જેવાં સ્વરૂપોમાં ઝિલાતી ને પ્રસરતી રહે છે.

### સ્વરૂપનાં લક્ષણોનો ક્રમિક વિકાસ

આખ્યાનનું સ્વરૂપ નીપજાવવામાં એક તરફ મહાકાવ્યોની કથાઓ, પુરાણોની કથાઓ  તથા તે સમયના જૈન રાસાઓ – કથા-કથનની એક પરંપરા રચવામાં કંઈક પ્રેરક બન્યાં. પરંતુ આ બધા કરતાં આખ્યાન મધ્યકાલીન ગુજરાતીનું એક વિશિષ્ટ સ્વરૂપ પુરવાર થયું એ એના ચિત્રાત્મક વાર્તાકથનની લાક્ષણિકતાને કારણે. મહાકાવ્યોમાં પહોળે પટે થતાં કાવ્યાત્મક વર્ણનો કેન્દ્રમાં રહે, પુરાણોમાં કથાઓ અને આખ્યાયિકાઓનું વટવૃક્ષ વિસ્તારથી આકાર ધારણ કરતું હોય જ્યારે આખ્યાન કોઈ એક પ્રસંગને – ઉપાખ્યાનને – લઈને કે એક ચરિત્રને લઈને ચાલતું હોય ને એ પ્રસંગ/ચરિત્રને બહેલાવીને રસાવહ કરવાની એની નેમ હોય. હેમચંદ્રાચાર્યે એમના **‘કાવ્યાનુશાસન’** નામના ગ્રંથમાં

આખ્યાન સંજ્ઞા ઉપાખ્યાન આદિના **અભિનયન્ પઠન્ ગાયન્**-માં જોયેલી એ બતાવે છે કે આવી કથા-રજૂઆતની એક પરંપરા હતી. પછીથી ગુજરાતી આખ્યાનમાં એ પરંપરા સ્વતંત્ર રીતે વિકસી.

**પદમાળાથી સંપૂર્ણ આખ્યાન તરફ**

ઊર્મિઆલેખન કરતા પદ જેવા પ્રકારોમાં પ્રસંગો ઉમેરાતાં ને સંકલિત થતાં કથાનું આછું રૂપ બંધાતું ગયું, એ આપણને સૌથી પહેલાં **નરસિંહ**માં જોવા મળ્યું. એનાં આત્મચરિતનાં પદો તથા ‘સુદામાચરિત’ પદમાળારૂપ આખ્યાનો તરીકે સંકલન પામતાં ગયાં. ભાલણના ‘રામબાલચરિત’માં પણ વિવિધ ભાવ-પરિસ્થિતિ આલેખતાં પદો છે. પરંતુ આ વિદગ્ધ કવિ આપણો પહેલો એવો કવિ છે જેણે મોટા પ્રમાણમાં પૌરાણિક કથા-વિષયોનું આલેખન કર્યું. એની આવી રચનાઓમાં સૌ પ્રથમ કડવાબંધ (=પ્રકરણબંધ) જોવા મળે છે – કથાના પ્રસંગોની એક સાંકળ રચાય છે, ને એથી આખ્યાનને એક સુબદ્ધ કથાપ્રકાર તરીકેનો આકાર મળે છે. આ કારણે જ **ભાલણ**ને આખ્યાન-કાવ્યપ્રકારનો પિતા કહેવામાં આવે છે.

**નાકર**માં આખ્યાનનું માળખું વધારે સ્પષ્ટ બને છે. આખ્યાનના આરંભે ‘મુખબંધ’ની પરંપરા હતી, નાકર કડવાને અંતે આવતા ‘વલણ’થી એને ઘાટ આપે છે. પૌરાણિક કથાનકોમાં સમકાલીન જીવનરંગો ઉમેરવાનું પણ નાકરથી આરંભાય છે ને **પ્રેમાનંદ**માં એ પૂર્ણ રૂપ પામે છે.

**આખ્યાનનાં ઘટકો**

આખ્યાન એ સળંગ કથા નહીં પણ પ્રકરણ-બદ્ધ, એકબીજા સાથે જોડાલાં જતાં પ્રકરણોમાં વિભાજિત કથા-કાવ્ય-પ્રકાર છે. એ પ્રકરણ એટલે **કડવું.** – આખ્યાનના વિવિધ પ્રસંગો એમાં પ્રકરણરૂપ

પામે છે. કડવું શબ્દ સંસ્કૃત કડવક પરથી આવેલો છે.કડવું સામાન્ય રીતે ત્રણ ભાગમાં વહેંચાયેલું હોય – ૧. પ્રસંગનો આરંભ કરતી એક (કે બે) કડીઓનો પ્રસ્તાવનાદર્શી **'મુખબંધ'** (કેશવલાલ હ. ધ્રુવે એને માટે 'મ્હોડિયું' શબ્દ પણ યોજ્યો છે.) ૨. એ પછી કડવાનો મુખ્ય પ્રસંગાલેખન-અંશ. એને ઢાળ કહેવાય. કોઈ એક દેશી(રાગઢાળ)માં એ આલેખાયું હોય. ૩. કડવાને અંતે સમાપ્તિસૂચક **'વલણ'**ની એક કડી હોય, જે જુદા છંદ/દેશીમાં હોય. (વલણને ક્યારેક 'ઊથલો' પણ કહેવાય છે.) વલણના કેટલાક શબ્દો બીજા કડવાના 'મુખબંધ' માં પુનરાવર્તિત થતા હોય એવું પણ જોવા મળે. આ રીતે સાંકળ જેવી રચનાનો એક ઘાટ પણ ઊપસે છે. વિવિધ કડવાંમાં વિવિધ દેશીઓ યોજાઈ હોય, કોઈ કડવું ક્યારેક ઉદ્રેકસભર પદ રૂપે પણ આલેખાતું હોય. આખ્યાનના આરંભે – પહેલા કડવામાં – કવિ ગણપતિ, સરસ્વતી કે કોઈપણ ઈષ્ટદેવની પ્રાર્થના કરે ને કથાવસ્તુને નિર્દેશતું મંગળાચરણ કરે ને પછી શ્રોતાઓને કથાપ્રવાહમાં આગળ લઈ જાય. આખ્યાનના અંતે ધર્મલાભ માટેની ફલશ્રુતિ હોય, ક્યારેક આખ્યાન રચ્યાનાં વર્ષ-માસ-તિથિનો ને સ્થળનો નિર્દેશ હોય ને કવિનામ(કવિપરિચય)નો નિર્દેશ પણ હોય. આખ્યાનનું આ એક વ્યાપક માળખું. બધા જ કવિઓનાં બધાં જ આખ્યાનોમાં આ સર્વ અંશો ન પણ હોય.

રોજરોજ શ્રોતાસમુદાય સામે કહેવાતું, વર્ણવાતું, ગવાતું – એક રીતે કહીએ તો 'ભજવાતું' – આખ્યાન દરરોજ એક કે બે કડવાંમાં કથારસ પીરસી, પછીના દિવસની કથાનું વિસ્મયભર્યું સૂચન કરી, પ્રત્યેક દિવસે શ્રોતાના રસને જાગતો રાખીને, છેવટે કથાની રસભરી પૂર્ણાહુતિ કરે.

આખ્યાનમાં — ઉત્તમ કવિઓનાં ઉત્તમ આખ્યાનોમાં — આજે પણ કથનકલા-નિપુણતાનો તેમજ કવિત્વનો આહ્‌લાદક અનુભવ થાય છે. સમય ઘણો વહી ગયો છે અને સંદર્ભ ઘણા બદલાઈ ગયા છે છતાં

આજે પણ આખ્યાન કથા અને કવિતાની સંતર્પકતાના અનુભવ સુધી આપણને લઈ જઈ શકે છે એ એની સિદ્ધિ છે.

અને આવી સિદ્ધિમાં સૌથી મોટો ફાળો છે કવિ પ્રેમાનંદનો.

– **શ્રે.**

## પ્રેમાનંદ : સમય, જીવન અને સર્જન

### ૧. સમય

મધ્યકાળના કવિઓએ પોતાના જીવન વિશે ભાગ્યે જ કશું કહ્યું હોવાથી એ કવિ ક્યારે થઈ ગયા એ નક્કી કરવાનું બહુ મુશ્કેલ – ક્યારેક તો અશક્ય – બની જાય છે. જો કે એક એવી પરંપરા હતી કે કવિ કાવ્યના અંતની કડીમાં પોતાનું નામ ગૂંથતો (એને નામાચરણની પંક્તિ કહેવાય) ને આખ્યાન-રાસ-પ્રબંધ જેવી લાંબી કૃતિઓને અંતે કાવ્ય લખ્યાનાં સ્થળ ને સમયની તેમજ ક્યારેક પોતાના પરિચયની થોડીક વિગતો પણ મુકાતી. બધી કૃતિઓને અંતે આવા નિર્દેશો ન પણ થતા. પણ આવા નિર્દેશો થયેલા હોય તે આજે કવિનો સમય નક્કી કરવામાં આપણને ખૂબ જ મદદરૂપ નીવડે છે.

પ્રેમાનંદની કેટલીક કૃતિઓને અંતે રચનાવર્ષના ઉલ્લેખો છે. જેમકે 'મદાલસા-આખ્યાન' ઈ.૧૬૭૨, 'નળાખ્યાન' ઈ.૧૬૮૬, વગેરે. એની પહેલી કૃતિ 'ઓખાહરણ' સંભવતઃ ૧૬૬૭માં અને 'રણયજ્ઞ' સંભવતઃ ૧૬૯૦માં રચાયેલી કૃતિઓ છે. 'ઓખાહરણ' પૂર્વે ૭-૮ વર્ષે એનું કાવ્યસર્જન આરંભાયું હોય ને 'રણયજ્ઞ' પછી 'દશમસ્કંધ' વગેરે કૃતિઓની રચનાનાં દસેક વર્ષ ગણીએ તો પ્રેમાનંદનો કાવ્યસર્જન સમય-કવનકાળ-ઈ. ૧૬૬૦ થી ઈ. ૧૭૦૦ આસપાસનો અનુમાની શકાય. પ્રેમાનંદે વીસેક વર્ષની વયે કાવ્યસર્જન આરંભ્યું હોય એમ ગણીએ તો પ્રેમાનંદનો જીવનકાળ ઈ. ૧૬૪૦ થી ઈ. ૧૭૦૦ સુધીનો – સત્તરમી સદીના ઉત્તરાર્ધનો – ગણાવી શકાય.

### ૨. જીવનસંદર્ભ અને કૃતિઓ

જે કૃતિઓને નિશ્ચિતપણે પ્રેમાનંદની જ ગણી શકાય એમ છે એ કૃતિઓમાંના ઉલ્લેખોને આધારે એટલું તારવી શકાય છે કે – પ્રેમાનંદ

વડોદરાનો વતની હતો. ('વીરક્ષેત્ર વડોદરું, ગુજરાત મધ્યે ગામ'); એના પિતાનું નામ કૃષ્ણરામ હતું ને એ મેવાડા બ્રાહ્મણ જ્ઞાતિનો હતો. 'ઉદરનિમિત્તે સેવ્યું સૂરત ને ગામ નંદરબાર' એવી એની પંક્તિને આધારે કહી શકાય કે જીવનનિર્વાહ માટે ('ઉદરનિમિત્તે') એણે આખ્યાનકારનો વ્યવસાય સ્વીકારેલો ને વડોદરાથી સુરત ને છેક ખાનદેશના નંદરબાર સુધી અનેક ગામોમાં ફરીને એણે આખ્યાન-કથન-ગાન કર્યું હતું. નંદરબારના એક પ્રતિષ્ઠિત આગેવાન શંકરદાસ દેસાઈનો એને આશ્રય મળ્યો હતો. એ રામભક્ત અને કૃષ્ણભક્ત હતો. છેલ્લે 'દશમસ્કંધ'ની રચના ને એનું કથન-ગાન એણે વ્યવાસાય માટે નહીં પણ અંગત ભક્તિ-ભાવ માટે કરેલાં. એ કાવ્યમાં એક પંક્તિ છેઃ 'રામચરણ-કમળ-મકરંદ, લેવા ઇચ્છે પ્રેમાનંદ.'

કવિ નર્મદે જાતે તપાસ કરીને કેટલીક માહિતી મેળવેલી એ મુજબ પ્રેમાનંદના દાદાનું નામ જયદેવ હતું; માતા-પિતાના અવસાન પછી એ માસીને ત્યાં ઊછરેલો અને આખ્યાનકાર - માણભટ્ટ તરીકે એણે સારું એવું દ્રવ્ય એકઠું કરેલું, કેમ કે કવિ નર્મદના સમયમાં એના વારસો પ્રેમાનંદે બંધાવેલા ઘરમાં રહેતા. એ સમયે એ ઘરની કિંમત ૧૦,૦૦૦રૂ. જેટલી હતી એવું નર્મદે નોધ્યું છે.

પરંતુ પ્રાચીન ભક્તો - કવિઓ વિશે અનેક દંતકથાઓ પણ પ્રચલિત હોય છે એવી પ્રેમાનંદ વિશે પણ હતી : પ્રેમાનંદ જડબુદ્ધિ હતો પણ કોઈ મહાત્મા ગુરુની કૃપાથી એને કવિત્વશક્તિ મળી હતી. (કાલિદાસ વિશેની આ પ્રકારની દંતકથા પણ સૌને યાદ હશે જ!) વળી, પુરાણીઓ સામે સ્પર્ધા કરવા એણે સંસ્કૃતમાં પુરાણો વાંચવાનું છોડીને ગુજરાતીમાં આખ્યાન-કથા કરવાનું શરૂ કરેલું.

આવી દંતકથાઓ ઉપરાંત અર્વાચીન કાળમાં (ઈ. ૧૮૮૪થી) હરગોવિંદદાસ કાંટાવાળાના સંપાદનમાં વડોદરાથી પ્રગટ થવા માંડેલાં 'પ્રાચીન કાવ્યત્રૈમાસિક' તથા 'પ્રાચીન કાવ્યમાળા'માં, વડોદરાના ને

ગુજરાતના કવિ પ્રેમાનંદનું ગૌરવ અનેકગણું વધારી દેવા માટે, કેટલીક કૃતિઓ એને નામે છાપીને પ્રકાશિત કરવામાં આવી. એટલું જ નહીં, કોઈ 'પ્રેમાનંદસુત વલ્લભ'ને નામે પણ કેટલીક કૃતિઓ પ્રકાશિત કરવામાં આવી. આ બનાવટી કૃતિઓમાં પ્રેમાનંદના જીવન વિશેની કેટલીક ઉપજાવી કાઢેલી વિગતો મળે છે એ ટૂંકમાં મૂકીએ તો –(૧) પ્રેમાનંદ હિંદીમાં રચનાઓ કરતો. એને કોઈ ગુરુએ કહ્યું કે તું 'ઉંબર મૂકીને ડુંગરને' કેમ પૂજે છે? ત્યારથી એણે ગુજરાતીમાં લખવા માંડ્યું ને ગુજરાતી ભાષાનું ગૌરવ સ્થાપિત ન થાય ત્યાં સુધી પાઘડી ન પહેરવાની પ્રતિજ્ઞા લીધી. (૨) પ્રેમાનંદનું બહોળું શિષ્યમંડળ હતું ને એમાં સ્ત્રીઓ પણ હતી. એ શિષ્યોને એણે ગુજરાતી રચનઓ કરવાનું કહી અન્ય ભાષાઓ કરતાં ગુજરાતીની કવિતા ચડિયાતી બનાવવા સંકલ્પ કરેલો. (૩) પ્રેમાનંદને તથા (પ્રેમાનંદસુત ગણાવાયેલા) વલ્લભને શામળ સાથે ઝઘડો થયેલો એના ઉલ્લેખો પણ, પ્રેમાનંદ તેમજ વલ્લભને નામે થયેલી એ બનાવટી રચનાઓમાં આવે છે.

આખ્યાનો જ નહીં, નાટકો પણ પ્રેમાનંદને નામે છપાવીને ચડાવી દેવામાં આવ્યાં હતાં. ને એમ પ્રેમાનંદને નામે ૪૫ થી ૫૦ કૃતિઓ પ્રગટ થયેલી છે. પરંતુ હવે સ્પષ્ટ થઈ ચૂક્યું છે કે આમાંની ઘણી આખ્યાનકૃતિઓ (ને બધાં જ નાટકો) કોઈ અર્વાચીન વિદ્વાનોએ પોતે લખીને પ્રેમાનંદને નામે ચડાવી દીધેલાં! એમાં સૌથી વધુ શંકા ગયેલી છોટાલાલ ભટ્ટ નામના વિદ્વાન(!) વિશે. વિચક્ષણ વિદ્વાન નરસિંહરાવ દીવટિયાને સૌ પ્રથમ, આ કૃતિઓની ભાષા-શૈલી વિશે શંકા થયેલી ને એમણે 'પ્રાચીન કાવ્યત્રૈમાસિક' અને 'પ્રાચીન કાવ્યમાળા'ના સંપાદકો પાસે મૂળ હસ્તપ્રતો માગેલી પણ એ આપી શકેલા નહીં. એ પછી કેશવલાલ ધ્રુવે પણ ઘણી કૃતિઓની પ્રમાણભૂતતા વિશે શંકા ઉઠાવેલી. બીજી કેટલીક કૃતિઓમાં ભેળસેળ પણ થઈ છે એટલે કે એમાં કેટલાક અંશો (જેમકે માર્કેંડેય પુરાણમાં મદાલસા આખ્યાન) પ્રેમાનંદની રચના

હોય ને બાકીનું એને નામે ચડાવી દેવામાં આવ્યું હોય.

પરિણામે વિદ્વાન સંશોધકોએ સતત શુદ્ધ ને પ્રમાણભૂત (વિશ્વાસપાત્ર) કૃતિઓ શોધવા મથવું પડ્યું છે. ડૉ. પ્રસન્ન વકીલે 'પ્રેમાનંદની શંકાસ્પદ કૃતિઓ' વિશે ઉત્તમ સંશોધનગ્રંથ પ્રકાશિત કરેલો છે. એ પછી પણ કેટલીક વિગતો પ્રકાશમાં આવતી રહી છે. પ્રેમાનંદને નામે બતાવવામાં આવેલી કેટલીક કૃતિઓની હસ્તપ્રતો મળી છે પણ એ કૃતિઓ અન્ય પ્રાચીન કવિની રચનાઓ સાબિત થઈ છે.

એટલે, જેને પ્રેમાનંદની જ કહી શકાય એવી ખાતરીપૂર્વકની, પ્રમાણભૂત કૃતિઓ આ મુજબ તારવી શકાય એમ છે : ઓખાહરણ (૧૬૭૧), અભિમન્યુ આખ્યાન (૧૬૭૧), ચંદ્રહાસ આખ્યાન (૧૬૭૧), મદાલસા આખ્યાન (૧૬૭૨), હૂંડી (૧૬૭૭), શ્રાદ્ધ (૧૬૮૧), સુદામાચરિત (૧૬૮૨), મામેરું (૧૬૮૩), સુધન્વા આખ્યાન (૧૬૮૩), રુક્‌મણીહરણનો શલોકો (૧૬૮૪), નળાખ્યાન (૧૬૮૬), રણયજ્ઞ (૧૬૯૦), એ ઉપરાંત, રચનાવર્ષ ન દર્શાવતાં, દશમસ્કંધ, શામળશાનો વિવાહ, રુક્‌મણીહરણ, વામન કથા, દાણલીલા, ભ્રમર પચીસી, પાંડવોની ભાંજગડ તેમજ સ્વર્ગની નિસરણી, ફૂવડનો ફજેતો, વિવેક વણઝારો (રૂપક કાવ્ય), વિષ્ણુસહસ્રનામ, બાળલીલા-વ્રજવેલ, મહિના. આ કૃતિઓમાં પણ ક્યાંક, છપાતી વખતે, ઉમેરણ - ફેરફારો થયા હોવાનો સંભવ છે. તેમ છતાં આ કૃતિઓ પ્રેમાનંદની હોવા વિશે એકમતી પ્રવર્તે છે.

## ૩. પ્રેમાનંદની સર્જકપ્રતિભા

આખાયે મધ્યકાળમાં પ્રેમાનંદ સૌથી મોટો પ્રતિભાવાન આખ્યાનકાર છે. એની પહેલાંની કે એના પછીની આખ્યાન કવિતાએ આટલું ઊંચું શિખર બતાવ્યું નથી. એટલું જ નહીં, અન્ય આખ્યાન-કવિતા-શિખરો કરતાં એ ઘણું વધારે ઊંચું છે. કેમકે કથન-કળામાં તેમજ કાવ્ય-કળામાં પ્રેમાનંદની પ્રતિભા વધારે તેજસ્વી છે ને સમયથી આટલે દૂર આપણા

સુધી પણ એની આભા ફેલાયેલી છે – આજના ભાવકની રુચિને પણ પ્રેમાનંદનાં આખ્યાનો સંતોષી શકે છે, બલકે ક્યારેક તો સંતર્પી પણ શકે છે.

પ્રેમાનંદની આ સર્જકશક્તિના કેટલાક વિશેષો જોઈએઃ

૧ પરંપરામાં સર્જકતાનો સંચાર

પરંપરાનો પ્રત્યક્ષ-પરોક્ષ પ્રભાવ ઝીલવો એ આરંભે કવિમાત્ર માટે સહજ હોય છે ને મધ્યકાળમાં તો પરંપરાનો પ્રત્યક્ષ-સીધો જ - લાભ ઉઠાવવો એનો પણ કશો છોછ ન હતો. પ્રેમાનંદે આપણી પૌરાણિક કથાસાહિત્યની લાંબી અને સમૃદ્ધ પરંપરાનો પૂરો લાભ લીધો છે. સંસ્કૃત કવિતાના સીધા કે અનુશ્રુત (સાંભળેલા) સંસ્કારો પણ એની કવિતા પર જોઈ શકાય છે. એના પુરોગામી ગુજરાતી આખ્યાનકારો ભાલણ, નાકર, વિષ્ણુદાસ વગેરેનાં આખ્યાનોના પ્રસંગ-અંશો ને ક્યાંય કાવ્ય-અલંકારણો પણ એણે અંગીકાર કરેલાં છે. – કાચી સામગ્રી તરીકે એણે ઘણું સ્વીકાર્યું છે તો ક્યાંક, નાકર જેવા એની પહેલાં થઈ ગયેલા કવિમાંથી તો, એણે 'પાકો માલ' – સીધી પંક્તિઓની પંક્તિઓ રૂપે – પણ લીધો છે.*(આ નિરીક્ષણ ડૉ. ચિમનલાલ ત્રિવેદીએ વએમના શોધગ્રંથ 'નાકર : એક અધ્યયન'માં કરેલું છે.) પૌરાણિક કથાનકોમાં મધ્યકાળના કવિઓએ જે પોતીકા ઉમેરા કરેલા છે એ પણ પ્રેમાનંદે એનાં આખ્યાનોમાં સામગ્રી લેખે ઉપાડી લીધેલા છે જેમકે એના 'નળાખ્યાન' માંના ખૂબ જાણીતા ઉમેરા –મત્સ્યસંજીવની અને હારચોરીના પ્રસંગો – સૌ પહેલાં નાકરમાં દેખાય છે ને પ્રેમાનંદે એ ત્યાંથી લીધેલા છે. જો કે પ્રેમાનંદે નમ્રતાથી પોતાના પુરોગામી આખ્યાનકારોની કવિતાનું આ ઋણ સ્વીકારેલું છે.

પૂર્વે જે જે કવિજન-વૈષ્ણવે કીધાં ચરિત્ર અપાર જી<br>
તે સઘળાંનો જોડ કરીને બાંધું શુભ આખ્યાન જી

('હારમાળા')

પરંતુ પ્રેમાનંદે એની સર્જકશક્તિથી આ પરંપરામાં પ્રાણ પૂર્યો છે – પ્રસંગની કથાકૌશલ વાળી ખીલવણીમાં, ચરિત્રોની બાહ્ય અને આંતરિક રેખાઓને નવાં રૂપો અને પરિમાણો આપવામાં, એને સમકાલીન જીવન-પ્રવાહનો સંસ્પર્શ આપવામાં ને કવિતાની સૂક્ષ્મ પણ તેજસ્વી લકીર ખેંચવામાં પ્રેમાનંદે પોતાની આગવી શક્તિનો પ્રભાવક પરિચય આપેલો છે. નમૂના લેખે એક જ દૃષ્ટાન્ત લઈએ તો – 'ચંદ્રાહાસ-આખ્યાન'માં, ચંદ્રહાસને 'વિષ દેજો'નું 'વિષયા દેજો' કરવાનો જાણીતો પ્રસંગ છે. વિષયા એ પત્રમાં 'યા' કેવી રીતે ઉમેરે છે? 'જૈમિનીય અશ્વમેધ'માં, આંબાના ઝાડનો રસ લઈ વિષયા નખથી એ અક્ષર ઉમેરે છે, એમ છે; નાકરમાં, દેવદારના વૃક્ષનું દૂધ કાઢીને એમાં 'કાજલ કિંચિત્ નેત્રનું ઉમેરી, અક્ષર કીધું શુદ્ધ' એવું આલેખન છે. આ કાજળવાળો વિચાર પ્રેમાનંદે નાકરમાંથી લીધો છે, પણ એનું આલેખન જુઓઃ

'એક નેત્રનું કાજળ કાઢ્યું, બીજા નેત્રનું નીર;
તરણા વતે લખ્યું તારુણીએ ધરી હૃદયા મધ્યે ધીર'
('ચંદ્રહાસાખ્યાન', કડવું ૧૫,કડી ૨૫)

પ્રેમાનંદે વિગતોનો, નાયિકાના સૂક્ષ્મ મનોભાવોને ઉપસાવવામાં ઉપયોગ કર્યો છેઃ પત્રમાં 'વિષ દેજો' વાંચીને, પ્રેમોત્સુક વિષયા ઘડીભર ધ્રૂજી ગઈ હશે ને એની આંખો ભીની થઈ હશે. પણ પછી પરિસ્થિતિ સંભાળી લઈને ('ધરી હૃદયા મધ્યે ધીર') કુશળતાથી એક નેત્રનું કાજળ તરણા પર લઈને બીજા નેત્રનું, આવીને જાણે કે ઠરી ગયેલું આંસુ ('નીર') ભેળવીને એણે લખ્યું હશે... આમાં, આ દૃશ્ય-વર્ણનની પડછે, એના ત્વરિત બદલાતા સંચારી મનોભાવો પણ આપણે જોઈ શકીએ છીએ. પ્રેમાનંદની કવિકલ્પનાનો એ વિશેષ છે. આખી કડીનો લય પણ, વિગતને અંતર્ગત રાખીને, સંવેદનના મરોડને સાક્ષાત્ કરી આપે છે.

પરંપરાને પ્રેમાનંદે સમકાલીન જીવન-પ્રવાહમાં ઓતપ્રોત કરીને

પણ વધુ વિકાસશીલ-ગતિશીલ કરી, વધુ જીવંત પણ કરી એ એની સર્જકશક્તિનો વિશેષ – કહો કે વિલક્ષણ વિશેષ છે. આ માટે, એના સૌ અભ્યાસીઓની થોડીક ટીકા ને ઝાઝી પ્રશંસા પ્રેમાનંદ પામ્યો છે. ન્હાનાલાલે પ્રેમાનંદને 'સૌથી વધારે ગુજરાતી કવિ' કહ્યો એમાં સૌ વિવેચકોનો જાણે પ્રતિનિધિ સૂર છે.

**૨. ઉત્તમ કથન-કળાકર**

પ્રસંગ ગમે હોય – શોકનો કે મિલન-વિરહનો; હાસ્ય-મજાકનો કે ગંભીર ચિંતાનો; સ્વયંવરનો કે ડરામણા વનમાં એકલી તરછોડાયેલી યુવતીનો; લગ્નનો, સીમંતનો કે પુત્રજન્મનો – પ્રેમાનંદ એને બહેલાવીને, રંગીને રજૂ કરી શકે છે, સતત એ રસપ્રદ બની રહે એ રીતે. વર્ણન-આલેખન-વાક્છટા પર એની એવી પકડ હોય છે કે કોઈપણ કથા-અંશને વિસ્તારીને પણ એ એને વેગીલો, પ્રવાહી રાખી શકે છે ને પ્રસંગના હાર્દને એ એવી રીતે પ્રગટ કરે છે કે એના શ્રોતાને (હવે વાચકને) એ એક ક્ષણ પણ તન્મયતામાંથી બહાર આવવા દેતો નથી. આ શક્તિ નાટ્યકારની શક્તિ છે – જયંત કોઠારીએ કહ્યું છે એમ 'પ્રસંગની નિગૂઢ નાટ્યાત્મકતા છતી કરવાની અજબ આવડત' પ્રેમાનંદમાં છે. 'કુંવરબાઈનું મામેરું'માં નાગરો દ્વારા થતી નરસિંહની અમાનવીય મજાક ને પછી દામોદર દોશી રૂપે ભગવાને કરેલા ભવ્ય મામેરામાં એ જ નાગરોની થતી વળતી ક્રૂર મજાકના પ્રસંગો; 'સુદામચરિત્ર'માં, કૃષ્ણને મળીને પાછા ફરતાં, પોતાના ઘરને બદલે મહેલ જોતાં ભ્રમિત થતા, અકળાતા- મૂંઝાતા સુદામાનો પ્રસંગ; 'ચંદ્રાહાસ-આખ્યાન'માં, બાગમાં સૂતેલા ચંદ્રહાસનના દર્શનથી લઈને એના પત્રમાં 'વિષ'નું 'વિષયા' કરતી વિષયાવાળો પ્રસંગ; 'નળાખ્યાન'માં સ્વયંવરમાં આવેલા રાજાઓની હાસ્યાસ્પદ લોલુપતા આલેખતો પ્રસંગ – એવા અનેક પ્રસંગોમાં પ્રેમાનંદની કથનકલા-શક્તિનો, ન ભુલાય એવો, આહ્‌લાદક અનુભવ થાય છે. અલબત્ત પ્રસંગને બહેલાવવામાં,

એના સમયમાં જે કંઈ રસપ્રદ ને મનોરંજક બન્યું હશે એ બધું આજે એવું રસાવહ નથી પણ લાગતું – ક્યાંક એમાં અનૌચિત્યના, પ્રેમાનંદની ટૂંકી પડતી કલ્પનાના, અપ્રતીતિકરતાના ને ક્વચિત ગ્રામીણતાના અંશો પણ આપણને જણાવાના. તે સમયની ને કવિની આટલી મર્યાદા સ્વીકારી લઈએ તો મોટાભાગના પ્રસંગાલેખનમાં પ્રેમાનંદનું કથન-કૌશલ સાચે જ આહ્લાદક છે.

### ૩. માનવ-ભાવોનું ઝીણવટભર્યું આલેખન

પ્રેમાનંદનાં આખ્યાનો, વ્યાપક રીતે જોઈએ તો જેટલાં પ્રસંગકેન્દ્રી લાગે એટલાં પાત્રકેન્દ્રી કદાચ ન પણ લાગે તેમ છતાં કુંવરબાઈ, નરસિંહ, સુદામા, દમયંતી આદિ હૃદયસ્પર્શી પાત્રો એણે આલેખ્યાં છે ને એનાં જાતિચિત્રો જેવાં ગૌણ પાત્રો – કુંવરબાઈની વડસાસુ, 'ઓખાહરણ'ની ચિત્રલેખા, 'રણયજ્ઞ'ની મંદોદરી, 'મામેરું'ના દામોદર દોશી કે નાગરો – પણ કેટલીક આકર્ષક રેખાઓ ઉપસાવે છે. પણ પ્રેમાનંદનું કૌશલ તો પરિસ્થિતિ-અંતર્ગત થતું પાત્ર-ભાવનું એટલે કે માનવભાવનું સૂક્ષ્મ ને અસરકારક આલેખન કરવામાં સૌથી વધારે પ્રગટ થાય છે. માનવમનની અવઢવ કે દ્વિધાના ભાવને જ લઈએ તો પણ પ્રેમાનંદમાં કેવાં ઝીણાં આલેખનો મળવાનાં! પિતાને મળવા જતી કુંવરબાઈની દ્વિધાગ્રસ્ત વેદના; અ-યાચક સુદામાની અવઢવભરી અકળામણ; વનમાં દમયંતીને ગુસ્સાથી એકલી છોડીને જતા નળમાં, દમયંતી પ્રત્યેના સ્નેહ-કર્તવ્યભાવથી થોડીકવાર જાગતી દ્વિધા વગેરે. પ્રેમાનંદે પૌરાણિક પાત્રોની આવી ભાવ-સ્થિતિઓ પોતાના સમયના જનસમુદાયના ભાવોની સમાન્તરે લાવીને આલેખી છે એમાં માનવ-સ્વભાવની અનેક લાક્ષણિકતાઓ એની ચકોર આંખે પકડી છે. ઓખા અને દમયંતીની લગ્ન-ઉત્સુકતા; કૃષ્ણ-સુદામાનો મૈત્રીભાવ; નણંદ-સાસુ-વડસાસુની અને સૌ નાગરોની પરપીડકવૃત્તિ અને એવા બીજા અનેક માનવભાવો – ઈર્ષ્યાના અને વેદનાના, લોભના અને ભયના; સ્નેહના અને શોકના

ક્યારેક વિગતે તો ક્યારેક કોઈ એક પંક્તિના લસરકાથી એણે આલેખી આપ્યા છે. પોતાના સમયના શ્રોતાસમૂહને પ્રસંગ-પાત્ર-પરિસ્થિતિમાં તન્મય કરવાના કથાકાર-ચાતુર્યને લીધે (અને નગીનદાસ પારેખે યોગ્ય રીતે બતાવ્યું છે એમ પૌરાણિક પાત્ર-માનસને ચક્ષુપ્રત્યક્ષ કરવાની એની કલ્પનાની અશક્તિને કારણે પણ) માનવ-ભાવ-આલેખન ક્યારેક અતિ સામાન્યતામાં સરી પડતું. પૌરાણિક પાત્ર-પ્રતિમાને ખંડિત કરનારું બન્યું છે એ પ્રેમાનંદની મર્યાદા પણ બને છે પરંતુ આવી વિપરિતતા અનુભવાતી ન હોય એવાં અનેક સ્થાનોમાં માનવભાવોની કોઠાસૂઝ તથા એને તાદશ્યતાથી, પ્રત્યક્ષીકરણથી રજૂ કરવાની એની અભિવ્યક્તિ-કુશળતા મધ્યકાળમાં તો અપ્રતિમ ગણાય એવી છે.

### ૪. કવિશક્તિઃ રસનિરૂપણ

જેમ કથન-કળા પ્રેમાનંદનો આગવો વિશેષ છે એમ એનું કવિત્વ પણ એટલું જ આકર્ષક છે. એના સમયના અનેક પ્રચલિત રાગ-ઢાળોને એણે પૂરા પ્રભુત્વથી યોજ્યા છે. અને એમાં પદ્યકારની સફાઈ અને લયસૂઝ ખૂબ ધ્યાનપાત્ર છે. પ્રકૃતિનાં, માનવસૌંદર્યનાં ને પ્રસંગોનાં વર્ણનોમાં, પ્રચલિત રૂઢતામાં એ કંઈક તણાયો હોવા છતાં એની આગવી રેખાઓ પણ ઊપસે છે એમાં એની કવિ-શક્તિનો ફાળો ઘણો મોટો છે. અલંકારોમાં એની વાગ્મિતા દેખાય છે તો એ સાથે જ પ્રસંગ-પાત્ર પ્રત્યક્ષ કરી આપતી ને ભાવના ઝીણા મરોડોને ઉપસાવી આપતી કવિ-કલ્પનાનું પ્રવર્તન પણ એમાં દેખાય છે.

કથાકેન્દ્રી કાવ્યોમાં રસનું નિરૂપણ મહત્ત્વનું ને કવિની શક્તિ કેટલી છે એનો હિસાબ આપનારું બનતું હોય છે. પ્રેમાનંદની રસનિરૂપણ શક્તિની બાબતમાં નવલરામની અત્યંત પ્રચલિત ઉક્તિ આજે પણ સ્વીકાર્ય લાગે છે, કે ‘રસની બાબતમાં  કોઈપણ ગુજરાતી કવિ એના

પેંગડામાં પણ ઘાલે એવો નથી'  પ્રેમાનંદના રસસંક્રાન્તિ-કૌશલની એમની વાત પણ એટલી જ સાચી છે. 'મામેરું' અને 'નળાખ્યાન'નો કરુણ રસ; 'મામેરું' અને 'સુદામાચરિત'નો ભક્તિરસ; 'ઓખાહરણ', 'નળાખ્યાન'માંનો શૃંગારરસ અને મુખ્યત્વે 'મામેરું', 'નળાખ્યાન' માંનો ને બીજાં ઘણાં આખ્યાનોમાંનો એનો હાસ્યરસ ખૂબ અહ્‌લાદક બલકે સ્મરણીય બનેલા છે. એક રસમાંથી બીજા રસમાં સહજ ગતિએ સરવાનું એનું કૌશલ તેમજ એક સાથે બે રસોનો યુગપત્  અનુભવ કરાવવાનું (જેમકે-'મામેરું'માં પહેરામણીની યાદી વખતે નાગરોના હાસ્ય ને કુંવરબાઈના કરુણમાં) પ્રેમાનંદની શક્તિઓ પ્રફુલ્લ બની રહી છે.

ભક્તિ, વાત્સલ્ય, બીભત્સ, વીર, ભયાનક, અદ્‌ભુત એવા રસો પણ પ્રેમાનંદે પ્રયોજ્યા છે પણ એનામાં મુખ્યત્વે કરુણ, હાસ્ય અને શૃંગારનું પ્રમાણ અને શક્તિ વધારે રહ્યાં છે; ઓખા, દમયંતી, નળ, વિષયાના શૃંગારભાવોનાં કેટલાંક માર્મિક આલેખનોમાં એનો શૃંગાર સૂક્ષ્મસ્તરે ઊતર્યો છે પણ મહ્‌દંશે એ રૂપવર્ણનોની પ્રચલિત કક્ષાએ રહે છે; એના કરુણ વધુ પ્રભાવક છેઃ કુંવરબાઈનો અને દમયંતીનો કરુણરસ એનાં ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. શ્રોતા(વાચકો)ને આર્દ્ર બનાવનારી, એમને તદ્રૂપ કરનારી શક્તિ એમાં પ્રેમાનંદે દાખવી છે. અલબત્ત, નાટકી કરુણ સુધી પણ એ વારંવાર સરે છે એમાં એ સમયના કથા-કાર તરીકેની એની વિલક્ષણતા કારણભૂત છે. એની કલ્પનાશક્તિનું સ્તર પણ એ માટે જવાબદાર છે.

હાસ્ય પ્રેમાનંદને વિશેષ ફાવતો રસ છે. સ્થૂળ હાસ્યમાં પણ એ ઘણીવાર ખેંચતો – ને પોતે ખેંચાતો હોય છે એમાં, ઉપર ગણાવી તે વિલક્ષણતા કારણરૂપ છે. છતાં માર્મિકતા ને સૂક્ષ્મતા પણ એના હાસ્યની મહત્ત્વની શક્તિઓ છે. કથાપ્રસંગો ને પરિસ્થિતિઓમાં એની નજર હાસ્યને ઝટ શોધી કાઢે છે –ક્યારેક તો મૂળ પ્રસંગમાં આછો નિર્દેશ

હોય ત્યાં, ને નવી પરિસ્થિતિ યોજીને પણ એ હાસ્યને માટે જગા કરે છે ને એને ઉત્તમ રીતે બહેલાવે છે. દમયંતીને વરવા તૈયાર થયેલા અનેક રાજાઓનું આલેખન – અને અલબત્ત, દેવોની દુર્દશાનું આલેખન – એનું મહત્ત્વનું ઉદાહરણ છે.

મધ્યકાલીન આખ્યાન, માણભટ્ટોના વ્યવસાય તરીકેની એક પ્રવૃત્તિ તરીકે પણ વધુ ને વધુ શક્તિઓથી વિકસેલું છે. એમાં પ્રેમાનંદ ટોચે છે. કથાકાર અને કવિની પ્રતિભાથી કથન-વર્ણન-ગાન-અભિનયનાં કૌશલ્યોને પૂરેપૂરાં પ્રયોજીને એક ઉત્તમ રજૂઆતકાર (પરર્ફોર્મર) તરીકે પ્રેમાનંદની એક શક્તિમંત કલાકારની પ્રતિમા ઊપસી છે.

**–શ્રે.**

o